પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૨-૭-૨૦૨૫, બુધવાર
વર્ષ: ૧૪, અંક: ૯૮


Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

આપની ચિંતા કરતો એક મિત્ર
આપની વ્યથા જાણતો એક
પાડોશી અને આપની ઈજ્જત
કરતો એક સંબંધી કોઈ પણ સંપત્તિ
કરતાં વધુ અમૂલ્ય છે

**‘ઘેલા સોમનાથ મહાદેવ મંદિર’નો થશે અભુતપૂર્વ વિકાસ**

(વાંચો છેલ્લા પાને)




**અમેરિકામાં આવેલા ઈસ્કોન મંદિરમાં 30 ગોળીઓ છૂટી!!**



**રાજ્ય બોર્ડની પરીક્ષામાં પ્રાથમિકમાં પાસ થવાનો દર ૯૬%ને પાર: જ્યારે માધ્યમિકમાં ૧૦૦% પરિણામ**



**ભારત-પાકિસ્તાનને કેદીઓના નામ આદાન-પ્રદાન કર્યા!!!**

### ગમત કે ગમત સાથે ગણતર..?

# દફતર વિનાનો શનિવાર વિદ્યાર્થીઓને બખ્ખા?: શિક્ષકો શું કરશે?

**બેગલેસ ડે અંતર્ગત બાળકોને ઈત્તર પ્રવૃતિ કરાવાશે બીજીબાજુ રાજ્યની ૫૩૮૫૧ માન્ય શાળાઓમાંથી ૬૩૩૨ શાળાઓ એવી છે, જ્યાં સમ ખાવા પૂરતા પણ રમતના મેદાન નથી!**



**અબતક, અમદાવાદ**

આઝાદી પહેલા અને આઝાદી પછી શિક્ષણ ક્ષેત્રે ઘણા શિક્ષણ પંચ,કમિશન અને શિક્ષણ નીતિઓ અમલમાં આવી.શિક્ષણ ક્ષેત્રે જેટલા પ્રયોગો અથવા તો અખતરા થયા છે,એટલા ભાગ્યે જ બીજા અન્ય ક્ષેત્રે થયા હશે.શિક્ષણ ક્ષેત્ર જ્યારે વિદ્યાર્થીના જીવન અને કારકિર્દીને સ્પર્શે છે,ત્યારે તેમાં અવનવા સુધાર થવા જોઈએ,પ્રયોગો થાય તે આવકાર્ય છે હવે રાજ્ય સરકારે ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં બેગલેસ ડેનું સેલિબ્રેશન થશે. જેમાં બાળકો દર શનિવારે સ્કૂલબેગ પુસ્તકો વિના શાળાએ આવશે અને (અનુ. આઠમા પાને)

### અમદાવાદની ૭૩ સ્કૂલોએ ધો.૧૦-૧૨ની માર્કશીટ લેવાની તસ્દી જ લીધી નથી

અમદાવાદ શહેરની ૭૩ સ્કૂલોની ગંભીર બેદરકારી સામે આવી હોવાનું જાણવા મળ્યું છે. આ સ્કૂલોએ ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની માર્કશીટ હજુ સુધી લીધી જ ન હોવાનું સામે આવ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૧૩ મેથી માર્કશીટનું વિતરણ કરવામાં આવ્યા બાદ પણ આ સ્કૂલોએ આળસ (અનુ. આઠમા પાને)

# સૂર્યનારાયણ ‘શક્તિ’માં રાજ્ય અવ્વલ: સોલાર રૂફટોપમાં દેશમાં એકલા ગુજરાતનો જ ત્રીજા ભાગનો હિસ્સો

**ફેબ્રુઆરી ૨૦૨૪ બાદ અત્યાર સુધીમાં રાજ્યમાં ૩.૭૩ લાખ સોલાર પ્રોજેક્ટ લાગ્યા, અત્યાર સુધીમાં સેંકડો લોકોએ સોલાર લગાવી ફાયદો મેળવવાનું શરૂ કર્યું**

**અબતક, અમદાવાદ**

ગુજરાત સરકાર છેલ્લા ઘણા વર્ષોથી સોલાર રૂફટોપને પ્રોત્સાહન આપી રહી છે. જેને પગલે ગુજરાત સમગ્ર દેશમાં સોલાર રૂફટોપ નખાવામાં પ્રથમ નંબરે છે. દેશમાં કુલ ઈન્સ્ટોલ થયેલા સોલાર રૂફટોપમાં ત્રીજા ભાગના સોલાર રૂફટોપ ગુજરાતમાં છે.

પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સૌર છત અપનાવવામાં ગુજરાતે પોતાનું મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. માહિતી અનુસાર, સમગ્ર દેશમાં આ યોજના હેઠળ કુલ છત સોલાર સ્થાપનોમાં ગુજરાતનો હિસ્સો ૩૨% છે. ફેબ્રુઆરી ૨૦૨૪ માં યોજના (અનુ. આઠમા પાને)



### સોલાર રૂફટોપ માટે રાજ્યમાં ૧૧૦૦થી વધુ એજન્સીઓ

એસોકેમની નવીનીકરણીય ઉર્જા સમિતિના અધ્યક્ષ કુંજ શાહે જણાવ્યું હતું કે, “ગુજરાતમાં સૌર ઉર્જા માટે પરિપક્વ ઈકોસિસ્ટમ છે. રાજ્યમાં છેલ્લા દાયકામાં સૌર પેનલ અને આનુષંગિક ક્ષેત્રોમાં મોટા પાયે રોકાણ જોવા મળ્યું છે. વધુમાં, ગુજરાતમાં સૌર છત માટે ૧,૧૦૦ થી વધુ એજન્સીઓ છે, જે એપ્લિકેશનો અને સ્થાપનો પર સમર્પિતપણે કાર્ય કરે છે. આનાથી ખાતરી થઈ છે કે અરજદારો શક્ય તેટલી ઝડપથી સૌર સ્થાપિત થાય. નવી યોજનામાં વધેલી સબસિડીએ રાજ્યમાં રૂફટોપ સોલારને અપનાવવામાં પણ ભૂમિકા ભજવી છે.“

### સુરત, અમદાવાદ અને રાજકોટ સોલાર ક્ષેત્રે ટોચ ઉપર

ડેટા અનુસાર, ગુજરાતના તમામ મુખ્ય શહેરો અને જિલ્લાઓમાં પીએમએસજી યોજના હેઠળ સોલાર રૂફટોપનો વ્યાપકપણે ઉપયોગ જોવા મળ્યો છે. સુરત જિલ્લામાં ૪૮,૨૭૫ ઈન્સ્ટોલેશન જોવા મળ્યા છે, જે અમદાવાદના ૪૪,૪૩૨ કરતા વધારે છે. હકીકતમાં, સુરત, અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં દેશના મોટાભાગના રાજ્યો કરતા વધુ સોલાર ઈન્સ્ટોલેશન છે. “જે શહેરોમાં ટેનામેન્ટ, રો-હાઉસ અને બંગલા જેવા રહેણાંક મકાનોની સંખ્યા વધુ છે ત્યાં એપાર્ટમેન્ટ કરતા સોલાર પાવરનો વધુ ઉપયોગ જોવા મળ્યો છે,“ એક ઉદ્યોગ સૂત્રએ જણાવ્યું.

### યુદ્ધ વિરામ થશે??.. ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝામાં ૫૮,૦૦૦થી વધુના મોત

# “જગત જમાદાર” ટ્રમ્પે ૬૦ દિવસના ગાઝાપટ્ટી યુદ્ધ વિરામનો દાવો કર્યો



**ટ્રમ્પે “ટ્રુથ સોશિયલ” પર પોસ્ટ કરી યુદ્ધવિરામ માટે ઈઝરાયલ સંમત થયાનો દાવો કર્યો**

**અબતક, રાજકોટ**

ઈરાન-ઈઝરાયલ બાદ હવે ગાઝામાં પણ યુદ્ધવિરામ આવશે તેવો દાવો જગત જમાદાર ટ્રમ્પે કર્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, ઈઝરાયલે ગાઝામાં ૬૦ દિવસના યુદ્ધ વિરામ પર સંમતિ દર્શાવી છે. જોકે ગાજા અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ૨૦૨૩ થી ૫૮,૦૦૦ થી વધુ ના મોત થયા છે.આ પ્રસ્તાવિત યુદ્ધવિરામ અમેરિકા, કતાર અને ઈજિપ્તની મધ્યસ્થીથી શક્ય (અનુ. આઠમા પાને)

### બમ બમ ભોલે...

# કડક સુરક્ષા વચ્ચે અમરનાથ યાત્રાનો પ્રારંભ

**પહેલગામમાં થયેલા આતંકી હુમલા તેમજ આ વર્ષથી હેલિકોપ્ટર સુવિધા બંધ રાખવામાં આવી હોવાથી ગુજરાતથી યાત્રાળુઓમાં ૮ ગણાથી વધુનો ઘટાડો નોંધાયો**



**અબતક, નવી દિલ્હી**

કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથ યાત્રા માટે યાત્રીઓના પહેલો સમૂહ જમ્મુથી રવાના થઈ ગયો છે. યાત્રી નિવાસ ભગવતી નગર, જમ્મુથી ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ પહેલાં સમૂહને લીલી ઝંડી બતાવીને રવાના કર્યા છે. અમરનાથ યાત્રા માટે લોકો આજે જમ્મુથી રવાના થઈ રહ્યા છે. ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ ભગવતી નગર બેઝ કેમ્પથી યાત્રાને લીલી ઝંડી આપી છે. યાત્રીઓ બપોર બાદ કાશ્મીર ઘાટી પહોંચશે, જોકે, મોટાભાગના લોકોની યાત્રાની શરૂઆત કાલથી થશે. ૩૮ દિવસ ચાલનારી આ યાત્રા પહલગામ અને બાલાટાલ બંને રૂટથી થશે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ સહિતના રૂટ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. યાત્રાનું સમાપન ૯ ઓગસ્ટે રક્ષાબંધનના દિવસથી થશે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા, જેમણે જમ્મુના તાવી રિવરફ્રન્ટ ખાતે ’તાવી આરતી’માં ભાગ લીધો હતો, (અનુ. આઠમા પાને)

# ૩.૫ કરોડ નોકરીઓનું સર્જન કરવા રૂ.૯૯,૪૪૬ કરોડની યોજનાને મંજૂરી

**કેબિનેટનો મહત્વપૂર્ણ નિર્ણય: વધારાના રોજગારી સર્જન માટે ઉદ્યોગોને માસિક રૂ.૩,૦૦૦ સુધીનું પ્રોત્સાહન મળશે**

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આગામી બે વર્ષમાં ૩.૫ કરોડ નોકરીઓનું સર્જન કરવા માટે રૂ.૯૯૪૪૬ કરોડની એમ્પ્લોયમેન્ટ લિન્કડ ઈન્સેન્ટિવ યોજનાને મંજૂરી અપાઈ છે. આ યોજના હેઠળ કર્મચારીઓ તેમજ નોકરીદાતાઓ બંનેને પ્રોત્સાહનો અપાશે.

પહેલી વખતના કર્મચારીઓને એક મહિનાનો પગાર (રૂ. ૧૫,૦૦૦ સુધી) મળશે, જ્યારે નોકરીદાતાઓને વધારાની રોજગારીના સર્જન બદલ બે વર્ષ માટે પ્રોત્સાહન અપાશે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે બીજા બે વર્ષ માટે લાભો પણ મળશે. ઈએલાઈ યોજનાની જાહેરાત કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫માં પાંચ યોજનાઓના પેકેજના ભાગ રૂપે કરાઈ હતી. ૪.૧ કરોડ યુવાનો માટે રોજગાર, કૌશલ્ય અને અન્ય તકો પૂરી પાડવા માટેની આ પાંચ યોજનાઓનો કુલ બજેટ ખર્ચ રૂ. ૨ લાખ કરોડ છે. આ યોજનાના કુલમાંથી ૧.૯૨ કરોડ લાભાર્થીઓ પહેલી વાર નોકરી કરનારા હશે.

આ યોજનાના લાભો ૧ ઓગસ્ટ, ૨૦૨૫ અને ૩૧ જુલાઈ, ૨૦૨૭ વચ્ચે સર્જાયેલી નોકરીઓ પર લાગુ (અનુ. આઠમા પાને)



### ઈએલઆઈ યોજના હેઠળનું પ્રોત્સાહન માળખું

| | |
|---|---|
| રૂ.૧૦ હજાર સુધી | રૂ.૧૦૦૦ મળશે |
| રૂ.૧૦થી ૨૦ હજાર સુધી | રૂ.૨૦૦૦ મળશે |
| રૂ.૨૦ હજારથી વધુ | રૂ.૩૦૦૦ મળશે |

● રૂ.૧૦ હજાર સુધીના ઈપીએફ વેતન ધરાવતા કર્મચારીઓને પ્રમાણસર પ્રોત્સાહન મળશે. નોકરી દાતાઓને લગભગ રૂ.૨.૬૦ કરોડ વ્યક્તિઓને વધારાની રોજગારીનું સર્જન કરવા માટે પ્રોત્સાહન આપવાની ધારણા છે.

**પ્રોત્સાહન ચુકવણી પદ્ધતિ:** યોજનાના ભાગ - એ હેઠળ પ્રથમ વખત કામ કરતા કર્મચારીઓને તમામ ચૂકવણીઓ આધાર બ્રિજ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને ડિબિટી મોડ દ્વારા કરાશે. ભાગ બી હેઠળ નોકરીદાતાઓને ચુકવણી સીધી તેમના પાન લિંકડ એકાઉન્ટમાં કરાશે.

# વોટ્સએપ દ્વારા કોમર્શિયલ મેસેજ ઉપરનું ભારણ વધારાયું

**પ્રતિ વાતચીતને બદલે પ્રતિ સંદેશ દર વસૂલવાનું શરૂ, થેન્ક યુ જેવા ઓટો રિપ્લે માટે રૂ.૦.૧૧ ચાર્જ રહેશે**

**અબતક, નવીદિલ્હી**

વોટ્સએપ બિઝનેશના ભાવના મોડેલમાં ફેરફાર થયો છે. જેથી કોમર્શિયલ મેસેજિંગ માટે વોટ્સએપનો ઉપયોગ કરતા વ્યવસાયોના માસિક બિલમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આનાથી કેટલાક વ્યવસાયો તેમના કોમર્શિયલ મેસેજિંગ વોલ્યુમને પરંપરાગત એસએમએસ અને ગૂગલ આરસીએસ જેવી અન્ય ચેનલો પર ફરીથી ફાળવવા માટે પ્રેરિત થઈ શકે છે. પરંતુ મેટા ખાતે બિઝનેસ મેસેજિંગના વાઈસ પ્રેસિડેન્ટ નિખિલા શ્રીનિવાસને જણાવ્યું હતું કે નવા મોડેલ હેઠળ વોલ્યુમ-આધારિત સ્તરો હવે કિંમતોને વધુ આકર્ષક બનાવશે. તેની વેબસાઈટ પરના નવીનતમ ભાવ અપડેટ અનુસાર, ૧ જુલાઈથી, વોટ્સએપ પ્રતિ વાતચીતને બદલે પ્રતિ-સંદેશ દર વસૂલવાનું શરૂ કરશે. અગાઉ, ૨૪-કલાકની ચેટ વિંડોમાં તમામ માર્કેટિંગ સંદેશાઓની કુલ કિંમત ૦.૭૮ રૂપિયા હતી. હવે, દરેક સંદેશની કિંમત ૦.૭૮ રૂપિયા હશે, જેનો અર્થ એ છે કે વ્યવસાયો માટે બિલેબલ વોલ્યુમ વધશે. “અમારી સાથે ખરીદી કરવા બદલ આભાર“ જેવા ઉપયોગિતા સંદેશાઓ માટે વોટ્સએપ હવે પ્રતિ સંદેશ રૂ. ૦.૧૧ ચાર્જ કરશે, જ્યારે ૨૪-કલાકની ચેટ વિંડોમાં સંદેશાઓની સંખ્યા પર કોઈ મર્યાદા નથી.



તેમ છતાં, યુટિલિટી મેસેજિંગ માટે વોટ્સએપની નવી કિંમત પરંપરાગત એસએમએસ સેવાઓ કરતાં ૦.૧૨-૦.૧૫ રૂપિયા સસ્તી છે, અને આરસીએસ પણ, જેની કિંમત ભારતમાં ૦.૨૦-૦.૨૫ રૂપિયા છે.

આ કરવાનું કારણ કિંમત માળખાને સરળ બનાવવાનું છે. મોટાભાગના વ્યવસાયો તેમના બજેટની ફાળવણી કેવી રીતે કરે છે તે વિશે આ રીતે વિચારે છે અને પ્રતિ સંદેશ ભાવ તેમના માટે ખૂબ સરળ બનાવે છે કારણ કે તે વધુ આગાહી લાવે છે. તે વધુ મૂલ્યવાન અને ઉપયોગી છે,“ શ્રીનિવાસને કહ્યું.

જોકે, સર્વિસ એગ્રીગેટર્સે જણાવ્યું હતું કે સાહસો હવે વોટ્સએપ પર નિર્ભરતા ઘટાડવા અને સસ્તી ચેનલો પર વોલ્યુમ (અનુ. આઠમા પાને)



## વિશ્વ UFO (ઉડતી રકાબી) દિવસ

# અજાણી ઉડતી વસ્તુઓ અને બહારની દુનિયાના જીવનની શક્યતાઓ

**આ ઉજવણી એવા લોકોને એક સાથે લાવે છે, જેઓ અવકાશ, અજાણ્યા અને પૃથ્વીની બહાર છુપાયેલા રહસ્યો છે. આકર્ષાય છેઃ ૧૯૪૭ની રોઝવેલની ઘટનાની યાદમાં આ દિવસ ૨૦૦૧ની સાલથી ઉજવાય છે**



દુનિયામાં આપણી પૃથ્વી પર જ જીવન છે, પણ અવકાશી વિજ્ઞાન ચંદ્ર - મંગળ જેવા વિવિધ ગ્રહો પર જીવન માટે જરૂરી પાણી છે કે નહી સાથે ત્યાં માનવ વસાહત છે કે નહીં તેની શોધ કરી રહ્યાં છે, અવકાશી ગ્રહોની વાત આવે ત્યારે UFO (ઉડતી રકાબી) ની વાત સૌ પ્રથમ આવે છે. આજે વિશ્વ યુફો ઉડતી રકાબીનો દિવસ છે. આ ઘટના અજાણી ઉડતી વસ્તુઓ અને બહારની દુનિયાના જીવનની શક્યતાની વાત કરે છે. આ ઉજવણી એવા લોકોને એક સાથે લાવે છેઃ જેઓ અવકાશ, અજાણ્યા અને પૃથ્વીની બહાર છુપાયેલા રહસ્યોથી આકર્ષાય છે. વિશ્વમાં તેની સૌ પ્રથમ ઘટના રોઝવેલની જોવા મળેલ તેથી તેની યાદમાં આ દિવસ ૨૦૦૧ ની સાલથી ઉજવાય છે. ઉડતી રકાબી હાલમાં અજ્ઞાત છે, ઘણી વખત તપાસ સાથેના દ્રશ્યોને તાર્કિક સમજુતી મળે છે, પણ વિશ્લેષણ બાદ પણ ઘણી માહીતી રહસ્યમય જ રહે છે. આજનો દિવસ તેના વિશે જાગૃતિ લાવવાનો છે. આ દિવસ અસ્પષ્ટ દ્રશ્યો પર ચિંતન કરવાનો, વૈજ્ઞાનિક તપાસને ટેકો આપવાનો અને અજાણી ઉડતી વસ્તુઓ પર જાહેર ચર્ચાને પ્રોત્સાહન આપે છે. આજે આકાશ નિરિક્ષણ તેની આધારભૂત ડોકયુમેન્ટરી જોવા સાથે વિજ્ઞાન જુથોમાં ચર્ચા ઘણા રસ ધરાવતાં કરતાં હોય છે. વિદ્યાર્થી અને યુવા ધને ખગોળ શાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને એરોસ્પેસ ટેકનોલોજી વિશે વધુ જાણવું શિખવું અને અન્યોને પ્રેરિત કરવા જોઇએ. આજે લોકોમાં ઉડતી રકાબી - એલિયન જીવની શક્યતા સાથે તરહ તરહ વાતો થાય છે. પણ કોઇને અવકાશી યુગ તથા વિવિધ ગ્રહો વિશે જાણવું નથી. UFO નો અર્થ 'અન આઇડેન્ટિ ફાઇડ ઈલાઈંગ ઓ બજે કટ' થાય છે. તે આકાશમાં દેખાતી કોઈપણ વસ્તુનો ઉલ્લેખ કરે છે, જેને કુદરતી કે માનવસર્જિત સ્રોતો દ્વારા સરળતાથી ઓળખી કે સમજાવી શકાતી નથી. તે ઘણીવાર ઉડતી લાઈટસ ડિસ્ક કે આકાર તરીકે દેખાય છે, અને એલિયન અવકાશ યાન વિશેની અટકળો સાથે જોડાયેલા છે. આ વિષય ઉપર ઘણી બધી અંગ્રેજી અને હિન્દી ફિલ્મો આવી હતી, જે ખુબ જ સફળ રહી હતી. ૧૯૪૭માં પ્રથમવાર જોવા મળેલ ઉડતી રકાબી એક વિમાન પાયલોટે જોઇ હતી. આજે ૭૮ વર્ષે જિજ્ઞાસાને પ્રેરણા આપે છે, અને લોકોને બ્રહ્માંડ ના રહસ્યોનું અનવેષણ કરવા પ્રોત્સાહીત કરે છે.


**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

કોઈ નકકર પુરાવા વિના પણ, આ દિવસ વિશ્વભરમાં ઉત્સાહ અને આશ્ચર્ય સાથે ઉજવાય છે. આજે પૃથ્વી બહારના જીવન વિશે લોકો ખુલ્લે આમ વાત કરે છે. દુનિયાભરમાં, આકાશમાં અસામાન્ય પ્રકાશ કે વિચિત્ર ઘટનાઓ માનવીઓને હંમેશા અન્ય દુનિયાના જીવો વિશે ઉત્સુક રાખે છે. ફિલ્મો અને ટેલિવિઝન શ્રેણીઓ આપણી કલ્પનાને જીવંત રાખે છે. જયારે તેની વાત થાય ત્યારે કાવતરાના સિધ્ધાંતો મુખ્ય હોય છે. પહેલા ૨૪ જુન અને આજે એમ બે દિવસમાં ઉજવાતો પણ મુંઝવણ દુર કર્યા બાદ આજે સમગ્ર વિશ્વ ઉજવે છે.

આપણી પૃથ્વી પર વર્ષોથી પરગ્રહ વાસીઓ એટલે કે એલિયન્સને લઈને ઘણા મતમતાંતરો જોવા મળે છે. આપણા વિશાળ બ્રહ્માંડમાં અબજોની સંખ્યામાં આકાશ ગંગા ફેલાયેલી છે, ઘણી આકાશમાંથી ખરતા તારાઓ પણ આપણે જોઈએ છીએ. ત્યાંથી આપણને સંદેશો મોકલે કે તેઓ યાન સાથે આપણી પૃથ્વી પર આવે તેવી વાતો પણ જોવા મળે છે. તે એક કાલ્પનિક લાગતી આ સંકલ્પના સાચી કે ખોટી છે, તે એક પ્રશ્ન છે. ઉડતી રકાબીની આધિકારિક પૃષ્ટિ આજ સુધી થઈ નથી, પણ ચર્ચા વર્ષોથી થઈ રહી છે. ઘણા લોકો ઉડતી રકાબીને પર ગ્રહવાસીઓના અવકાશ યાન તરીકે ઓળખે છે. પ્રાચિન ઈજિપ્તના રાજાએ પણ આવા દ્રશ્યો જોયા હોવાની વાત છે. તેના અભ્યાસ કરતી શાખાને 'યુફોલોજી' કહે છે. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં ઉડતી રકાબી જોવા મળ્યાના કિસ્સાઓ નોંધાયા છે.




UFO કે ઉડતી રકાબીનું નામકરણ ૧૯૪૭માં કેનેથ આર્નોલ્ડ નામના અમેરિકન વિમાન ચાલકે આપેલ હતું. ઘણીવાર તેની ચર્ચામાં જાહેર હિત અને બહારની દુનિયાના જીવન અંગે સરકારી ગુપ્તતા અંગેના કાવતરાની પણ વાત થાય છે. ઘણીવાર લશ્કરી સ્થાપના નજીક ઘણી ઉડતી રકાબી જોવા મળે છે, તેના શોધ સંશોધનો માટે વૈજ્ઞાનિકો વર્ષોથી મહેનત કરી રહ્યાં છે, પણ હજી સફળતા મળી નથી. નાસા, ઈસરો જેવી સંસ્થા પૃથ્વી સિવાય બીજા કયાં ગ્રહ પર માનવજીવન, વાતાવરણ, પાણી જેવી મહત્વની બાબત પર શોધ - સંશોધન કરી રહ્યાં છે.

આજનો દિવસ જનજાગૃતિ સાથે આકાશમાં દેખાતી ઘણી અજાણી ચીજ વિશે જાણકારી મેળવીને શેર કરવી જોઈએ. ૧૫૬૧ તથા ૧૮૯૭ માં પણ આવી વસ્તુ જોવા મળી હતી. એક એવી પણ વાત છે કે પવન ચકકી સાથે ઉડતી રકાબી ભટકાઈ હતી, જેનો કાટ માળ પણ જોવા મળેલો, એક વિચિત્ર પ્લેન ક્રેશના કાટમાળમાં એક શબ મળેલ જે એલિયન જેવું લાગતું હતું.

**ઉડતી રકાબી હાલમાં અજ્ઞાત છે, ઘણી વખત, તપાસ સાથે, આ દ્રશ્યોને તાર્કિક સમજુતી મળે છે, પરંતુ વિશ્લેષણ બાદ પણ ઘણી માહિતી રહસ્યમય રહે છે**

# બધાની સેવા કરે છે, તેમ છતાં પોતાનો સ્વાર્થ જોતો નથી એ વ્યક્તિને નિર્મોહી સમજવો

**નિર્મોહી વ્યક્તિ સફળતા કે નિષ્ફળતામાં તટસ્થ રહે છે**

નિર્મોહી શબ્દ સંસ્કૃત ભાષા પરથી ઉતરી આવ્યો છે.જેમાં 'નિઃ' અર્થાત વિના અને 'મોહ' અર્થાત મોહિત થવું અથવા મોહ કે આસક્તિ. નિર્મોહી એટલે એવો મનુષ્ય જે કોઈ પ્રકારની મોહ માયામાં બંધાતો નથી,જેને કોઈ વસ્તુ,વ્યક્તિ કે પરિસ્થિતિ સાથે આસક્તિ ન હોય. નિર્મોહી વ્યક્તિ સમજણ અને તટસ્થતાથી તેમજ સાચા વિવેક સાથે જીવન જીવતો હોય છે.

પૌરાણિક તથા આધ્યાત્મિક વિચારો એવું માને છે કે મનુષ્યના દુઃખોનું મૂળ જ મોહ છે.મનુષ્ય જ્યારે મોહમાં ફસાઈ જાય છે ત્યારે તે સાચું ખોટું વિચારી શકતો નથી તેમજ ભ્રમમાં જીવવા લાગે છે.મોહના પ્રભાવથી પોતાના કર્તવ્યથી વિમુખ થઈ જાય છે અને સાંસારિક બંધનોમાં બંધાઈ જાય છે.આનાથી વિપરીત જે મોહથી મુક્ત છે તે નિર્મોહી છે. નિર્મોહી વ્યક્તિ સાદગીથી જીવન જીવે છે.તેને ન પોતાની સંપત્તિનું અભિમાન હોય કે ન પત્ની, પુત્ર, પરિવાર કે મિત્રો અંગે આસક્તિ હોય ! તે બધાને પ્રેમ કરે છે, સૌનું સન્માન કરે છે.તેમ છતાં કોઈ પર અધિકાર જમાવવાનો અથવા પોતાના પોષણ માટે આસક્ત થવાનો પ્રયાસ નથી કરતો.તેની નજરે સંસાર એક નાટક સમાન છે અને પોતે એ નાટકનો કલાકાર છે.



એવું માનીને કર્તવ્ય પાલન કરે છે. તેને હર્ષ અને શોક બન્ને સમાન લાગે છે. નિર્મોહી વ્યક્તિ સફળતા કે નિષ્ફળતામાં તટસ્થ રહે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા અને ઉપનિષદોમાં નિર્મોહીપણું હોવું એક ગુણ તરીકે ગણવામાં આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે જે વ્યક્તિ મોહ અને મમતા ત્યાગે છે તે જ સાચો યોગી છે.જે પોતાનો ધર્મ, કર્તવ્ય અને સાધના મોહમાયા વિના કરે છે, તે જ મોક્ષ પામે છે.

નિર્મોહી મનુષ્યને શાંતિ મળે છે કારણ કે તે ચિંતા, ડર અને અસંતોષથી દૂર રહે છે. તે હંમેશા સકારાત્મક જીવન જીવે છે.સંસારના ચઢાવ-ઉતારથી તેનાં મનની શાંતિ ભંગ થતી નથી. નિર્મોહી થવાથી માનવીના સંબંધો પણ વધુ મજબૂત બને છે, કારણ કે તે આસક્તિ વગર નિષ્કપટ પ્રેમ કરે છે. આજના યુગમાં જ્યાં માનવી પ્રતિસ્પર્ધા, લાલચ અને અપેક્ષાઓમાં બંધાયો છે, ત્યાં નિર્મોહી બનવું મનની શાંતિ માટે અત્યંત જરૂરી છે.પોતાની શક્તિઓને સાર્થક દિશામાં વાપરવા અને કર્તવ્ય પાલન કરવા નિર્મોહી બનવું જરૂરી છે. આથી, નિર્મોહી એટલે એવી અવસ્થા કે જ્યાં મનુષ્ય મોહમાયાથી મુક્ત થઈ એ શાંત અને સચેત અવસ્થા પામે છે. નિર્મોહી હોવું એ ન કાર્યોનો ત્યાગ છે, ન સંબંધોનો ત્યાગ છે, પણ મોહનો ત્યાગ છે, જે જીવને સાચા અર્થમાં મુકત કરે છે. નિર્મોહી માનવી એ છે કે જે આસકિત, મમતા,લાલચ કે કોઈપણ પ્રકારની મોહમાયા વગર જીવન જીવે છે.તે સંસારના બંધનોમાં બંધાતો નથી, પણ પોતાની જવાબદારી અને કર્તવ્ય નિષ્કપટપણે નિભાવે છે.તે સંબંધોથી દૂર નથી ભાગતો પણ તેમને મોહ વિના સાચવી રાખે છે. જ્યારે કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુન પોતાના સગા-સંબંધીઓ સામે યુદ્ધ કરવાના સમયે મોહમાં પડી જાય છે. જ્યારે શ્રીકૃષ્ણ નિર્મોહી રહે છે.તેઓ કહે છેઃ 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' 'કર્મ કરતા રહે, ફળની આશા મારા પર છોડી દે.' અર્થાત કર્તવ્ય કરતા રહેવું પણ મોહમાં ન પડવું જોઈએ..પાંડવો પોતાના સગા-સંબંધી સામે યુદ્ધ કરે છે,કારણ કે એ અધર્મનો નાશ કરવાનું કૃત્ય છે. શ્રીકૃષ્ણ કોઈ પણ પ્રકારનો મોહ રાખતા નથી કે કૌરવો તેમના સગા છે કે નહીં. તેઓ ધર્મની જ તરફેણ કરે છે.

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઇ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

આવું જ બીજું દષ્ટાંત રાજા જનકનું છે. પ્રાચીન કાળમાં રાજા જનકનું રાજપદ,વૈભવ, પરિવાર વગેરે હોવા છતાં તેઓ સદાય નિર્મોહી હતા.તે રાજકીય કાર્યો કરતા હતા, ભોગ ભોગવતા હતા પણ અંતરમાં આસકિત નહોતી.ઉપનિષદો તેમને 'વિદ્યા પ્રાપ્ત જનક'અથવા 'વિદેહ જનક' તરીકે ઓળખાવે છે.એટલે કે ભૌતિક વસ્તુઓમાં મોહ વિનાના રાજા. આ દષ્ટાંતો આપણને શીખવે છે કે નિર્મોહી એ છે કે જે પોતાની સેવા કે પ્રેમમાં આસક્તિ નથી રાખતો.તે સહજ અને તટસ્થ રહે છે. કોઈપણ વ્યક્તિ પોતાનો ધંધો ખૂબ મહેનતથી કરે છે.સફળ થાય તો ગર્વ નથી કરતો,નિષ્ફળતા આવે તો પણ દુઃખી થતો નથી.ઘરમાં બધાની સેવા કરે છે,તેમ છતાં પોતાનો સ્વાર્થ જોતો નથી.એ વ્યક્તિ નિર્મોહી સમજવો. નિર્મોહી મનુષ્ય હંમેશા શાંતિમાં રહે છે. આનંદ કે દુઃખ બંનેને સમાન માને છે.તેની અંદર સ્વાસ્થ્ય, સંતુલન અને કર્તવ્ય નિષ્ઠા હોય છે.તે સંસારના બંધનોમાં જીવતો હોવા છતાં અંતરમાં મુક્ત હોય છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૩.૭.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, આષાઢ સુદ આઠમ, હસ્ત નક્ષત્ર, પરિઘ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે, ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે, દિવસ માધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે,સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.

**મિથુન (ક,છ,ઘ) :** નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય, દિવસ સારો રહે.

**કર્ક (ડ,હ) :** ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો,આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.

**સિંહ (મ,ટ) :** લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે, ધાર્યા કામ પાર ના પડે.

**કન્યા (પ,ઠ,ણ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.

**તુલા (ર,ત) :** લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે, પૂજા પાઠથી બળ મળી રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :** વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય, જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** મનમાં નવા તાજા વિચારો અને હકારત્મકતાથી લાભ થાય, લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરુરુ છે.

**મકર (ખ,જ) :** જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે, સમજી ને ચાલવું.

**કુંભ (ગ,સ,શ) :** નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે, કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.

**મીન (દ,ચ,ઝ,થ) :** તમારી જાતને અંદરથી ઓળખી શકો, આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

# વિસનગરઃ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં માનવ મુલ્યોના પાઠ ભણાવાયા

**સામાજીક અને રાજકીય આગેવાન ઉપસ્થિત રહ્યા**

**અબતક,રાજકોટ**

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગરનાં આઈકેએસ સેન્ટર અને ૨૩ થી ૩૦ જૂન ૨૦૨૫ દરમિયાન ફેકલ્ટી માટે સાર્વભૌમિક માનવ મૂલ્ય પર આઠ દિવસનાં ઑફલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બી.એચ. તલાટી, આઈ.એ.એસ., ડાયરેકટર, ડિરેક્ટોરેટ ઑફ ટેકનોલોજિકલ એજ્યુકેશન અને ડો. હસમુખ પટેલ, ચેરમેન જીપીએસસી તથા નિવૃત્ત આઈપીએસ અધિકારીઓ વર્ચ્યુઅલ રીતે હજાર રહ્યા હતા. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીનાં પ્રેસિડેન્ટ પ્રકાશ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ સમાપન સમારોહનું ઉદઘાટન યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાની, ડાયરેકટર ટેકનિકલ ડો. હેતલકુમાર શાહ, પ્રિન્સિપાલ ડો. પિયુષકુમાર પટેલ, અને એઆઈસીટીઈમાંથી આવેલ પ્રતિનિધિ ડો. યશવંત પાટિલ, અને ડો. મણિલાલ અમીપરા સાથે મળીને કર્યું હતું. મુખ્ય મહેમાન તરીકે વર્ચ્યુઅલ રીતે હાજર રહેલ.તેમણે આ માનવીય મૂલ્યો વિધાર્થીઓને કેવીરીતે શીખવવા તે જણાવવામાં આવ્યું. યુનિવર્સિટિના પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાની દ્વારા આધુનિક સમાજમાં માનવીય મૂલ્યોને સમજવાની અને તેના સંસ્કારની સમજણ કેળવવાપર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં ભારત દેશનાં જુદા-જુદા રાજ્યોમાંથી અને ગુજરાતમાંથી મળીને ૧૦૦ થી વધારે અધ્યાપકોએ હાજરી આપી હતી. લોકલ પ્રોગ્રામ કોઓર્ડીનેટર તરીકે ડો. જે. જે પટેલ અને ડો. વિકાસ ભાવસાર તથા અન્ય સ્ટાફ મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગદાન આપેલ હતો.



## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૨-૦૭-૨૦૨૫ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોટેજ ચીઝ ફ્લાવર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (અબેકસ કોષ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કાકાની કમાણી પાડોસણ માં સમાણી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૩-૦૭-૨૦૨૫ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૩-૭-૨૦૨૫ ગુરૂવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિઃ ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | અષાઢ શુદ આઠમ |
| નક્ષત્ર | હસ્ત |
| યોગ | પરિઘ કરણઃ બાલવ |
| સુર્યોદય | ૬.૦૮ સુર્યાસ્તઃ ૭.૩૪ |
| ચંદ્ર રાશી | કન્યા ગુરૂવારની રાત્રે ૩.૨૦થી તુલા |
| રાશિ અક્ષર | પ.ઠ.ણ/ર.ત. |
| દિશાશૂળ | દક્ષિણ દિશા તરફ |
| રાહુકાળ | બપોરે ૧.૩૦ થી ૩ |
| દિવસનાચોઘડીયા | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ |
| રાત્રીનાચોઘડીયા | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૩ થી ૧.૧૭ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | ૩ | | | ૭ |
| | | | | ૧ | | | ૮ | |
| | | | ૯ | | | | | |
| | | ૯ | | | | | ૧ | |
| | | ૨ | ૫ | | ૯ | ૮ | | |
| ૬ | | | | ૪ | | ૩ | | |
| | | | | | ૨ | ૫ | ૭ | |
| ૩ | ૬ | | | | ૧ | | | |
| | ૪ | | | | | ૯ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૩૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૮ | ૫ | ૭ | ૩ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૩ | ૫ | ૯ | ૬ | ૨ | ૭ | ૧ | ૮ |
| ૭ | ૧ | ૬ | ૬ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ |
| ૮ | ૪ | ૩ | ૧ | ૨ | ૯ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૨ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૩ | ૯ |
| ૧ | ૮ | ૯ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૨ |
| ૬ | ૭ | ૪ | ૨ | ૧ | ૮ | ૩ | ૯ | ૫ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૯ | ૬ | ૮ | ૭ | ૧ |

## ડોનાલ્ડ ટ્રમ્પ-એલોન મસ્ક : દોસ્ત દોસ્ત ના રહા...

જ્યોતિષશાસ્ત્રમાં જન્મકુંડળીની સાથે સાથે નવમાંશ કુંડળી જોવી ખુબ જરૂરી છે. જન્મકુંડળી બીજ છે જયારે નવમાંશએ તેનું ફળ છે અને બીજી રીતે કહીએ તો જન્મકુંડળીનું ભાગ્ય તેનો નવાં અંશ છે માટે નવમાંશ કુંડળી ખુબ જ જરૂરી બને છે!! અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જન્મકુંડળીમાં શનિથી વિપરીત રાજયોગ બને છે જે સર્વવિદિત છે અને વિપરીત રાજયોગ રાજ આપે છે પરંતુ સાથે સાથે વિવાદ પણ આપે છે તેથી તેઓ કોઈને કોઈ વિવાદ માં રહે છે વળી શનિ અને શુક્ર નવમાંશમાં વર્ગોત્તમી બને છે જે તેમને બળ આપે છે પરંતુ જન્મકુંડળીમાં અગિયારમે સ્વગૃહી થતો બુધ નવમાંશમાં શનિના ઘરમાં છઠે જાય છે જે બુધપ્રધાન વ્યક્તિને(એલોન મસ્ક) મિત્રમાં થી શત્રુ બનાવે છે તે મુજબ હાલ તેમની લડાઈ ચરમસીમાએ પહોંચી છે. આ ઉદાહરણમાં માત્ર જન્મકુંડળીને ધ્યાને લઈએ તો એલોન મસ્ક હંમેશા તેના ટેકેદાર રહેવા જોઈએ પરંતુ નવમાંશ ફળ જોઈએ તો આ શત્રુતાને બુધથી સમજી શકાશે. ડોનાલ્ડ ટ્રમ્પનો રાજયોગ બંને કુંડળીમાં સિદ્ધ થાય છે પરંતુ બુધની સ્થિતિ ઉલટી થઈ જતા મિત્ર એલોન મસ્ક સાથે ભયંકર વૈચારિક મતભેદ અને શત્રુતા થયા જે નવમાંશ કુંડળીમાં સિદ્ધ થાય છે આમ જયારે ફળકથન કરતા હોઈએ ત્યારે ગ્રહોની સ્થિતિ નવમાંશમાં જોવી પણ જરૂરી બને છે.




**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

# ગિરનાર પર ભક્તિનો પ્રવાહ: નેમિનાથ મોક્ષ કલ્યાણક દિવસની ભવ્ય ઉજવણી: આજે નિર્વાણ લાડુ ઉત્સવ

## દંત શિખર જવા શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી, જૈન મંદિરોમાં વિશેષ પૂજા અર્ચના

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**





વર્ષોથી ગિરનારની પાંચમી ટૂંક ખાતે દત્ત શિખરે દત્ત મહારાજની ચરણ પાદુકા એ નિર્માણ લાડુ ધરાવવાનું મહત્વ છે જૂનાગઢ સ્થિત ગિરનાર પર્વત પર આજે ભગવાન નેમિનાથના મોક્ષ કલ્યાણક દિવસ નિમિત્તે શ્રદ્ધાળુઓનો અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. નેમિનાથ ભગવાનના નિર્માણ મહોત્સવ નિમિત્તે દિગંબર જૈન સમાજ દર વર્ષે ગિરનાર ઉપર નિર્વાણ લાડુ ઉત્સવ ઉજવવામાં આવે છે મોટાભાગના દિગંબર જૈન સમાજ શ્રદ્ધાળુઓ સમગ્ર દેશમાંથી અહીં આવે છે આજે સવારે દિગંબર જૈન સમાજના શ્રદ્ધાળુએ ગિરનારના પ્રથમ પગથિયા ઉપર નિર્વાણ લાડુ ચડાવી અને ચોખા વિધિ કરી હતી આ પવિત્ર દિવસે દંત શિખર તરફ જવા માટે ભક્તોની ભીડ ઉમટી પડી હતી, જે ધાર્મિક આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક બન્યું છે ભગવાન નેમિનાથના મોક્ષ કલ્યાણકના આ પાવન અવસરે ગુજરાતભરમાં આવેલા જૈન મંદિરોમાં પણ વિશેષ પૂજા-અર્ચના અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર આ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો અને ભગવાન નેમિનાથના ચરણોમાં શીશ ઝુકાવી

(અનુ. આઠમા પાને)

## ગિરનાર પર લાડુ ધરવાનો પાવન રિવાજ: મોક્ષ કલ્યાણકની અનંત શ્રદ્ધા

જૂનાગઢ સ્થિત પવિત્ર ગિરનાર પર્વત, જ્યાં જૈન ધર્મના ૨૨મા તીર્થંકર ભગવાન નેમિનાથે મોક્ષ પ્રાપ્ત કર્યો હતો, તે જૈન સમાજ માટે પરમ પાવન તીર્થધામ છે. આ પવિત્ર ભૂમિ પર, ખાસ કરીને ભગવાન નેમિનાથના મોક્ષ કલ્યાણક દિવસે, એક અનોખો અને અત્યંત ભાવુક રિવાજ જોવા મળે છે, જેને ''લાડુ ધરવા'' તરીકે ઓળખવામાં આવે છે. આ રિવાજ પાછળ જૈન ધર્મની ઊંડી શ્રદ્ધા સાથે અહિંસાનો સિદ્ધાંત અને મોક્ષની પાવન ભાવના સમાયેલી છે. જ્યારે ભગવાન નેમિનાથે આત્મશુદ્ધિ કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો, ત્યારે તેઓ સંસારના બંધનોમાંથી મુક્ત થયા. આ અવિસ્મરણીય ઘટનાની સ્મૃતિમાં, ભક્તો તેમની મુક્તિની મીઠાશ અને આત્માની શુદ્ધિના પ્રતીક રૂપે ''નિર્વાણ લાડુ'' ભગવાનના ચરણોમાં અર્પણ કરે છે. આ નિર્વાણ લાડુ સામાન્ય લાડુ નથી; તે ખાસ કરીને ચોખાના લોટમાંથી બનાવવામાં આવે છે. ચોખાને જૈન ધર્મમાં અત્યંત પવિત્ર અને નિર્જીવ માનવામાં આવે છે, કારણ કે તેમાં કોઈ જીવ ન હોવાથી તે અહિંસાના સિદ્ધાંત સાથે સંપૂર્ણપણે સુસંગત છે. આ ઉપરાંત, ચોખાના દાણા અક્ષય હોવાથી તે આત્માના શાશ્વત સ્વરૂપ અને મોક્ષની અમરતાનું પણ પ્રતીક છે. આ લાડુમાં ગોળ, ઘી અને અન્ય પવિત્ર સામગ્રી ઉમેરીને તેને વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવે છે અને તે કદમાં પણ મોટા હોય છે.

# અમરેલી: ભોજલધામ પાસે જ પાલિકાએ કર્યું ગંદકીનું સામ્રાજ્ય

### શહેરભરનો ઠલવાતો કચરાનો નિકાલ કરવા લોકોની માંગ

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



અમરેલી નગરપાલિકા હસ્તક સફાઈ કોન્ટ્રાક્ટરની મનમાનીના કારણે ફતેપુર રોડ ઉપર રહેતા ૨૫૦ કરતા વધારે પરિવારો ઉપર સંભવિત બીમારી તોળાઈ રહી છે, અમરેલી ફતેપુર રોડ ઉપર આવેલી હુડકો સોસાયટીમાં રહેતા આશરે ૨૫૦ કરતા વધુ પરિવારો તેમજ ફતેપુર ગામના લોકો ગંદકી અને દુર્ગંધ સાથે રહેવા મજબૂર બન્યા છે, વિદ્યાર્થીઓ, બાળકો અને વૃદ્ધો ઉપર બીમારીનું સંકટ તોળાઈ રહ્યું છે.

અમરેલી ફતેપુર રોડ ઉપર આવેલી હુડકો સોસાયટીમાં રહેતા ૨૫૦ કરતા વધુ પરિવારો ઉપર તોળાતા રોગચાળાના સંકટની, અમરેલી થી ફતેપુર રોડ ઉપર આવેલી હુડકો સોસાયટી કે જ્યાં શ્રમજીવી અને ગરીબ લગભગ ૨૫૦ કરતા વધુ પરિવારો બાળકો અને વૃદ્ધો સાથે રહે છે , બિલકુલ આ હુડકો સોસાયટીની સામેજ રોડ ઉપર નગરપાલિકા દ્વારા બિનઅધિકૃત ડમ્પીંગ સાઈડ બનાવી દેવામાં આવી છે, લોકોના કહેવા પ્રમાણે નગરપાલિકાનું ડમ્પિગયાર્ડ ગોકુલ નગર સાવરકુંડલા રોડ ઉપર નિયત કરેલું છે,છતાં પણ એજન્સી બળજબરી કે દાદાગીરી કરીને છેલ્લા પાંચ વર્ષથી શહેરનો તમામ ભીનો અને સૂકો કચરો આ સોસાયટીની સામેજ ડમ્પ કરવામાં આવે છે, અહીં પશુઓ અને શ્વાનોના મૃતદેહો પણ રોડના કાઠા ઉપર જ નાખવામાં આવે છે, વરસાદમાં કારણે ભયંકર કીચડ થાય છે, મૃતદેહો સડી જાય છે જેના કારણે અત્યંત દુર્ગંધ વાતાવરણમાં પ્રસરી જાય છે, જેના કારણે વિશ્વ વિખ્યાત સંતશ્રી ભોજલરામ બાપાની જગ્યા આવેલી છે, જેના કારણે યાત્રાળુઓ પણ આ ગંદકીમાંથી પસાર થવા મજબૂર છે, તેમજ ફતેપુર ગામના લોકો અને સોસાયટીમાં રહેતા સ્થાનિકોને ઘરમાં રહેવું પણ મુશ્કેલ છે. ત્યારે તાત્કાલિક આ કચરાને અહીંથી હટાવવામાં આવે અને કચરાને તેની નિયત કરેલી જગ્યાએ જ નાખવામાં આવે નહીતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે.

# બાબરા: કમળશી હાઈસ્કુલના શાળા પ્રવેશોત્સવમાં જનક તળાવીયાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ

**અબતક, બાબરા**



બાબરા ખાતે આવેલી સરકારી કમળશી હાઈસ્કૂલમાં આજે ભવ્ય ''પ્રવેશ ઉત્સવ''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શાળામાં નવા પ્રવેશીત વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાના પ્રાંગણમાં આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને હાર્દિક આવકાર આપવાનો અને તેમને શાળાના વાતાવરણથી પરિચિત કરાવવાનો હતો. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ એ વ્યક્તિના જીવનનો પાયો છે અને કમળશી હાઈસ્કૂલ જેવા સરકારી શાળાઓ દ્વારા મળતું ગુણવત્તાયુક્ત શિક્ષણ વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અત્યંત મહત્વનું છે. તેમણે વિદ્યાર્થીઓને સખત મહેનત કરવા અને પોતાના સપના સાકાર કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

પ્રવેશ ઉત્સવના ભાગરૂપે, શાળા પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો. ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા, શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વૃક્ષારોપણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં વાલીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, જીલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ, સદસ્યઓ, નગર પાલીકાના પ્રમુખ તથા સભ્યઓ, શહેર ભાજપ પ્રમુખશ્રી, મહામંત્રી, કાર્યકર્તાઓ અને સ્થાનિક અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ચોટીલા તાલુકા પંચાયત કચેરીની સરપ્રાઈઝ મુલાકાત કરતા નાયબ કલેકટર મકવાણા

### મહેસૂલ શાખા, વિકાસ શાખા બાંધકામ શાખા, આંકડા શાખા સહિતની કામગીરીની સમીક્ષા કરી

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**



નાયબ કલેકટર એચ.ટી.મકવાણાએ તાલુકા પંચાયત કચેરી ચોટીલાની આકસ્મિક તપાસણી કરવામાં આવી.

જેમાં સૌ પ્રથમ કચેરીમાં જઈને તાલુકા પંચાયત કચેરીના ટેબલે ટેબલે જઈને મહેસુલ શાખા, વિકાસ શાખા, બાંધકામ શાખા, સિંચાઈ શાખા, આંકડા શાખા, શિક્ષણ શાખા, પશુપાલન શાખા, સમાજ કલ્યાણ શાખા, સહકાર શાખા, ખેતીવાડી શાખા, આરોગ્ય શાખા, હિસાબી શાખા, રજીસ્ટ્રી શાખા, દબાણ શાખા ની કામગીરી બજાવતા કર્મચારીઓ સાથે સમીક્ષા કરવામાં આવી.

કચેરીના હાજરી પત્રકની ચકાસણી કરી, કયા કયા કર્મચારી કચેરીમાં મોડા આવે છે, તે અંગેની ખરાઈ કરવામાં આવી. મિશન મંગલમમાં સખી મંડળો અંગે ચકાસણી કરવામાં આવી. પ્રાંત કક્ષાએથી જે એ.ટી.વી.ટી. માં ફાળવવામાં આવતા કામોની ચુકવણા તેમજ જીયો ટેગની કામગીરીની ચકાસણી કરી. એટીવીટી ૨૦૨૫-૨૬ ના કામોના એસટીમેન્ટ કોઈ અધિકારી / કર્મચારીના પેન્શન કેસો બાકી નથી ને તે અંગે તલાટી ક્રમ મંત્રીઓ દ્વારા જે જન્મ મરણ અંગેની ઓનલાઈન કામગીરી કરવામાં આવે છે તે અંગે સમીક્ષા કરી. ગ્રામ્ય વિસ્તારમાં મનવા સખી મંડળો સ્થાપિત કરવા સુચના આપી. એગ્રી સ્ટેક (ફાર્મા રજીસ્ટ્રી) ની કામગીરીની સમીક્ષા કરી. તેમજ આગામી ચોમાસાની સીઝનને ધ્યાનમાં લઈ દરેક તલાટી ક્રમ મંત્રી તેમજ તાલુકા પંચાયત કચેરીનો સ્ટાફ હેડકવાર્ટર માં જ રહે તે અંગે સુચના આપવામાં આવી.

# અકસ્માતે મૃત્યુ પામનાર સદગતના પરિવારને ૧૦ લાખનો ચેક અપર્ણ કરતા ''ધારાસભ્ય રાદડિયા''

### નવાગામ દુધ મંડળીના ઉત્પાદક અકસ્માતે મૃત્યુ થતા વિમા પોલીસી મંજુર થયેલ



**અબતક, પ્રવિણ દોંગા, જામ કંડોરણા**

રાજકોટ શહેરના વિઠ્ઠલભાઈ રાદડીયા જીલ્લા બેંક ભવન ખાતે જસદણ તાલુકાની નવાગામ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના દૂધ ઉત્પાદક રાજાભાઈ ટપુભાઈ સરલીયાનું અકસ્માતે અવસાન થતા રાજકોટ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (રાજકોટ ડેરી)દ્વારા લેવાયેલ અકસ્માત વિમા પોલીસી અંતગર્ત મંજુર થયેલ વિમાની રકમ રૂ.૧૦/-લાખનો ચેક એમના વારસદારને અર્પણ કરતા યુવા ધારાસભ્ય અને રાજકોટ જીલ્લા સહકારી બેંકના ચેરમેન જયેશ રાદડીયા તેમજ રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા.

મૃતકના પરિવારે સંસ્થાનો તેમજ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પશ્ચિમ રેલવેએ રાજકોટ અને લાલકુઆં વચ્ચેની વિશેષ ટ્રેનોના ફેરા લંબાવ્યા

| ટ્રેન નંબર | થી | સુધી | સેવા દિવસ | સુધી વિસ્તૃત |
|---|---|---|---|---|
| 05046 | રાજકોટ | લાલકુઆં | સોમવાર | 01/09/2025 |
| 05045 | લાલકુઆં | રાજકોટ | રવિવાર | 31/08/2025 |

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: x.com/WesternRly
instagram.com/WesternRly

ટ્રેન નંબર 05046 ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ 02/07/2025 થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

કૃપા કરીને બધી આરક્ષિત ટિકીટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.

## જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૧૨૧/૨૦૨૫

શ્રી મુકેશભાઈ છબીલદાસ શાહ
રહે.રામ મંદીર પાસે, વિંછીયા તા.વિંછીયા
જિ. રાજકોટ ..........અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રાર શ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી, વિંછીયા
તા. વિંછીયા ..........સામાવાળા

**વિષય:- મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પિતાશ્રી છબીલદાસ હરગોવિંદદાસ શાહનું મરણ તા.૧૪-૧૦-૧૯૮૭ના રોજ વિંછીયા તાલુકાના વિંછીયા મુકામે થતાં તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરુહનું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૦૦ કલાકે હાજર રહેવુ.તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી. આજના.૨૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

ટેન્ડર નોટીસ જાહેરાત ક્ર.-૦૮/૨૦૨૫-૨૬

રાજય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય રાજયોની જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટર્સ પાસેથી નીચે દર્શાવેલ કામો માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કામનું નામ | Empanelment of the Architects Comprehensive Architectural Services at Campus Of Saurashtra University, Rajkot | |
| કામની સમયમર્યાદા | ૦૨ વર્ષ | |
| ઈ.એમ.ડી. | રૂ.૧,૦૦,૦૦૦/- | |
| ટેન્ડર ફી | રૂ.૫,૯૦૦/- | |
| સ્થળ, તારીખ અને સમય જ્યાં ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવશે. | https://tender.nprocure.com | |
| ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૨/૦૭/૨૦૨૫ | ૧૬:૦૦ |
| અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૨/૦૭/૨૦૨૫ | ૧૮:૦૦ |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | ૩૧/૦૭/૨૦૨૫ | ૧૮:૦૦ |
| ટેન્ડર ક્યા ક્યારે અને કોના દ્વારા ખોલવામાં આવશે તેની માહિતી | https://tender.nprocure.com | |
| વેબસાઈટ | www.saurashtrauniversity.edu | |

ઉપરોક્ત ટેન્ડરો https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડરો nprocureમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સએ ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.ટેન્ડરની તમામ વિગતો ઉપરોક્ત વેબસાઇટ ઉપરથી મળી શકશે.

માહિતી રાજ/ ૪૭૨ /૨૫-૨૬ — કુલસચિવ

## નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં.એસ.બી.ડી./૦૩ સને ૨૦૨૫-૨૬

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ પેટા વિભાગ નં. ૧, ૭/૫, જિલ્લા સેવા સદન નં.૨, રેસકોર્સ રોડ-રાજકોટ-૩૬૦૦૦૧ (ફોન નં.૦૨૮૧-૨૪૪૩૯૫૮) દ્વારા ગુજરાત રાજ્યનાં નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ રસ્તા અને મકાન વિભાગના કોન્ટ્રાકટરની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી નીચેનાં કામો માટે ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં ટેન્ડર માંગવામાં આવે છે. કોઇપણ એક ટેન્ડર અથવા તો બધા જ ટેન્ડરો અમાન્ય કરવાના હક્ક આ ખાતાને અબાધિત રહેશે. શરતો તેમજ વધુ વિગત માટે આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી ખાતાની વેબ સાઇટ www.statetenders.gujarat.gov.in ઉપર જોઇ શકાશે.

| અ. નં. | કામનું નામ | અન્ય વિગત<br>૧) કામની અંદાજીત રકમ<br>૨) બાનાની રકમ<br>૩) ટેન્ડર ફી<br>૪) રજીસ્ટ્રેશનનો વર્ગ<br>૫) કામ પુર્ણ કરવાની સમય મર્યાદા |
|---|---|---|
| ૧ | લેબર વર્ક ફોર ઓઈલીંગ/ગ્રીસીંગ ટુ રેડીયલ ગેઈટ ફોર ક્લીનીંગ ધ ગેઈટ એન્ડ પ્રોવાઈડીંગ ફલડ ફાઈટીંગ મટીરીયલ ફોર એક્ષીસ્ટીંગ ઈ-ડેમ ઓફ આજી-૩ ઈરીગેશન સ્કીમ | ૧) રૂ. ૧,૪૩,૬૭૨=૦૦<br>૨) રૂ. ૨,૦૦૦=૦૦<br>૩) રૂ. ૬૦૦=૦૦<br>૪) ઇ-૨ અને ઉપર<br>૫) ૧(એક) માસ |
| ૨ | પ્રોવાઈડીંગ સ્કીલ્ડ મેન પાવર ફોર ફલડસેલ એટ આજી-૩ ઈરીગેશન સ્કીમ | ૧) રૂ. ૩,૭૨,૭૪૯=૪૫<br>૨) રૂ. ૪,૦૦૦=૦૦<br>૩) રૂ. ૬૦૦=૦૦<br>૪) ઇ-૨ અને ઉપર<br>૫) ૫(પાંચ) માસ |

(૧) કોરાં ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૫/૦૭/૨૦૨૫ (કચેરી સમય દરમ્યાન)
(૨) ભરેલ ટેન્ડર રજિસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી સ્વિકારવાની છેલ્લી તારીખ. ૨૩/૦૭/૨૦૨૫ (કચેરી સમય દરમ્યાન)
(૩) ટેન્ડર ખોલવાની તારીખ-૨૪/૦૭/૨૦૨૫ ૧૨-કલાકે (શક્ય હશે તો)
(૪) ટેન્ડર રૂબરૂ / સાદી ટપાલ કે કુરીયરથી સ્વિકારવામાં આવશે નહીં.

કચેરીનું નામ:- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ પેટા વિભાગ નં.૧,૫/૭ જીલ્લા સેવા સદન નં.૨, રેસકોર્સ રોડ, રાજકોટ- ૩૬૦૦૦૧ (ફોન નં (૦૨૮૧- ૨૪૪૩૯૫૮)

માહિતી /રાજ/ ૪૮૫ /૨૦૨૫-૨૬

## મોરબી મહાનગરપાલિકા

જા.નં.MRMC/૦૧૧૬/૦૬/૨૦૨૫ — તા.:૩૦/૦૬/૨૦૨૫

### ઓનલાઈન જાહેર નિવિદા

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી. ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મોરબી મહાનગરપાલિકાના નવા ઓફીસ બિલ્ડીંગનું અધુરૂ કામ પૂર્ણ કરવાનું કામ.(ત્રીજો પ્રયત્ન) | ૪,૫૦૦/- | ૧,૯૮,૬૨૬/- | ૧૯૮.૬૨ લાખ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જિલ્લા કક્ષાનું મોડલ ફાયર સ્ટેશન બનાવવાનું કામ.(બીજો પ્રયત્ન) | ૧૫,૦૦૦/- | ૮,૩૧,૬૦૦/- | ૮૩૧.૫૬ લાખ |
| ૩ | મોરબી મહાનગરપાલિકા કચેરીના ત્રીજા માળના મીટીંગ હોલના કન્સ્ટ્રકશનનું કામ, ઇન્ટીરીયરનું કામ અને ફાયર સેફ્ટીનું કામ.(બીજો પ્રયત્ન) | ૪,૫૦૦/- | ૧,૬૧,૩૩૩/- | ૧૬૧.૩૩ લાખ |
| ૪ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સૂરજબાગ ગાર્ડનમાં મોર્ડન લાઈબ્રેરી કન્સ્ટ્રકશન અને ડેવલોપમેન્ટ કરવાના કામ.(બીજો પ્રયત્ન) | ૪,૫૦૦/- | ૨,૬૦,૧૦૦/- | ૨.૬૦ લાખ |
| ૫ | મોરબી મહાનગરપાલિકા હદમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં સામાજિક આર્થિક માહિતીના સર્વેક્ષણનું કામ.(બીજો પ્રયત્ન) | ૧,૧૨૫/- | ૫૦,૦૦૦/- | - |

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૨૪/૦૭/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાકે |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૦૩/૦૭/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

માહિતી -રાજ-૪૮૯-૨૫-૨૬ — નાયબ કમિશનર, મોરબી મહાનગરપાલિકા

તંત્રી લેખ

# ગુજરાતની દીકરીઓનું ડોક્ટર બનવાનું સ્વપન સાકાર કરતી રાજ્ય સરકારની યોજના

ગુજરાત સરકારની મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતી રાજ્યની દીકરીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. આ યોજના હેઠળ ગુજરાતની ૨૫,૭૬૮ વિદ્યાર્થિનીઓને ડોક્ટર બનવા માટે ૭૭૨ કરોડની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યમાં તમામ માટે અને ખાસ કરીને કન્યાઓ માટે શિક્ષણનો અધિકાર સુનિશ્ચિત કરવાના પ્રયાસ કર્યા છે. મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ રાજ્યમાં તબીબી શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજ્યની મહિલાઓ પણ મેડિકલ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવે અને બાહોશ ડોક્ટર બનીને આરોગ્ય સેવાઓમાં પોતાનું યોગદાન આપે તે માટે રાજ્ય સરકાર પ્રયાસરત છે.

મેડિકલ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવા માંગતી ગુજરાતની દીકરીઓનું તબીબી શિક્ષણ આર્થિક મુશ્કેલીઓને લીધે અટકે નહીં, તે સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે 'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના'અમલી બનાવી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય મેડિકલમાં અભ્યાસ કરતી તેજસ્વી વિદ્યાર્થિનીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે. પરિણામે, આજે રાજ્યમાં અસંખ્ય મહત્વાકાંક્ષી 'વ્હાઈટ-કોટ' મહિલા વોરિયર્સ સફળતાપૂર્વક તેમના સપનાંને સાકાર કરી રહી છે.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના હેઠળ ₹૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારની વિદ્યાર્થિનીઓ કે જેઓ ધો-૧૨ પછી મેડિકલમાં પ્રવેશ મેળવે છે, તેમને રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. આ યોજના હેઠળ અત્યારસુધીમાં રાજ્યની ૨૫,૭૬૮ વિદ્યાર્થિનીઓને ડોક્ટર બનવા માટે રાજ્ય સરકાર દ્વારા ₹૭૭૨ કરોડની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે આ યોજના હેઠળ ૪૫૦૦ વિદ્યાર્થિનીઓને ૧૫૦ કરોડની સહાયનો લક્ષ્યાંક હતો, જેની સામે ૫૧૫૫ વિદ્યાર્થિનીઓને ₹૧૬૨.૬૯ કરોડની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના વર્ષ ૨૦૧૭-૧૮માં શરૂ કરી હતી. આ યોજના હેઠળ, ₹૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારની વિદ્યાર્થિનીઓ માટે ૫૦% પ્રવેશ ફી રાજ્ય દ્વારા સ્પોન્સર કરવામાં આવે છે, જેઓ તેમના નીટ સ્કોરના આધારે મેડિકલમાં પ્રવેશ મેળવે છે, અને આ સહાય માટે તેમના કોમ્યુનિટી બેકગ્રાઉન્ડને ધ્યાનમાં લેવામાં આવતું નથી.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનાને કારણે જ મેડિકલમાં એડમિશન લેવાની હિંમત દીકરીઓમાં આવી છે.પ્રતિભાબેન જેવી રાજ્યની અનેક પ્રતિભાશાળી અને મહત્વાકાંક્ષી વિદ્યાર્થિનીઓનું ડોક્ટર બનવાનું સપનું આજે રાજ્ય સરકારની આ યોજનાને કારણે પૂરું થઈ રહ્યું છે. દેશના વિકાસ માટે દીકરીઓ શિક્ષિત અને કાબેલ હોય તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# અબ કી બાર સેન્સેક્સ ૯૦,૦૦૦ પાર: શેરબજારમાં શાનદાર તેજીનો માહોલ

## સ્થાનિક નાણાકીય સંસ્થાઓ બજાર પર હાવી : સતત ધુઆધાર ખરીદી કરી રહી છે સ્થાનિક નાણાકીય સંસ્થાઓ

**અબતક રાજકોટ**

સેન્સેક્સ જે રીતે બેટિંગ કરી રહ્યો છે તે જોતા નજીકના ભવિષ્યમાં જ ૯૦,૦૦૦ની સપાટી વટાવી દે તો નવાઈ નહીં. સારા ચોમાસાના આશાવાદે, વ્યાજ દરોના ઘટાડાના કારણે અને જીઓ પોલિટિકલ શાંતિ સ્થપાતા સેન્સેક્સ જોરદાર બેટિંગ કરી રહ્યો છે.નિફ્ટી પણ નવા હાઈ કરવા કોશિશ કરી રહી છે.

જે રીતે સ્થાનિક નાણાકીય સંસ્થાઓ શેરબજારમાં ખરીદી કરી રહી છે તે જોતા શેર બજારમાં તેજીનો માહોલ જળવાઈ રહે તેવું લાગે છે.જૂન મહિનાની વાત કરીએ તો જૂન મહિનામાં સ્થાનિક નાણાકીય સંસ્થાઓએ રૂપિયા ૭૨૬૭૩.૯૧ કરોડના શેરોની ખરીદી ભારતીય શેરબજારમાં કરી છે. બીજી બાજુ વિદેશી નાણાકીય સંસ્થાઓ ની લેવાલી ઘટતી જાય છે. સરવાળે વિદેશી સંસ્થાઓના પ્રમાણમાં સ્થાનિક સંસ્થાઓનું ભારતીય શેરબજારમાં દિવસે-દિવસે હોલ્ડિંગ વધતું જાય છે. વિદેશી નાણાકીય સંસ્થાઓએ જૂન મહિનામાં ફક્ત ૭૪૮૮.૯૮ કરોડ રૂપિયાના શેરોની ખરીદી કરી છે.મ્યુચ્યુઅલ ફંડમાં એસઆઈપી અને લમસમ રોકાણ વધતું જાય છે.જે રોકાણ સરવાળે શેરબજારમાં જ ઠલવાઈ રહ્યું છે.

પ્રાઈમરી માર્કેટ પણ સેકન્ડરી માર્કેટની તેજીનો લાભ લેવા મેદાને પડ્યું છે અને મેઈન બોર્ડ અને એસ.એમ.ઈ આઈ.પી.ઓની લાઈનો લગાવી દીધી છે. જૂન મહિનામાં કુલ ૮ મેઈન બોર્ડ અને ૩૦ એસએમઈ આઈપીઓ બજારમાં આવ્યા છે. પ્રમોટરો પણ શેરબજારની તેજીનો લાભ લેવા તત્પર થયા છે. રોકાણકારો પણ રોકાણ કરવા પાછી પાની નથી કરતા અને દરેક આઈ.પી.ઓ ને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.લિસ્ટિંગ પણ પ્રમાણમાં સારા એવા ગેઈન

## વિદેશી નાણાકીય સંસ્થાઓ કરતા વધુ નાણાં સ્વદેશી નાણાકીય સંસ્થાઓ શેરબજારમાં નાણા ઠાલવી રહી છે



થી થઈ રહ્યા છે.

જો કે સેન્સેક્સ અને નિફ્ટી ના પ્રમાણમાં રોકડા ના શેરો ચાલતા ન હોવાનો વસવસો રોકાણકારોમાં જોવા મળી રહ્યો છે,પરંતુ ધીમે ધીમે સ્મોલકેપ - મિડકેપ શેરોમાં પણ ચમક જોવા મળશે. સેક્ટર વાઈસ શેરોમાં તેજી થઈ રહી છે. સારા ચોમાસાની અસર બજાર પર વધુ જોવા મળશે અને કૃષિ ઉત્પાદનોના રૂપિયા બજારમાં દિવાળી આસપાસ ઠલવાશે. ત્યારે બજારમાં વધુ તેજી જોવા મળી શકે છે.વ્યાજદરોના ઘટાડાની અસર પણ બજાર પર ધીમે ધીમે પોઝિટિવ જોવા મળશે.

કંપનીઓ પર વ્યાજદરોનો બોજો ઘટશે જે એક કે બે ક્વાર્ટર પછીના પરિણામો પર અસર કરશે અને વ્યાજનો ખર્ચ ઘટતા કંપનીઓના બેલેન્સ શીટ સુધરશે. વ્યાજદરોના ઘટાડાની સૌથી વધુ પોઝિટિવ અસર રિયલ એસ્ટેટ અને ઓટો ઈન્ડસ્ટ્રીઝ પર વધારે જોવા મળશે. કોમર્શિયલ વેહિકલ અને સ્કૂટર-કારની ડિમાન્ડ દિવાળી સુધીના સમયમાં જોરદાર વધતી જોવા મળશે. સરવાળે કંપનીઓના પરિણામો પર પણ અસર પડશે.

ક્રૂડના ભાવો પણ ફરી પાછા યથાવત સ્થિતિમાં આવી જતા, ક્રૂડ આયાત બિલમાં ખાસ કોઈ વધારો જોવા નહીં મળે.યુદ્ધ વિરામના

## મ્યુચ્યુઅલ ફંડ માં પણ સતત નવું રોકાણ આવી રહ્યું છે : પ્રાઈમરી માર્કેટમાં પણ આઈપીઓની વણઝાર

સમાચારે સોના-ચાંદીમાં પણ મંદી શરૂ થઈ છે. જેને લઈને ડોલર પર અસર પડશે અને આયાતો ઘટતા રૂપિયો મજબૂત થવાની શક્યતાઓ વધી છે. ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરના પરિણામો આ અઠવાડિયે આવવાના શરૂ થશે.

દિગ્ગજ કંપનીઓના પરિણામો પર પણ બજારની નજર રહેશે અને જો સારા પરિણામો આવશે તો જે તે કંપનીઓના શેરોમાં પણ ઉછાળો જોવા મળશે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર શેરબજારનો માહોલ તેજી ભર્યો છે.પ્રાઈમરી માર્કેટમાં અસંખ્ય આઈપીઓ આવી રહ્યા છે.રોકાણકારો પણ નાણા રોકવા તૈયાર બેઠા છે પરંતુ વ્યાજબી ભાવથી આવી રહેલા આઈપીઓને સારો પ્રતિસાદ મળી રહ્યો છે પરંતુ જે કંપનીઓ ઉચ્ચા પ્રીમિયમથી બજારમાં નાણા એકઠા કરવા આવી રહી છે, તેમા રોકાણકારો ખાસ રસ લેતા નથી. કારણ કે સૌરાષ્ટ્રના રોકાણકારો ફક્ત લિસ્ટિંગ ગેઈન માટે જ રોકાણ કરતા હોય તેવું વધારે બને છે.

એક અંદાજ પ્રમાણે ૫૦% થી વધુ લોકો આઈપીઓ ભરીને લિસ્ટિંગના દિવસે જ શેરો વેચી નાખતા હોય છે એટલે વ્યાજબી ભાવથી ઓફર થઈ રહેલા શેરોની કંપનીમાં નાણા રોકવા રોકાણકારો તૈયાર હોય છે, પરંતુ ઉચ્ચા પ્રીમિયમ વાળી કંપનીના શેરોમાં રોકાણ ઓછું જોવા મળે છે.

એકંદરે તેજીનો માહોલ હાલમાં પ્રાઈમરી અને સેકન્ડરી માર્કેટમાં જોવા મળી રહ્યો છે. જે કમ સે કમ દિવાળી સુધી તો જોવા મળશે તેવું લાગે છે.

સેન્સેક્સ ૯૦,૦૦૦ ની સપાટી અને નિફ્ટી ૨૭૦૦૦ ની સપાટી ટૂંક સમયમાં કુદાવે તો કોઈ નવાઈ નહીં.

# જેટકોના નવા મુખ્ય ઈજનેર તરીકે એસ. જી. કાંજીયાની નિમણૂંક



## સૌરાષ્ટ્રના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અગ્રણીઓનું યોગદાન

**અબતક, રાજકોટ**

જેટકો દ્વારા સૌરાષ્ટ્રના એક બહાદુર અને નીડર અધિકારી તરીકે જાણીતા એસ. જી. કાંજીયાની જેટકોના સર્વોચ્ચ પદ ''મુખ્ય ઈજનેર'' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કાંજીયાએ હંમેશા કંપની, સરકાર અને જાહેર જનતાના હિતમાં કામગીરી કરી છે, જેના કારણે તેઓ એક બાહોશ, નીડર અને કડક અધિકારીની છાપ ધરાવે છે. તેમની કામ કરવાની અને કર્મચારીઓ પાસેથી કામ લેવાની એક વિશિષ્ટ પદ્ધતિ હતી.

હાલમાં તેઓ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે સૌરાષ્ટ્ર અને કચ્છના વડા તરીકે નિયુક્ત હતા અને આ પ્રદેશમાં જેટકો સંબંધિત અત્યંત મહત્વપૂર્ણ અને આવશ્યક કામગીરી ખૂબ જ ઝડપથી અને અસરકારક રીતે પૂર્ણ કરી છે. ઈજનેર કાંજીયાના કાર્યકાળ દરમિયાન, તેમણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં વીજ પુરવઠાની સુવિધા ઊભી કરવામાં મોટો ફાળો આપ્યો છે. ગોંડલમાં અધિક્ષક ઈજનેર તરીકેના કાર્યકાળ દરમિયાન, તેમણે ૧૯ નંગ ૬૬ કે.વી., ૧ નંગ ૨૨૦ કે.વી., અને ૧ નંગ ૪૦૦ કે.વી. સહિત કુલ ૨૧ સબસ્ટેશનો ચાર્જ કર્યા હતા. વધુમાં, રાજકોટમાં વિશેષ મુખ્ય ઈજનેર તરીકેના કાર્યકાળ દરમિયાન, તેમણે ૯૬ નંગ ૬૬ કે.વી., ૧ નંગ ૧૩૨ કે.વી., અને ૭ નંગ ૨૨૦ કે.વી. સહિત કુલ ૧૦૪ સબસ્ટેશનો ચાર્જ કર્યા હતા.

આમ, તેમના કાર્યકાળ દરમિયાન કુલ ૧૨૫ જેટલા નવા સબસ્ટેશનો ચાર્જ કરીને આ અધિકારીએ સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાવર સપ્લાયની ખૂબ મોટી સુવિધા ઊભી કરી છે.

તેમની કામગીરી વાવાઝોડા જેવી કુદરતી આફતો દરમિયાન પણ અભૂતપૂર્વ અને ઉત્તમ રહી છે, પછી તે ''તૌકતે'' વાવાઝોડું હોય કે ''બિપરજોય'' હોય. જેટકો દ્વારા આવા પ્રામાણિક અને નેકદિલ અધિકારીને અગાઉથી જ જેટકોની વડી કચેરીમાં બદલી કરીને મુખ્ય ઈજનેર તરીકેની અત્યંત મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આશા છે કે આવા ઉચ્ચ અધિકારીની સારી કામગીરીનો લાભ સૌરાષ્ટ્ર અને કચ્છની જનતાની સાથે સાથે સમગ્ર ગુજરાતની જનતાને પણ મળશે.

# ભૂજમાં સાંસદ આયોજીત ક્રિકેટ ડે નાઈટ સીઝન-૩ને વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયા બુકમાં સ્થાન મળ્યું



**અબતક,નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

કચ્છ લોકસભા તથા સમાજ નવનિર્માણ ટ્રસ્ટ - ભુજ દ્વારા આયોજીત ઓપન કચ્છ ડે - નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન - ૩ ને વર્લ્ડ ઈન્ડીયામાં સ્થાનર્મી મળ્યું છે. રેકોર્ડ સર્ટીફીકેટ મિલનભાઈ સોની અને દેવ્યાનીબેન સોની દ્વારા અર્પણ કરવામાં આવ્યું હતુ. કચ્છ લોક સભા તથા સમાજ નવનિર્માણ ભુજ દ્વારા આયોજિત ઓપન ડે નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન - ૩ જે ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડકુલ ૧૦૮દિવસ રમાયેલ મેચોમાં ટોટલ ૬૦૦થી વધુ ટીમોમાં ૮૮૨૦ જેટલા ટોટલ ખેલાડીઓ એ ઉત્સાંહ પૂર્વક ભાગ લીધો હતો. વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયા ના પ્રતિનિધિ મિલનભાઈ સોની અને દેવ્યાનીબેન સોની દ્વારા નિરીક્ષણ કરી વિગતો મેળવી પ્રમાણીત કરી સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન - ૩ ને વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયા બુકમાં સ્થાન મળ્યું છે. જે બદલ ભાગ લેનાર ખેલાડીઓ, સહ કાર્યકરો - સ્વયં સેવકો સૌ નો સાંસદએ આભાર વ્યક્ત કર્યો હતો. તથા વર્લ્ડ રેકોર્ડસ બનતા આનંદ વ્યક્ત કર્યો હતો.

# ધ્રાંગધ્રા: માન સરોવર તળાવમાં ફસાયેલી ગાયનું રેસ્ક્યું કર્યું



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરના માન સરોવર તળાવ માં એક ગાય કિચડમાં ફસી ગઈ હોવાના સમાચાર મળતા ધાંગધ્રાના મુસ્લિમ યુવાન વસીમભાઈ સુમરા ઈકબાલભાઈ મંડલી, મહેબૂબ મીરજા, ઝાંઝર ભાઈ રબારી ગાયનું તળાવમાંથી સુરક્ષિત રેસ્ક્યુ કરી ગાયનો જીવ બચાવ્યો હતો.ધાંગધ્રા શહેરના માનસરોવર તળાવ પાસે ત્રણ યુવાનો ફરવા માટે ગયા હતા અને અચાનક જ તળાવની અંદર એક ગાય ફસેલી હોય તેવું દેખાતા યુવાનો દ્વારા જીવ દયા પ્રેમીઓ ને ફોન કર્યા હતા પણ તત્કાલી કોઈ ન આવતા ત્યારે મુસ્લિમ યુવાન વસીમભાઈ સુમરા,મહેબુબભાઈ મીરજા, ઈકબાલભાઈ મંડલી, એક હિન્દુ યુવાન ઝાંઝરભાઈ રબારી દ્વારા પોતાના જીવની પરવા કર્યા વગર તળાવની અંદર કીચડમાં ખુજેલી ગાયને જીવ બચાવવા માટે થઈને રેસ્ક્યુ હાથ ધર્યું હતું જ્યારે મહા મહેનતે કિચડમાં ફસાયેલી ગાયને બહાર કાઢી માનવતાનું ઉમદા કાર્ય કર્યું હતું અને અબોલ પ્રાણી ગાયનો જીવ બચાવ્યો હતો.

# પાલીતાણા: નોંઘણવદર ગામને હરીયાળું બનાવવા કેન્દ્રીય મંત્રી ડો.માંડવિયાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ



**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

પાલીતાણાના નોઘણવદર ગામે ગામને નંદનવન હરિયાળુ બનાવવા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાની ઉપસ્થિતિમાં સુરત નોઘણવદર સેવા સમિતિ દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા નોઘણવદર ગામે ચાર હજાર વૃક્ષો રોપવામાં આવશે.

ઓપરેશન સિંદૂરની સ્વાભિમાન લડાઈમાં દુશ્મનોના દાંત ખાટા કરવા તારીખ ૦૭-૦૫-૨૦૨૫ના રોજ જમ્મુ પૂંછ સેક્ટરમાં લડાઈમાં લડતા લડતા ઘાયલ થયેલા ભારતીય જવાન અને નોઘણવદરનું નૂર એવા પરાક્રમી પ્રતિપાલસિંહ એચ ગોહિલને શ્રાત્ર ધર્મ નિભાવવા બદલ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સાથે સુરત સેવા ટ્રસ્ટ દ્વારા સન્માનિત કરવામાં આવેલ મનસુખભાઈ માંડવીયા અને મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# અમરેલી જીલ્લા પંચાયત ખાતે સાંસદ ભરત સુતરીયાના હસ્તે 'મંગલમ કેન્ટિન'નું લોકાર્પણ



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા પંચાયત ખાતે સાંસદ ભરતભાઈ સુતરિયાના હસ્તે ''મંગલમ કેન્ટિન''નું ઉદઘાટન કરવામાં આવ્યું હતુ, ''મંગલમ કેન્ટિન''નું સંચાલન સૂર્ય સખી મંડળ પ્રતાપરાની બહેનો દ્વારા કરવામાં આવશે.''મંગલમ કેન્ટિન''નું ઉદ્‌ઘાટન થતાં જિલ્લા પંચાયત અમરેલી કર્મચારીગણને કેમ્પસમાં જ ચા, નાસ્તા સહિતની સુવિધાઓ મળશે. એન.આર.એલ.એમ યોજના અન્વયે મહિલા સ્વસહાય જૂથને વિવિધ પ્રકારના ફંડનો લાભ આપવામાં આવે છે. મહિલા સ્વસહાય જૂથને નાણાકીય સગવડ પૂરી પાડી મહિલાઓને સ્વરોજગારી મળે તે માટે એન.આર.એલ.એમ. યોજના અન્વયે લાભનું વિતરણ કરવામાં આવે છે. ''મંગલમ કેન્ટિન''ના ઉદ્‌ઘાટન પ્રસંગે જિલ્લા પંચાયત વિવિધ સમિતિના ચેરમેનો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ભાયાવદર ગુરૂકુલ જ્ઞાનશક્તિ સ્કુલમાં ભૂલકાઓનો વિદ્યારંભ કરાવાયો

## પ્રવેશોત્સવ દરમિયાન બાળકોએ વિવિધ વિષયો પર વક્તવ્ય રજૂ કર્યા, તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન શાખા ભાયાવદર સંચાલિત જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કુલ્સ ઓફ એક્સીલેન્સમાં શાળા પ્રવેશોત્સવની ઊજવણી કરવામાં આવી, જેમાં મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલીયા, ટી.પી.ઓ. નિર્મળસિંહ વાળા, બી.આર.સી. વિજયભાઈ ગજેરા, સી.આર. સી. અજિતભાઈ માકડિયા, ડો.અમિતસર ચાપડીયા (પશુ ચિકિત્સક) જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એક્સીલેન્સ શાળાના આચાર્ય નીતિન દવે ઉપસ્થિત રહ્યા હતા, કાર્યક્રમની શરૂઆત દિપ- પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ મહેમાનઓનું સ્વાગત, ધોરણ-૬માં નવા આવેલ બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ દ્વારા પ્રવેશ અપાવવામાં આવ્યો, મહેમાનઓનું ઉદબોધન, તેજસ્વી તારલાઓનું સન્માન, વિવિધ વિષયો પર બાળકોનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહેમાનના હસ્તે વૃક્ષારોપણ કરવામાં કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ધારાસભ્ય સહિત પધારેલ મહાનુભાવોએ કેમ્પસ વિઝિટ કરી હતી.

# લીંબડી: ધન્વંતરી આરોગ્ય રથ અને એમએમયુ વિભાગના કર્મચારીઓ દ્વારા ડોક્ટર દિવસની ઉજવણી



**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

સમગ્ર વિશ્વમાં સામાન્ય રીતે આપણે સૌ ડોક્ટર ને ભગવાન નુ બીજુ સ્વરૂપ ગણાતા હોઈએ છીએ. ૧ જુલાઈ એટલે વિશ્વ ડોક્ટર દિવસ તરીકે ઉજવાય છે. લીંબડી સિવિલ હોસ્પિટલ ખાતે ધન્વંતરી આરોગ્ય રથ અને એમએમયુ વિભાગ ના કર્મચારીઓ દ્વારા કેક કાપી ડોક્ટર ડે ઉજવણી કરવામાં આવી હતી. લીંબડી સિવિલ હોસ્પિટલ આરોગ્ય રથમાં ફરજ બજાવતા ડો. કોમલ ગઢવી, ડો. ધિરેન પરમાર, ડો. પૃથ્વી શાહ, તથા આરોગ્ય રથના અને મેડિકલ સ્ટાફ દ્વારા ડોક્ટર ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

# ખંભાળીયામાં ઈ-નગર સેવાનું સર્વર ચાલુ થતા પાલિકાને રેકોર્ડ બ્રેક આવક

## રજાના દિવસોમાં પણ કામ ચાલુ રાખ્યું: રૂ.૧.૮૮ કરોડ આવક થઈ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયા પાલિકાની કરવેરા માટેની ઈ નગર સેવા દોઢ સુધી બંધ રહી હતી. જે બાબતે પાલિકા કર્મીઓ દ્વારા પૂર્વ કારોબારી ચેરમેન હિનાબેન આચાર્યનું ધ્યાન દોરમાં તેમણે ગાંધીનગર ખાસ રજુઆત કરીને ત્રણ દિવસમાં સર્વર સાથે સેવા ચાલુ કરાવી હતી અને તે પછી પાલિકાના ટેકસ અધિકારી કિશોરસિંહ સોઢા, જીજ્ઞેશ મકવાણા સાથેની ટીમ એવી દોડી કે મે માસના અડધો વીતી ગયા પણ ચાલુ થયેલ સર્વર રજા તથા રવિવારે પણ ચાલુ રાખીને ગઈકાલે ૩૦-૬-૨૫ ના ૧૦ ટકા રીબેટના અંતિમ દિને રાત્રી સુધી કામ ચાલુ રાખીને ૧.૮૮ કરોડની જંગી આવક નો રેકોર્ડ સર્જ્યો છે.

પાલિકા ટેકસ વિભાગના કિશોરસિંહ સોઢા સાથે જીજ્ઞેશ મકવાણા, હિતેન ચાવડા, અરવિંદ નકુમ, ઉમેશ ઠક્કર, રાહુલભાઈ, ભવ્યરાજ બાબરીયા, પારસ નકુમ, કરણ ડોડીયા, પાયલબેન, શીવમ પંડીત, નયનાબેન, ધ્રુવીબેનની ટીમ દ્વારા આ રેકોર્ડ કરવેરા વસુલાનું કાર્ય થયું છે.

## ૧૦ ટકા રીબેટની અવધી વધારવા તજવીજ

૩૦-૬-૨૫ ના ૧૦ ટકા ટેકસ રીબેટનો સમય પુરો થઈ ગયો હોય પણ ૪૫ દિવસ ઈ નગર સેવા બંધ રહી હોય પાલિકા ચીફ ઓફીસર ચેતનભાઈ કુડીયા તથા પ્રમુખ રચનાબેન મોરાલી દ્વારા ૧૦ ટકા રીબેટનો સમય વધારવા માટે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેથી બાકી રહી ગયેલાઓને પણ વળતરનો લાભ મળી શકે.

### લોધિકાના દેવડા ગામે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

# કારખાનામાંથી રૂ.૫.૫૦ લાખની રોકડ ઉઠાવી જનાર ચડ્ડી-બનિયાનધારી ગેંગનો સભ્ય ઝબ્બે

## ૧.૩૦ લાખની રોકડ સહિત કુલ રૂ.૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે : ટોળકીના ચાર સભ્યોની શોધખોળ

## રાત્રિના સમયે મકાન-કારખાનાના બારી-દરવાજાના લોક તોડી ચોરીને અંજામ આપવાની દાહોદની ગેંગની મોડસ ઓપરેન્ડી

**અબતક, રાજકોટ**

લોધીકાના દેવડા ગામે આવેલ કામધેનુ પોલીપ્લાસ્ટ કારખાનાની ઓફિસમાંથી રૂ.૫.૫૦ લાખની રોકડ ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયાના બનાવમાં રૂરલ પોલીસને સફળતા મળી છે અને ચડ્ડી બનીયનધારી ગેંગના સાગરીતને પકડી પાડી રૂ.૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

બનાવ અંગે રાજકોટના કુવાડવા રોડ પર આવેલ શ્રીનાથ પાર્ક શેરી નંબર-૨, બ્લોક નંબર સી-૪ માં રહેતા ૪૮ વર્ષીય પ્રૌઢ વેપારી સુરેશભાઈ શીવજીભાઈ મારકણાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ લોધીકાના દેવડા ગામ ખાતે એમરાલ્ડ ક્લબની આગળ દેવડા ગામમા જવાના રસ્તે સર્વે નં.૧૯ માં કામધેનું પોલીપ્લાસ્ટના નામે પી.વી.સી. પાઈપ અને ફીટીંઝનું કારખાનું ભાગીદારીથી ચલાવે છે.

કંપનીમા માર્કોસ બ્રાંડના પાઈપ્સ અને તેના ફિંટીગ્સનુ મેન્યુફેક્ચરીંગ થાય છે જે ગઈ તા.૨૩ ના તેઓ અને તેના ભાગીદારો કંપનીએથી સાંજે ઘરે જવા નિકળી ગયેલ હતા. બાદ બીજા દિવસે સવારે સાતેક વાગ્યે ઘરે હતો ત્યારે કંપનીમાં રસોયા તરીકે કામ કરતા સુરેશભાઈ સોલંકીનો ફોન આવેલ કે, આપણા રસોડાના દરવાજાના લોક કોઈએ તોડેલ છે. જેથી કંપનીના ઓફિસના રેસ્ટરૂમમાં ઉંઘતા ભત્રીજા મહેશભાઈ મારકણાને ફોન કરી જાણ કરી હતી. જેથી તેણે બહાર નિકળીને જોયેલ તો ઓફીસના દરવાજા પણ તુટેલી હાલતમાં મળી આવ્યા હતા. જેથી તુરત જ મારા ભાગીદારોને ફોન કરીને જાણ કરતાં કંપની ખાતે દોડી ગયા હતા.

જયા પહોંચીને જોતા કર્મચારીઓને ઓરડીએ અવર જવર કરવા માટે રાખેલ લોખંડના નાના દરવાજાનો લોક તુટેલ હતો. ત્યાંથી આગળ રસોડાના દરવાજાનો લોક તુટેલ હતો તથા ઉપરના માળે ઓફીસોમાં જવા માટેનો દરવાજો તુટેલ હતો. બીજા માળે આવેલ પંકજભાઈની ઓફીસના કાચના દરવાજાના લોક તુટેલ હતો. જેથી ઓફીસમાં જઈ ચેક કરતા પંકજભાઈએ ટેબલના ખાનામા રાખેલ કંપનીની માર્કોસ બ્રાંડના લોગા વાળી કાળા કલરની સફેદ કલરની બોર્ડર વાળી બેગ કે જેમાં રૂ. ૫.૫૦ લાખ રાખેલ હતા તે બેગ મળી આવેલ નહી.



જેથી કંપનીના સીસીટીવી ફુટેજ ચેક કરતા તા.૨૪ ના રાત્રીના ૦૧/૧૫ વાગ્યાથી ૦૧/૪૫ વાગ્યા દરમ્યાન ત્રણ અજાણ્યા શખ્સો મોઢાના ભાગે કાળુ કપડુ બાંધી કંપનીના માણસોને ઓરડીએ અવર જવર કરવા માટે રાખેલ લોખંડના નાના દરવાજાનો લોક તોડી રસોડાના ભાગથી ઓફીસ તરફ આવી ઓફીસોમાં જવાના નીચેના મેઈન દરવાજાનો લોક તોડી સીડી મારફતે ઉપરના માળે ચડી બીજા માળે આવેલ પંકજભાઈની ઓફીસના કાચના દરવાજાનો લોક કોઈ સાધન વડે તોડી ટેબલના ખાનામાં રાખેલ બેગ લઈને જતા ધ્યાને આવ્યા હતા.

બનાવ અંગેની ફરીયાદ પરથી મેટોડા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એન બી ઝાલાની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં.

ગુનાની ગંભીરતા પારખી રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકરસિંહ દ્વારા ગેંગને તાત્કાલીક પકડી પાડવાની આપવામાં આવેલ સુચનાથી ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરા અને મેટોડા પીઆઈ એસ.એચ.શર્માની રાહબરીમાં એલસીબી પીએસઆઈ એચ.સી. ગોહીલ, મેટોડા પીએસઆઈ એન.બી. ઝાલાએ અલગ અલગ ટીમો બનાવી આશરે ૭૦ જેટલા સીસીટીવી કેમેરાઓ જોવાની કામગીરી દરમિયાન રાજકોટ ગ્રામ્ય ''નેત્રમ'' માં શંકાસ્પદ વાહન જોવા મળેલ જેની તપાસના અંતે તસ્કર માજુ મેઘજી બામણીયા (ઉ.વ.૩૦), (રહે.હાલ-નાની અમરેલી, પડધરી, મુળ રહે.નવાનગર, ડોબન ફળીયુ, ધાનપુર, દાહોદ) ને પકડી પાડી ઈ ગુજકોપના આધારે તપાસ કરી પકડાયેલ શખ્સ અને તેની સાથેના સહ-આરોપીના ગુન્હાહીત ઈતીહાસ મેળવી ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવામાં આવેલ હતો.

વધુમાં પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, પકડાયેલ શખ્સની સાથે ચોરી કરવામાં મુકેશ મળીયા ભાંભોર (રહે.આંબલી

### રૂરલ એલસીબી અને મેટોડા જીઆઈડીસી પોલીસની સંયુક્ત કાર્યવાહી

ખજુરીયા, દાહોદ), રાજવીર ભરતભ ભાંભોર (રહે. ખજુરીયા), નીતીન ગોપસીંગ મોહનીયા (રહે.બીલીયા, ધાનપુર, દાહોદ) અને મુકેશ મડીયા ભાભોર (રહે.આંબલી ખજુરીયા, ગરબાડા, દાહોદ) સામેલ હોવાની કબૂલાત આપતાં પોલીસે તેની પણ શોધખોળ આદરી છે. ઉલ્લેખનીએ છે કે, ચડ્ડી બનીયનધારી ગેંગના પકડવાના બાકી નીતિન મોહનીયા અને રાજવીર ભરત વિરુદ્ધ રાજ્યના અલગ અલગ શહેરોમાં ચોરી સહિતના અનેક ગુના નોંધાયેલા છે.

# જેતપુર-ખીરસરા રોડ પરથી ચોરાઉ બાઈક સાથે રાજકોટનો તસ્કર ઝડપાયો

## શાપર વેરાવળ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાનો રૂરલ એલસીબી ટીમે ભેદ ઉકેલ્યો

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળમાંથી આશરે દસેક દિવસ પૂર્વે વાહન ચોરી જનાર રાજકોટના તસ્કરને જેતપુર - ખીરસરા રોડ પરથી રૂરલ એલસીબી ટીમે ઝડપી લઈ ચોરાઉ બાઈક કબ્જે કર્યું છે.

રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં થયેલ મિલકત સંબંધિત ગુનાઓનો ભેદ ઉકેલ આરોપીઓને તાત્કાલિક પકડી પાડવાની સૂચનાને પગલે રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા અને પીએસઆઈ એચ સી ગોહિલના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય એલસીબીની અલગ અલગ ટીમો કાર્યરત હતી. દરમિયાન એએસઆઈ શક્તિસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ કૌશિકભાઈ જોશી, અરવિંદસિંહ જાડેજા અને વિજયસિંહ જાડેજાને મળેલી સંયુક્ત હકીકતના આધારે જેતપુર-ખીરસરા રોડ પાણીના ટાંકા પાસેથી એક શખ્સને ચોરી કરેલ મોટર સાયકલ સાથે પકડી પાડવામાં આવ્યો હતો. રૂરલ એલસીબી ટીમે અમિત ઉર્ફે મિત ઉર્ફ મસ્તાન વિપુલભાઈ સોલંકી (ઉ.વ. ૨૦ રહે. જંગલેશ્વર શેરી નંબર-૧૨, રાજકોટ મૂળ રહે. ધારી ખડીયા



વિસ્તાર, અમરેલી)ને ચોરાઉ મોટરસાયકલ જેના નંબર જીજે-૦૩-જેએમ-૫૮૩૪ જેની કિંમત રૂ.૩૦ હજાર સાથે ઝડપી લીધો હતો. ઉલ્લેખનીય છે કે તસ્કરે ગત તા. ૨૨-૦૫-૨૦૨૫ ના રોજ શાપર વેરાવળના ગાયત્રીનગર શેરી નંબર-૩ માંથી વાહનની ચોરીને અંજામ આપ્યાની કેફિયત આપી હતી. ઝડપાયેલા શખ્સ વિરુદ્ધ રાજકોટ શહેર અને ગોંડલમાં ચોરી સહિતના પાંચ ગુના નોંધાયેલા છે. આ કામગીરીમાં રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બડદોકિયા, શક્તિસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ જાડેજા, કૌશિકભાઈ જોશી, વિજયસિંહ જાડેજા અને ડ્રાઈવર કોન્સ્ટેબલ અબ્દુલભાઈ રોકાયા હતા.

# લખતર: વિઠ્ઠલગઢ ગામે તળાવમાં માછલીના મોત

## ખોરાકી ઝેરની અસરથી મોત નીપજ્યા હોવાનું અનુમાન: ગ્રામજનો સહિત જીવદયા પ્રેમીઓમા અરેરાટી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકાના વિઠલગઢ ગામના મોતીહર તલાવમાં મોટીસંખ્યામાં મૃત માછલીઓ મળી આવતા સ્થાનીક ગ્રામજનો સહિત જીવદયાપ્રેમીઓમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી અને આ અંગે ગામના આગેવાનો સહિત અધિકારીઓને જાણ કરતા પ્રદુષણ નિયંત્રણની ટીમે સ્થળ પર પહોંચી માછલીઓના મોતનું સાચું કારણ જાણવાની તજવીજ હાથધરી હતી. આ અંગે મળતી માહિતી મુજબ લખતર તાલુકાના વિઠલગઢ ગામે આવેલ મોતીહર તળાવમાં અચાનક એક સાથે મોટી સંખ્યામાં માછલીઓના મોત નીપજતા ચકચાર મચી જવા પામી છે.

તળાવના પાણીમાં ખોરાકી અસરથી માછલીઓના મોત નીપજ્યા છે કે પછી અન્ય કોઈ કારણોસર તે અંગે ચર્ચાઓએ જોર પકડયું છે. ગ્રામજનો સહિત જીવદયા પ્રેમીઓમાં રોષની લાગણી જોવા મળી છે અને આ સાચું કારણ જાણી ઝડપથી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. જ્યારે આ અંગેની જાણ થતાં ગામના સરપંચ, તલાટી, મામલતદાર સહિત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને તળાવના પાણીનો નમુનો લઈ તપાસ અર્થે મોકલવાની તજવીજ હાથધરી હતી.

# સુરેન્દ્રનગર: ઓનલાઈન છેતરપિંડીના ગુનાના આરોપી ઝડપાયો

## હોસ્પીટલની ઈમરજન્સીનું બહાનુ બતાવી રૂા.૨૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી: મહિલા સહિત ત્રણની શોધખોળ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એલસીબી પોલીસે ચોટીલા પોલીસ મથકની હદમાં હોસ્પીટલનું ઈમરજન્સી કામ હોવાનું બહાનુ બતાવી ઓનલાઈન રોકડ રકમ મોબાઈલ ફોનમાં ટ્રાન્સફર કરાવી રોકડ રકમ લઈ નાસી જનાર તેમજ છેતરપીંડી આચરનાર શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ જુનાગઢ જીલ્લાના ગડુ ગામે રહેતા મહિલા સહિત ત્રણ શખ્સોએ થોડા દિવસો પહેલા કારમાં આવી ફરિયાદી પાસે જઈ હોસ્પીટલની ઈમરજન્સી હોવાનું બહાનુ બતાવી ઓનલાઈન



રોકડ રૂા. ૨૦,૦૦૦ મોબાઈલમાં ટ્રાન્સફર કરાવ્યા બાદ રોકડ રકમ લઈ નાસી છુટયા હતા જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ ચોટીલા પોલીસ મથકે છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી એલસીબી પોલીસે તપાસ હાથધરી હતી અને સીસીટીવી કુટેજના આધારે ચોટીલા-રાજકોટ હાઈવે પર આવેલ આપા ગીગાના ઓટલા પાસેથી શંકાસ્પદ હાલતમાં યશ ઉર્ફે દાઉદ હિતેષભાઈ માધવાણી રહે. ગડુજી, જુનાગઢ વાળાને ઝડપી લીધો હતો વિડિયો કુટેજમાં દેખાતા શખ્સ જેઓ જ જણાઈ આવતા તેની પુછપરછ કરતા વસીમભાઈ દાદાભાઈ લાખા રહે.ગડુતથા રીયાજ સલીમભાઈ રાઠોડ(ગામીતી) રહે.ગડુ અને રીયાબેન ચાવડા રહે.વેરાવળવાળા સાથે મળી રૂા. ૨૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી છેતરપીંડી કરી હોવાની કબુલાત કરી હતી આથી પોલીસે ઝડપાયેલ શખ્સને ચોટીલા પોલીસ મથકે સોંપી અન્ય શખ્સોને ઝડપી પાડવા તપાસ હાથધરી છે.

# સુરેન્દ્રનગર: પ્રાથમિક સુવિધા અંગે રહિશો દ્વારા ચક્કાજામ

## મહિલાઓ અને પુરૂષો સહિત ૧૩ વ્યક્તિ સામે પોલીસ કાર્યવાહી

**અબતક ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ-મુળચંદ રોડ પર કેસરીયા બાલમ પાછળના વિસ્તારમાં રહેતી મહિલાઓ અને સ્થાનીક રહિશો દ્વારા થોડા દિવસ પહેલા પ્રાથમિક સુવિધાઓ મુદ્દે રસ્તા પર બેસી ચક્કાજામ કર્યો હતો જે મામલે બી-ડિવીઝન પોલીસે જાગૃત નાગરિક સહિત ચક્કાજામ કરનાર મહિલાઓ અને પુરૂષો સામે જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણ મુળચંદ રોડ પર કેસરીયા બાલમ વિસ્તારમાં રહેતી અંદાજે ૧૦ થી ૧૨ મહિલાઓ તેમજ ૦૨ થી ૦૩ અજાણ્યા પુરૂષોએ જાગૃત નાગરિક કમલેશ કોટેચાની આગેવાનીમાં પ્રાથમિક સુવિધાઓ સહિત સ્થાનીક વિસ્તારની સમસ્યાઓ અંગે સુરેન્દ્રનગર વઢવાણ રોડ પર રસ્તા પર બેસી ચક્કાજામ કર્યો હતો અન્ય વાહન ચાલકોની જીંદગી જોખમાય તેવી રીતે રસ્તાની વચ્ચે બેસી જઈ અવરોધ ઉભો કર્યો હતો જેની જાણ થતાં બી-ડિવીઝન પોલીસ કાફલો સ્થળ પર આવી પહોંચ્યો હતો અને ચક્કાજામ મામલે તેમજ રસ્તો બંધ કરી ૦૫ થી વધુ માણસો ભેગા કરવા બદલ મંજુરી લીધી છે કે કેમ? તે બાબતે પુછપરછ કરતા કોઈપણ જાતની મંજુરી કે હુકમ નહિં હોવાનું જણાવ્યું હતું આથી ફરજ પરના પોલીસ સ્ટાફ દ્વારા મહિલાઓને રસ્તા પરથી હટી જઈ રોડ ખુલ્લો કરવા બાબતે જણાવ્યું હોવા છતાં કમલેશ કોટેચાની આગેવાનીમાં મહિલાઓ તથા પુરૂષો દ્વારા રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો નહોતો અને મનપા કમીશ્નર આવશે તોજ રસ્તો ખોલવામાં આવશે તેવી રજુઆત કરી હતી જે મામલે સભા સરઘસ બંધીના જાહેરનામાનું ઉલંઘ્ધન થતું જણાઈ આવતા બી-ડિવીઝન પોલીસના એએસઆઈ મુકેશભાઈ ઉતેરીયા દ્વારા જાહેરનામાના ઉલંઘ્ધન બદલ કમલેશ કોટેચા સહિત ૧૦ મહિલાઓ અને૦૨ પુરૂષો સામેબી-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પોલીસ ડરાવવા ખોટો કેસ કર્યો હોવાનો આક્ષેપ

જ્યારે આ મામલે ફરિયાદનો ભોગ બનનાર જાગૃત નાગરિક કમલેશ કોટેચાના જણાવ્યા મુજબ મનપા તંત્રને અનેક વખત પ્રાથમિક સુવિધાઓ અંગે રજુઆતો કરવા છતાં ઉકેલ ન આ મહિલાઓ અને રહિશોએ ચક્કાજામ કર્યો હતો પરતું પોલીસ દ્વારા ખોટો કેસ કરી લોકોને ડરાવવામાં આવતા હોવાનું જણાવ્યું હતું તેમજ આ પ્રકારના કેસથી પોતે અને તેમની ટીમ ડરશે નહિં તેમજ આવનાર દિવસોમાં પણ લોકોની પ્રાથમિક સુવિધા મુદ્દે તંત્ર સામે મક્કમતાથી લડત આપશે તેમ જણાવ્યુ હતું.

### કાળુભાઈ ટાપુ નજીક હોડી ડૂબી જતાં

# ખંભાળીયાના નાના આંબલા ગામના બે માચ્છીમાર ભાઈના ડૂબી જવાથી મોત

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ખંભાળીયાના નાના આંબલા ગામના એક માચ્છીમાર પરિવારના સીમરાજ અલારખાભાઈ ઘાવડા (ઉ.વ.૨૪) તથા મામદહુસેન અલારખાભાઈ ઘાવડા (ઉ.વ.૨૮) નામના સગાભાઈઓ રવિવારે સઢવાળી હોડી લઈ દરીયામાં માચ્છીમારી કરવા ગયેલ. બાદ કાળુભાર ટાપુ પાસે કરચલા તથા માછલી પકડતા હતા તે દરમ્યાન દરીયાઈ પાણીમાં કરન્ટને લીધે તેમની હોડી હિલોળે ચડયા બાદ ઉથલી ગયેલ અને





દરીયાના અફાટ પાણીમાં ડૂબી જતાં બંને ભાઈઓના કરૂણ મૃત્યુ નિપજેલ. આ અંગે પરિવારને જાણ થતાં અન્ય માચ્છીમારો સાથે સઘન શોધ બાદ બંને ભાઈઓના મૃતદેહો મળ્યા હતા. એક જ પરિવારના બે સગા ભાઈઓના મૃત્યુથી વાડીનાર પંથકમાં અરેરાટી પ્રસરી છે. નાના આંબલા ગામના એક પિતાએ બે દિકરાઓ તેમજ બંને યુવાનના પાંચ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસાની પીક સીઝનમાં દર વર્ષે માચ્છીમારી પર પ્રતિબંધ હોય આમ છતાં આ યુવાનો દરીયામાં ફીશીંગ હેતુ ગયા હતા. આ અંગે પોલીસને જાણ કરાતા પોલીસે બીએનએસએસની કલમ ૧૯૪ હેઠળ અપમૃત્યુનો નોંધ કરી છે.

# પડધરી: કિશોરીના અપહરણકારને ભોગ બનનાર સાથે ઝડપી લીધો

**અબતક રાજકોટ**

પડધરી પોલીસ મથકમાં પાંચ મહિના પહેલા સગીર કિશોરી ના અપરણના નોંધાયેલા બનાવો ને પગલે પોલીસે અપરણકાર ને સગીર કિશોરી સાથે ઝડપી લઈ ધોરણની કાર્યવાહી હાથ કરી હતી.પડધરી પોલીસ મથકમાં મૂળ મધ્ય પ્રદેશ ના ચાંદપુર ના ડુંગર ગામ પટેલ ફળિયા માં રહેતા અને હાલ ટંકારા ના બંગાવડી ગામે અજીતભાઈ કટારીયા ની વાડીમાં ભાગ્યું રાખીને રહેતા મુકેશ કેમતા ભાઈ બામણીયા ૨૫ સામે સગીર કિશોરી ના અપહરણનો ગુનો નોંધાયો હતો પોલીસે ટેકનીકલ અને બાતમીદારોના નેટવર્ક ને કામે લગાડી મુકેશ ને ભોગ બનનાર સગીરા સાથે ઝડપી લીધો હતોઆ કામગીરીમાં પડધરી પીઆઈ એસ એન પરમાર, અને ટીમના યુવરાજસિંહ ગોહિલ, દશરથસિંહ જાડેજા, જીતેન્દ્રસિંહ જાડેજા એ જહેમત ઉઠાવી હતી.

# ગોંડલમાં નર્સિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનો પીછો કરી પૂર્વ સહપાઠી દ્વારા કરાય પજવણી

## અલગ અલગ મોબાઈલ નંબર પરથી મેસેજ કરી પરેશાન કરતો : રીપ્લાય નહિ આપતાં અપહરણની ધમકી આપતો

### અગાઉ સતામણી નહિ કરવા મામલે સમજૂતી કરાર પણ કર્યો'તો છતાં ધારીનો શખ્સ નહિ સુધરતાં અંતે ગોંડલ બી ડિવિઝન પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

ગોંડલમાં નર્સીંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનો પીછો કરી પૂર્વ સહપાઠી સતત પજવણી કરતો હોવાનો બનાવ સામે આવ્યો છે. અલગ અલગ મોબાઈલ નંબર પરથી મેસેજ કરી વાત કરવા દબાણ કરતા શખ્સને રીપ્લાય નહિ આપતી વિદ્યાર્થીનીને અપહરણ ધમકી આપતાં ધારીના શખ્સ વિરુદ્ધ ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

સમગ્ર બનાવની પ્રાપ્ત વિગત અનુસાર મૂળ અમરેલી જિલ્લાના ખાંભા પથકની વતની અને હાલ ગોંડલના ગોમટા ચોકડી નજીક આવેલી નર્સીંગ કોલેજના હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી ૨૦ વર્ષીય વિદ્યાર્થીનીએ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ત્રંબકપુર ગામના વતની યશ જેન્તીભાઈ કાનાણીનું નામ આપતાં જણાવ્યું હતું કે, અગાઉ વિદ્યાર્થીની ખાંભા પંથકમાં આવેલ ખાનગી શાળામાં અભ્યાસ કરતી હતી. ત્યારે તે જ શાળાની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતો શખ્સ યશ કાનાણી સાથે ઔપચારિક પરિચય થયો હતો. બાદમાં આ શખ્સે યેનકેન પ્રકારે વિદ્યાર્થીનીનો મોબાઈલ નંબર પણ મેળવી લીધો હતો.

બાદમાં યશ કાનાણીએ વિદ્યાર્થીનીને અલગ અલગ નંબર પરથી મેસેજ કરવાનું શરૂ કર્યું હતું. વિદ્યાર્થીનીએ થોડો સમય સુધી મેસેજનો કોઈ રીપ્લાય આપ્યો ન હતો. બાદમાં યશ કાનાણીએ યુવતીને મેસેજ કરી અપહરણ કરી લેવાની ધમકીઓ શરૂ કરી હતી. બાદમાં આ બાબતે વિદ્યાર્થીનીએ પરિજનોને જાણ કરતા પરિજનોએ યુવકના પરિવારજનો સાથે વાત કરી હવે યશ કાનાણી વિદ્યાર્થીનીની પજવણી નહિ કરે તેવો સમજૂતી કરાર કરવામાં આવ્યો હતો.

બાદમાં વિદ્યાર્થીની ઉચ્ચ અભ્યાસ અર્થે ગોંડલ આવી ગઈ હતી. તે પછી પણ મનોવિકૃતે વિદ્યાર્થીનીને મેસેજ કરવાનું બંધ કર્યું ન હતું. ધારીના શખ્સે ગત તા. ૨૫-૦૬-૨૦૨૫ થી ૨૭-૦૬-૨૦૨૫ સુધી સતત ત્રણ દિવસ સુધી ગોંડલ ખાતે ધસી આવી વિદ્યાર્થીનીનો પીછો કર્યો હતો અને મેસેજ કરી મારી સાથે વાત નહિ કરે તો તને બરબાદ કરી દઈશ, અપહરણ કરી લઈ તેવી ધમકીઓ આપતો હતો. અંતે વિદ્યાર્થીનીએ ફરીવાર પરિજનોને જાણ કરી હતી. જે બાદ પરિજનોએ હિંમત આપતાં વિદ્યાર્થીનીએ ફરિયાદ નોંધાવી હતી.

૨૦ વર્ષીય વિદ્યાર્થીનીની ફરીયાદ પરથી ગોંડલ બી ડિવિઝન પોલીસે ધારીના યશ કાનાણી વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ અને બીએનએસની કલમ ૭૮(૨), ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# ગોંડલ: લોખંડ ચોરીનો ભેદ ઉકેલયો, બેને દબોચી લીધા

## ગુનેગારો સામે પોલીસના આકરા વલણથી અપરાધીઓમાં ફફડાટ :૫ લાખનો મુદ્દામાલ કબજે

**અબતક, રાજકોટ**

ગોંડલ પોલીસે લોખંડ ચોરીનો ભેદ ઉકેલ ચોરીના માલ સાથે બે ઈસમોને દબોચી લીધા હતા રાજકોટ રેન્જમાં ચોરી અને ગેરકાનૂની પ્રવૃત્તિને અંકુશમાં લેવાના પોલીસ મહાન નિરક્ષક અશોકકુમાર યાદવ ના આદેશના પગલે પોલીસે ગુનેગાર ઉપર ધોંસ બોલાવતા ગુનેગારોમાં ફફડાટ ફેલાયો છે.



આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ તાલુકા પોલીસ ની સર્વેલેન્સ ટીમ પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમીના આધારે રાજા મેલડી લખેલી બોલેરો,, જી જે ૨૭ એક્સ ૭૬૨૯ અટકાવી તલાસી લેતા તેમાંથી ભોલા ઠાકરશી વિરમગામિયા સરધાર અને મહેશ પરસોતમ વાઘેલા મુળ ધારી હિમખીમડી વાળો મળી આવ્યા હતા અને ગાડીમાંથી લોખંડી પ્લેટો મળી આવતા પૂછપરછ દરમિયાન આપલેટો ૭દિવસ પહેલા રાત્રિના સમયે જામવાડી ગામના ગેટ પાસે ચાલતા હાઈવે ના કામ ની સાઈટ લોધીકા પોલીસ સ્ટેશન ની હદમાં ટીલાળા ચોકથી આગળ કણકોટ રોડ પેટ્રોલ પંપ નજીક સારસ્રૂત ગૌશાળા નજીકની ખુલ્લી જગ્યા માંથી ચોરી કર્યા હોવાનું કબૂલ્યું હતું પોલીસે ૪ લાખની બોલેરો અને ૧,૦૫૦૦૦ની કિંમતના લોખંડ ની પ્લેટોનો મુદ્દામાલ કબજે કરી ગોંડલ તાલુકા પોલીસે ચોરીનો ભેદ ઉકેલ આરોપી અને મુદ્દા માલ સાથે ઝડપી લીધા હતા આ કામગીરીમાં ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ આર જે ખાચર અને ટીમના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# ચરાડવા: મહાકાળી આશ્રમમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો, ચાર શખ્સની ધરપકડ

## મોરબી ક્રાઈમ બ્રાંચે રૂા.૨.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો: ધ્રાંગધ્રા અને વસ્તડી ખાતે મેલડી માતાજીના મંદિરમાં હાથફેરા કર્યાની કબુલાત



મોરબીના ચરાડવા મહાકાળી આશ્રમમાં બે દાનપેટી સહિત ધાંગધ્રા તથા વસ્તડી મેલડી માતાજીના મંદીરમાં એમ ત્રણ મંદિરમાં થયેલ ચોરીનો ભેદ ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા ઉકેલી ચાર આરોપીને રોકડા રૂપીયા, ચોરીમાં ગયેલ દાનપેટીની રકમ, સોના તેમજ ધાતુના દાગીના તથા કાર મળી કુલ કિ.રૂ. ૨,૯૧,૦૦૫/- ના મુદામાલ સાથે પકડી ચારેય આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ ફુલ જોગણી મેલડીમાતાના મંદિરની બાજુમાં આવેલ ક્રિષ્નાપાર્કની સામે ખરાબામાં આવેલ મહેશ દેવીપુજકના ઝુપડામાં મહેશ, પ્રતાપ, ચેતન દેવીપુજક તથા પરબત ભરવાડ છે જે ચારેય ઈસમોએ હળવદ તાલુકાના ચરાડવા ગામે આવેલ મહાકાળી આશ્રમમાં મંદીરમાંથી ચોરી કરેલ હોવાની હકીકત મળેલ હોય અને તેઓ પાસે આ ચોરીનો મુદામાલ હોવાની ચોક્કસ હકીકત મળેલ હોય જેથી તુરંત ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે ઉપરોક્ત ઝુપડાંમાં તપાસ કરતા તે જગ્યાએથી ચાર ઈસમો ચોરીના મુદામાલ રોકડા રૂપીયા તથા દાગીના સાથે મળી આવેલ હતા.તમામ આરોપીઓની યુક્તિ પ્રયુક્તીથી વિષેશ પુછપરછ કરતા પોતે ચારેય મળી હળવદ વિસ્તારમાં ચરાડવા નજીક આવેલ મહાકાળી આશ્રમ ખાતે તથા ધાંગધ્રા સીટીમાં નદીના કાંઠે આવેલ મસાણની મેલડી માતાજીના મંદીરમાં તથા વસ્તડી ખાતે આવેલ સામાકાંઠા વાળા મેલડી માતાજીના મંદીરમાં આશરે દશેક દિવસના સમય ગાળામાં રાત્રીના સમયે અલગ-અલગ વાહનોમાં જઈ મંદીરમાં પ્રવેશી મંદીરમાં રહેલ દાન પેટીમાંથી રોકડા રૂપીયા તથા માતાજીને ચડાવેલ સોના તથા ધાતુના દાગીનાઓની ચોરી કરેલ હોવાની હકીકત જણાવેલ જેથી આરોપીઓ પાસેથી રોકડા રૂ.૩૯,૭૫૦/- તથા પરચુરણ રૂ.૫૭૫૫/- રૂપીયા મળી કુલ રોકડા રૂપીયા ૪૫,૫૦૫/-, ખોટી ધાતુના હાર નંગ-૫ જેની કિ.રૂ.૧૦૦૦/-, સોનાની નથળી સેર વાળી નંગ-૦૧ કિ.રૂ.૪૪,૫૦૦/- તથા ફોર્ડ ફિગો ગાડી રજી.નં. જીજે-૧૨-એકે-૭૭૩૧ કિ.રૂ.૨ લાખ મળી કુલ કિ.રૂ.૨,૯૧,૦૦૫/- નો મુદામાલ કબ્જે કરેલ પાસેથી મળી આવેલ છે.પકડાયેલ આરોપીઓ દિવસ દરમ્યાન દેવદર્શન કરવા મંદિરમાં જઈ મંદીરમાં રેકી કરી મોડી રાત્રીના સમયે મંદિરોમાં જઈ કોઈ સાધન વડે મંદિરમાં રાખવામાં આવતી દાનપેટી તોડી તથા મંદિરમાં દેવસ્થાન ઉપર ચડાવેલ સોના તથા ધાતુના દાગીનાઓની ચોરીઓ કરવાની ટેવ વાળા છે.

# ચોરાઉ બે મોટર સાયકલ સાથે રીઢા ચોરને ઝડપી લેવાયો

## ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી બે બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો



મોરબી શહેરમાંથી બે બાઈક ચોરીનો ભેદ ઉકેલી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે એક રીઢા વાહન ચોરને પકડી લીધેલ છે, આ સાથે પકડાયેલ ઈસમ પાસેથી ચોરીના બે બાઈક કબ્જે લઈ આગળની કાર્યવાહી સબબ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે.

મોરબી એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કવોડ ટીમ મિલકત સંબંધી ગુનાઓ શોધવા પ્રયત્નશીલ હોય તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના હેડ કોન્સ. ઈશ્વરભાઈ કલોતરા, ભરતભાઈ જિલરીયા, કોન્સ ભગીરથસિંહ ઝાલા તથા વિક્રમભાઈ રાઠોડને ખાનગી બાતમી મળી કે મચ્છુ નદીના બેઠા પુલ પાસે આવેલ ખાખરેચી દરવાજા પાસેથી ઈસમ હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ સાથે આંટા મારતા શંકાસ્પદ હાલતમાં જોવા મળેલ છે, જેથી તપાસ કરતા એક સ્પ્લેન્ડર સાથે તેને પકડી લઈ, મોટર સાયકલ બાબતે ઈસમને વિશ્વાસમાં લઈ યુકતી પ્રયુક્તિથી પુછપરછ કરતા પોતે આ મોટર સાયકલ તથા બીજુ એક ડ્રીમ યુગા મોટર સાયકલ તેને મોરબી શહેરમાંથી ચોરેલ હોય અને બન્ને મોટર સાયકલ તેની પાસે હોય જેથી આ તેની પાસે રહેલ હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ તથા બીજુ ચોરેલ મોટર સાયકલ ડ્રીમ યુગા મોટર સાયકલ બાબતે ઈ-ગુજકોપમાં સર્ચ કરતા આ બન્ને મોટર સાયકલ જે મોરબી શહેરમાંથી ચોરી થયેલ હોવાનુ સામે આવ્યું હતું, અને મોટર સાયકલ ચોરી અંગે સીટી એ ડિવિઝન પોલીસ મથક ખાતે ગુન્હોઓ રજીસ્ટર થયેલ હોય જેથી આરોપી મુસ્તાકભાઈ અબ્દુલભાઈ ચાનીયા રહે. મોરબી કાલીકા પ્લોટ વાળા પાસેથી મળી આવેલ બન્ને મોટર સાયકલ કબ્જે લઈ, પકડાયેલ આરોપીને હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકે સોપી આપેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પકડાયેલ આરોપી મુસ્તાક ચાનીયા વિરુદ્ધ અગાઉ પણ મોરની સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહીબિશન અને વાહન ચોરી સહિતના ત્રણ ગુનાઓ નોંધાયેલા છે.

# સ્ત્રીઓને ઘરેલું હિંસા સામે રક્ષણની જાગૃતિ અંગે સેમિનાર યોજાયો



**અબતક, મોરબી**

જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી મોરબી દ્વારા સતવારા સમાજની વાડી, વાઘપરા, મોરબી ખાતે મહિલાઓને કાયદા નિષ્ણાંત નસીમબેન ખોખર દ્વારા ઘરેલું હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ વિષે વિસ્તૃત સમજ આપતા જો કોઈ મહિલા ઘરેલું હિંસાનો ભોગ બને તો તેમને શું પગલાં લેવા તે અંગે વિગતે માહિતી આપવામાં આવી હતી. જીલ્લા મહિલા અને બાળ અધિકારી જે.બી. ત્રિવેદી દ્વારા વિવિધ મહિલાલક્ષી યોજનાઓ વિશે માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# વેલનેસ સ્પાની સંચાલકની અટક

મોરબી એસ.ઓ.જી. દ્વારા શનાળા રોડ સ્થિત વેલનેસ સ્પા પર દરોડા દરમ્યાન સ્પાના સંચાલકે વર્કરોના બાયોડેટા પોલીસ સ્ટેશનમાં નોંધાવ્યા ન હોવાનું સામે આવતા, જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ હેઠળ સંસાગલકની અટક કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી એસઓજી ટીમ શહેર વિસ્તારમાં ચાર્ટર મુજબ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન શનાળા રોડ દરીયાલાલ સ્કવેર ખાતે શોપ નં. ૧૦૭, ૧૦૮ વેલનેસ સ્પામાં તપાસની કામગીરી અર્થે પહોંચ્યા હતા. જ્યાં સ્પાના રિસેપ્શન પર હાજર સંચાલક હિતેન્દ્ર ઉર્ફે કાનો રાણપરાની પુછપરછ દરમિયાન સ્પામાં કામ કરતી વર્કરોના બાયોડેટાના ફોર્મ પોલીસ સ્ટેશનમાં નોંધાવ્યા ન હોવાનું જણાવતા, જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામાના ઉલ્લંઘન બદલ સ્પા સંચાલક આરોપી હિતેન્દ્ર ઉર્ફે કાનો પ્રવિણભાઈ રાણપરા ઉવ.૩૯ રહે. શનાળા રોડ હાઉસિંગ બોર્ડ મોરબી વાળાની અટક કરી તેની વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકે બીએનએસ કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લાના લઘુ ઉદ્યોગ ભારતીના પ્રમુખ પદે દિનેશ હરીપરાની વરણી



ઉદ્યોગ હિત અને રાષ્ટ્ર નિર્માણમાં આર્થિક મજબૂતી વધે તેમજ યુવાનો આત્મનિર્ભર બને, નાગરિકો સ્વદેશી બને તથા રોજગાર વધે તેવા ઉમદા હેતુથી કાર્ય કરતા ભારતના સૌથી મોટા ઉદ્યોગ સંગઠન લઘુ ઉદ્યોગ ભારતીની મોરબીના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

જીલ્લા પ્રમુખ પદે દિનેશભાઈ હરિપરા, જીલ્લાના મહામંત્રી તરીકે ઉત્તમભાઈ ત્રાસડીયા, જીલ્લાના ઉપપ્રમુખ તરીકે સુરેશભાઈ સરડવા, ખજાનચી તરીકે હસમુખભાઈ હાલપરા અને સહમંત્રી તરીકે દિવ્યેશભાઈ એરણિયાની નિયુક્તિ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સંવાદ કરતા સૌરાષ્ટ્ર પ્રાંતના મહામંત્રી જયભાઈ માવાણીએ લઘુ ઉદ્યોગ ભારતીનો પ્રાથમિક પરિચય, કાર્યો અને સિદ્ધિઓથી ઉપસ્થિત સૌને પરિચિત કરાવ્યા હતા.

ઉપરોકત કાર્યક્રમમાં લઘુ ઉદ્યોગ ભારતીના મોરબી જીલ્લાના સદસ્યો, સંસ્થાના અન્ય અધિકારીગણ તથા વરિષ્ઠ સદસ્યો હાજર રહ્યા હતા.

# મનપા દ્વારા નાઈટ ડ્રાઈવ યોજી ૨૨ ઘરવિહોણા લોકોને આશ્રયગૃહમાં મોકલાયા



મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખાની ડે. એન. યુ. એલ. એમ. યોજના અંતર્ગત પંડિત દીનદયાળ અંત્યોદય આજીવિકા મિશન હેઠળ શહેરી ઘરવિહોણા લોકોને મદદરૂપ થવા માટે મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે નિઃશુલ્ક રહેવા, જમવા અને અન્ય આધારભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આ આશ્રયગૃહનું સંચાલન શ્રી સિદ્ધિ ખાદીગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા થાય છે. આ કાર્યક્રમના ભાગરૂપે તા. ૨૮ જૂન ૨૦૨૫ ના રોજ રાત્રીના શહેરમાં નાઈટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગરપાલિકા યુ.સી.ડી. શાખાના કર્મચારીઓ, સંચાલક સંસ્થા સ્ટાફ અને મોરબી પોલીસ સ્ટાફ સાથે મળીને શહેરના જાહેર રસ્તાઓ, ફૂટપાથ અને અન્ય ખુલ્લા વિસ્તારોમાં સૂઈ રહેલા ઘરવિહોણા લોકોના સંપર્કમાં આવી તેઓને કાઉન્સેલિંગ દ્વારા આશ્રયગૃહમાં રહેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ નાઈટ ડ્રાઈવ દરમિયાન કુલ ૨૨ ઘરવિહોણા લોકો અને તેમના પરિવારજનોને સ્થળાંતરિત કરીને મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા.

# ટંકારા: લજાઈ ગામની સીમમાં બાઈક ઉપર દેશી દારૂની ખેપ મારતા એકની અટક

ટંકારા લજાઈ ગામની સીમમાં ભરડીયા રોડ ઉપર મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એબી-૨૮૧૬ ઉપર શંકાસ્પદ હાલતમાં કાપડની થેલી લઈને જતા એક ઈસમને રોકી તેની પાસે રહેલ થેલીની તલાસી લેતા, તેમાંથી દેશી દારૂ ભરેલ ૩૦ બુંગિયા અંદાજે ૬ લીટર મળી આવ્યા હતા.

જેથી તુરંત આરોપી વિરજીભાઈ ભાણાભાઈ વાઘેલા ઉવ.૫૯ રહે.ટંકારા હડમતીયા રોડ નદીના સામાકાંઠે વાળાની અટકાયત કરી હતી.

આ સાથે પોલીસે પકડાયેલ આરોપી પાસેથી મોટરસાયકલ તથા દેશી દારૂના જથ્થા સહિત કિ.રૂ.૨૧,૨૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈને આરોપી વિરુદ્ધ પ્રોહી.હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# ટ્રકે મોટર સાયકલને ટક્કર મારતા એકનું મોત, એક વ્યકિત ઈજાગ્રસ્ત

મોરબી તાલુકાના ભરતનગરથી આગળ હરિપર કેરાળા ગામના પાટીયા પાસે ટ્રક ટ્રેઈલરે મોટર સાયકલને પાછળથી ઠોકરે ચડાવતા, મોટર સાયકલ સવાર બંને મિત્રો રોડ ઉપર પટકાયા હતા, જેમાં મીટર સાયકલ ચાલક યુવકને છાતીના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું.

મળતી વિગતો મુજબ, મોરબીના લખધીરપુર રોડ ઉપર હોલીસ સીરામીકમાં લેબર કોલોનીમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના વતની વિરેન્દ્રભાઈ હીરાલાલ સેન ઉવ.૨૦ અને તેમનો મિત્ર બેટુભાઈ સુરેશભાઈ પારધી રહે. હાલ ગાલા ગામ નજીક ફ્યુચર સીરામીક મૂળ મધ્યપ્રદેશ વાળા ગઈ તા.૨૯/૦૬ ના રોજ રાત્રીના હોલીસ સીરામીક લખધીરપુર રોડ ઉપરથી ગાળા ગામ ફ્યુચર સીરામિકે હીરો કંપનીનું ડિલક્ષ મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-ક્યુ-૪૯૭૩ લઈને જતા હતા ત્યારે ભરતનગરથી હરિપર કેરાળા ગામના પાટીયા પાસે પહોંચ્યા હતા, તે દરમિયાન ટ્રક-ટ્રેઈલર રજી.નં. જીજે-૧૨-એઝેડ-૦૧૬૩ ના ચાલકે પોતાના હવાલા વાળું વાહન ફૂલ સ્પીડમાં તથા બેદરકારી રીતે ચલાવી આગળ જઈ રહેલા મોટર સાયકલને એકદમ જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, અકસ્માતમાં મોટર સાયકલ સવાર બંને મિતો રોડ ઉપર પટકાયા હતા, ત્યારે મોટર સાયકલ ચાલક બેટુભાઈ સુરેશભાઈને છાતીમાં અને શરીરે ઈજાઓ પહોચતા તેનું કરૂણ મોત થયું હતું. જ્યારે મોટર સાયકલ પાછળ બેઠેલા વિરેન્દ્રભાઈને માથામાં ઈજાઓ પહોંચી હતી.

# ફાટસર ગામે બીમારીથી કંટાળી પ્રોઢે ગળે ટૂંપો ખાઈ જીવન ટૂંકાવ્યું

મોરબી તાલુકાના ફાટસર ગામે ઈન્દિરા આવાસમાં રહેતા રમેશભાઈ પેથાભાઈ પરમાર ઉ.વ.૫૫ને છેલ્લા સાત-આઠ વર્ષથી મગજની બીમારી હોય જેના કારણે ક્યારેક ક્યારેક આંચકીઓ આવતી હોય અને આ માટેની તેની દવા પણ ચાલુ હોય ત્યારે આ બીમારીથી કંટાળીને પોતાના ઘરના રૂમમાં પોતાની જાતે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા રમેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે તાલુકા પોલીસ દ્વારા મૃત્યુના કરણ નબતની તપાસમાં મૃતકના પુત્ર ભરતભાઈ પાસેથી પ્રાથમિક વિગતો મેળવી પોલીસે આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# બોલેરોમાં મશીન ચડાવતા સમયે પાઈપ માથે પડતા શ્રમિકનું મોત

મોરબીના રાજપર રોડ ઉપર વિઝન પ્લાસ્ટિક કારખાનાની લેબર કોલોનીમાં રહેતા મૂળ બિહાર રાજ્યના બકસર જીલ્લાના દખીનાવા ગામના રહેવાસી રમેશરામ મોશાફિરરામ ઉવ.૪૦ ગત તા.૩૦/૦૬ ના રોજ વિઝન પ્લાસ્ટિક કારખાનામાં ચેન કપાથી એક મશીન બોલેરો પીકઅપમાં ભરતા હોય, તે દરમિયાન ચેન કપાનુ સ્ટ્રક્ચર તુટી જતા, જેનો પાઈપ રમેશભાઈને માથામાં લાગતા, તેમને મેથ્સમાં ગંભીર ઈજા પહોચતા તેઓને બેભાન હાલતમાં ૧૦૮ મારફતે પ્રથમ મોરબી સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવારમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ચાલુ સારવાર દરમ્યાન રામેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું.

ત્યારે પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોત રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના વઘાસીયા ટોલનાકા નજીક અજાણ્યા વાહનની ઠોકરે બાઈક ચાલકનું મોત

વાંકાનેર નેશનલ હાઈવે ઉપર વધુ એક માર્ગ અકસ્માતની ઘટનામાં વાંકાનેર તાલુકાના ગાંગીયાવદર ગામના ૧૯ વર્ષીય આશાસ્પદ યુવકનું મૃત્યુ નીપજ્યું હતું, અકસ્માતના આ બનાવમાં વઘાસીયા ટોલનાકા નજીક કોઈ અજાણ્યા વાહનની ઠોકરે મોટર સાયકલ ચાલક યુવક રોડ ઉપર પટકાતા તેને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા સારવાર મળે તે પહેલાં યુવકનું મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો, ત્યારે મૃતક યુવકના પિતાની ફરિયાદના આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપી અજાણ્યા વાહનના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

વાંકાનેર તાલુકાના ગાંગીયાવદર ગામે રહેતા જયદીપભાઈ દીપકભાઈ ખીમાભાઈ ખમાણી ઉવ.૧૯ વઘાસીયા જીઆઈડીસીમાં આવેલ રોમેક્સ સીરામીક કારખાનામાં ગઈ તા.૩૦/૦૬ના રોજ નાઈટ શિફ્ટમાં નોકરીએ ગયેલ હતો. ત્યારે રાત્રીના જયદીપ નાસ્તો લેવા મોટર સાયકલ જીજે-૦૩-એફએસ-૯૦૫૬ લઈને કારખાનેથી બહાર ગયો હતો, ત્યારે વઘાસીયા ટોલનાકા નજીક વૃદાવન હોટલ સામે રોડ ઉપર કોઈ અજાણ્યા વાહને જયદીપને મોટર સાયકલ સહિત હડફેટે લેતા જયદીપ રોડ ઉપર પટકાતા, તેને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી,

અને તેનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે અકસ્માતની આ ઘટનામાં અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી પોતાનું વાહન સ્થાઉપરથી લઈને નાસી ગયો હતો,

ત્યારે મૃતક યુવકના પિતા દીપકભાઈ ખીમાભાઈ ખમાણીએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપીને પકડી લેવા તપાસની તજવીજ હાથ ધરી છે.

# વાંકાનેર: સાંસદ કેસરીદેવસિંહ આયોજીત ગુજરાત કબડ્ડી લીગમાં વડોદરાની ટીમે બાજી મારી

## ૧૨ ટીમોના ૧૭૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાં વિજેતાઓને ટ્રોફી, પુરસ્કાર આપી સન્માનીત કરાયા

**અબતક,લિતેશ ચંદારાણા, વાંકાનેર**



રાજ્યસભા સાંસદ કેસરીદેવ સિંહ આયોજિત ગુજરાત કબડ્ડી લીગ વાંકાનેર ખાતે આયોજન થયેલ હતું જેના આયોજક કમિટી માં કિશન દલસાણીયા (સેક્રેટરી) ગાંધીનગર અને જે.પી ગોહિલ (સેક્રેટરી) ગાંધીનગરની આગેવાની માં કબડ્ડી લીગ નું આયોજન થયેલ હતું જેમાં ગુજરાત ભર માંથી નેશનલ લેવલ ના ૧૭૦ થી વધુ ખેલાડી મિત્રો એ ભાગ લીધો હતો જેમાં વડોદરા અમદાવાદ આણંદ ખેડા ગાંધીનગર નવસારી સુરતગ્રામ્ય મોરબી સુરત સીટી ગીરસોમનાથ અને આયોજક ની ટીમમાંથી વાંકાનેર એમ મળીને કુલ ૧૪ ટીમ ભાગ લીધો હતો જેમાં ૫ દિવસના કાર્યક્રમ માં ૪ દિવસ લીગ મેચની ટોપ ૪ ટીમ વચે છેલ્લા દિવસે સેમિફાઈનલમાં વડોદરાની સામે ગાંધીનગર અને આણંદ ની સામે સુરત ગ્રામ્ય ની મેચ થાય હતી બને સેમિફાઈનલ ની મેચમાંથી ફાઈનલ માટે વડોદરા આણંદ સામ સામે જંગી જોરદાર મુકાબલો થયો હતો ને અંતે ૩ પોઈન્ટ થી વડોદરા એ ફાઈનલ મેચ જીત્યો હતો બધા મેચ દરમિયાન બેસ્ટ ખેલાડીનો પણ એવોર્ડ આપવામાં આવતા હતા સાથે ફાઈનલ ન દિવસ સે બેસ્ટ રાઈડર, કિશન પંડ્યા વડોદરા બેસ્ટ ઓલ રાઉન્ડર. હાર્દિક ગોજીયા મોરબી બેસ્ટ ડિફેન્ડર વાસ મુંજાલ આણંદ મળ્યો હતો.

આવી રીતે એવોર્ડ,ટ્રોફી અને રોકડ પુરસ્કાર આપી આપી ખેલાડી ને તેમજ ટીમ ને સન્માનિત કરી હતી.

ગુજરાત રાજ્યમાં સાંસદ કબ્બડ્ડી લીગ ટુર્નામેન્ટ વાંકાનેર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ગુજરાત રાજ્ય નેશનલ લેવલ કબ્બડ્ડીના ભાઈઓ ખેલાડીઓ ભાગ લીધો હતો ગુજરાત કબ્બડ્ડી એસોસિએશનની ટોટલ ૧૨ ટીમો ૧૭૦થી પણ વધારે ખેલાડીઓ એ ભાગ લીધો હતો જેમાં વડોદરા જિલ્લાની પ્રથમ નંબરે વિજેતા જાહેર બની હતી અને આણંદ બીજા સ્થાને રહી હતી ગાંધીનગર અને સુરત ત્રીજા ક્રમે અને ચોથા સ્થાને રહી હતી આ ટુર્નામેન્ટ પાંચ દિવસ વાંકાનેર અમરસિંહ હાઈસ્કૂલ ખાતે ચાલી હતી જેમા નેશનલ લેવલ અને ઈન્ટરનેશનલ ખેલાડી આ ટુર્નામેન્ટ ઉત્સાહ વધારવા માટે આવ્યા હતા વાંકાનેર ખાતે કબ્બડ્ડી ટુર્નામેન્ટનું ખૂબ સરસ અને સુંદર આયોજન કરવામાં આવ્યું હતું...

આ ટુર્નામેન્ટના આયોજન સાંસદ કેશરીદેવસિંહ ઝાલા દ્વારા તમામ ખેલાડીઓ તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે ઉતરોત્તર કબ્બડ્ડી સ્પર્ધામાં ઉચ્ચ સિદ્ધ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# વાંકાનેર: કાશીપર ગામે ખેડૂતનો ગળેફાંસો ખાઈ આપઘાત

વાંકાનેર તાલુકાના કાશીપર ગામની સીમમાં આવેલ વાડીએ ૪૪ વર્ષીય ખેડૂત મુન્નાભાઈ લખમણભાઈ માલકીયા રહે.કાશીપર ગામ તા.વાંકાનેર વાળાએ કોઈપણ કારણોસર ગળેફાંસો ખાઈ લેતા તેઓને સારવાર સબબ વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે જોઈ તપાસી તેઓને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, અકાળે મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની એન્ટ્રી કરી આગળની તપાસ ચલાવી છે.

# જો મંદિરમાં આરતી કરી તો 'ક્રાંતિ' થશે : 'ક્રાંતિકારી' પી.ટી.જાડેજા

## ક્ષત્રિય આગેવાને અમરનાથ મંદિરના સ્વયંસેવકને ધમકી આપતાં રાજકોટ તાલુકા પોલીસમાં ગુનો


## મંદિરના પ્રવેશદ્વાર બહાર મુકેલાયેલુ મહાઆરતીનું બોર્ડ પણ ઉઠાવી ગયાની રાવ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બિગ બજાર પાછળ આવેલા અમરનાથ મહાદેવ મંદિરમાં મહા આરતી ન કરવા દેવા માટે મંદિરના સેવકને ક્ષત્રિય અગ્રણી પ્રવિણસિંહ ટપુભા જાડેજા(પી ટી જાડેજા)એ ધમકી આપી હતી કે કાલે મંદિરમાં આરતી કરતા નહીં, નહિતર લોહિયાળ ક્રાંતિ થશે તેમ કહી અહીં મંદિર બહાર મહાઆરતીનું બેનર પણ કાઢી નાખ્યું હતું. આ અંગે તાલુકા પોલીસ સ્ટેશનમાં પી.ટી.જાડેજા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવ અંગે રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ગિરિરાજ હોસ્પિટલ પાસે નવજોત પાર્ક શેરી નંબર ૪ માં શ્રીનાથજી કૃપા મકાનમાં રહેતા વેપારી જસ્મીનભાઈ ભરતભાઈ મકવાણા (ઉ.વ ૪૪) દ્વારા સાંઈનગર સોસાયટીમાં રહેતા ક્ષત્રિય અગ્રણી પ્રવિણસિંહ ટપુભા જાડેજા (પી.ટી. જાડેજા) વિરુદ્ધ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, ફરિયાદી મવડી પ્લોટ ખાતે શિવ ગ્રાઈન્ડીંગ નામે કારખાનું ધરાવે છે તેઓ બિગ બજાર પાછળ આવેલ અમરનાથ મહાદેવ મંદિરમાં સ્વયંસેવક તરીકે છેલ્લા ૨૫ વર્ષથી સેવા આપે છે. આ મંદિરમાં દર્શન માટે મહા આરતીનું આયોજન થાય છે. જેમાં હિન્દુ શાસ્ત્ર વિધિ અનુસાર આરતી કરવામાં આવે છે અને આરતીમાં દર સોમવારે અંદાજે ૮૦૦ જેટલા માણસો પણ ભાગ લે છે. સાંઈનગર સોસાયટી ખાતે રહેતા પી.ટી. જાડેજા પહેલા આ મંદિરના ટ્રસ્ટી હતા.



ગઈ તારીખ ૨૧/૪/૨૦૨૫ ના રોજ સાંજના સાતેક વાગ્યાના અરસામાં સોસાયટીના લોકો દ્વારા અમરનાથ મંદિરમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવનાર હોય જે બાબતે મંદિરના પ્રવેશદ્વારની બાજુમાં અમરનાથ યુવા ગ્રુપ દ્વારા આયોજિત મહાઆરતી લખેલું એક બોર્ડ બેનર લગાવવામાં આવ્યુ હતું. જેના એક દિવસ પહેલા એટલે કે તા. ૨૦/૪/૨૦૨૫ ના સાંજના ફરિયાદીને પી.ટી.જાડેજાનો ફોન આવ્યો હતો અને તેમની સાથે ૪૫ મિનિટ સુધી વાત કરી મંદિરમાં આરતી ન કરવા ધમકી આપી જેમ તેમ બોલવા લાગતા ફોન રાખી દીધો હતો.

ત્યારબાદ રાત્રે દશેક વાગ્યે પી.ટી. જાડેજાનો ફરીથી ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, કાલે મંદિરમાં આરતી કરતા નહીં, નહિતર લોહિયાળ ક્રાંતિ થશે અને હું મંદિરમાં તાળું મારી દઈશ અને તું તો હવે મંદિરમાં આવતો જ નહીં, તને તો હું જોઈ લઈશ તું તો ગયો જ છે તલવાર લઈને ત્યાં બેસીસ એમ કહી ગાળો આપી મંદિરમાં ન આવવા બાબતે ધમકી આપી હતી.

ત્યારબાદ બીજા દિવસે એટલે કે તારીખ ૨૧/૪ ના મંદિરમાં લગાવેલ મહા આરતીના બોર્ડ બેનર પણ પી.ટી. જાડેજા કાઢીને લઈ ગયા હતા. સાંજે આરતીમાં કોઈ વિક્ષેપ ઊભો ન થાય તે માટે ૧૦૦ નંબર પર જાણ કરી હતી અને પોલીસને બોલાવી હતી. પોલીસ બંદોબસ્ત વચ્ચે મહાઆરતી પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારબાદ તારીખ ૨૩/ ૪ ના બુધવારના રોજ રાત્રિના ૯:૩૦ વાગ્યે ફરિયાદીને ફરી પી.ટી.જાડેજાનો ફોન આવ્યો હતો અને ધમકી આપી હતી કે, તે દાદાગીરીથી આરતી કરી છે હવે જોયા જેવી થશે કહી ફરિયાદી તથા અન્ય સેવકો વિશે અભદ્ર ભાષામાં ધમકી આપી હતી.

પી.ટી જાડેજા માથાભારે અને ઝનૂની સ્વભાવના હોય અને તેઓ અવારનવાર મંદિરમાં લોકો એકઠા થયા હોય ત્યારે તેમની પાસે રહેલ કૂતરો લઈને આવે છે તેનાથી લોકોને ડરાવતા હોય જેથી ફરિયાદીની સોસાયટીના તથા મંદિર સાથે સંકળાયેલ કાર્યકર મયુરસિંહ રાણા સાથે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં પી.ટી.જાડેજા વિરુદ્ધ આ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે ક્ષત્રિય અગ્રણી પ્રવિણસિંહ ટપુભા જાડેજા વિરુદ્ધ બીએનએસની કલમ ૩૫૧(૩), ૩૫૨ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### મંદિરમાં કૂતરૂ લઈને આવતા અને બધાને ડરાવતા : ફરિયાદી

ફરિયાદીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પી ટી જાડેજા માથાભારે અને ઝનૂની સ્વભાવના હોય અને તેઓ અવારનવાર મંદિરમાં લોકો એકઠા થયા હોય ત્યારે તેમની પાસે રહેલ કૂતરો લઈને આવે છે તેનાથી લોકોને ડરાવતા હોય છે. ઉપરાંત આરતી બાબતે ધમકી આપતાં પોલીસ બંદોબસ્ત વચ્ચે આરતી કરવામાં આવી હતી. જેથી પી ટી જાડેજાએ ફોન કરી હવે તો જોયા જેવી થશે કહી ફરીવાર ધમકી આપી હતી.


## ધમકીને પગલે પોલીસ બંદોબસ્ત વચ્ચે મહાઆરતી કરવાની ફરજ પડી : તે દાદાગીરીથી આરતી કરી છે હવે જોયા જેવી થશે કહી ફરીવાર ધમકી આપતાં ફરિયાદ

# અમરેલી સિવિલ હોસ્પિટલ પરિસરમાં કાર ચડાવી હત્યાનો પ્રયાસ

## અગાઉ થયેલી ફરિયાદનું મન દુઃખ રાખી ત્રણ લોકોને કચડી નાખવાનો પ્રયાસઃ બે ઘાયલ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી સિવિલ હોસ્પિટલ પરિસરમાં કાર માથે ચડાવીને હત્યાના પ્રયાસનો બનાવ સામે આવ્યો છે. બે દિવસ અગાઉના ઝઘડામાં થયેલી ફરિયાદનું મન દુઃખ રાખીને શખસે અમરેલી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં બેફામ કાર ચલાવીને ત્રણ યુવકને અડફેટે લીધા હતા. અગાઉ સાવરકુંડલામાં રવિ વેગડા અને ભરત ખેતરિયાને દુકાનના ઓટલે બેસવાની ના પાડતા માથાકૂટ થઈ હતી, જે અંગે સાવરકુંડલામાં ગુનો દાખલ થયો હતો. એ બનાવમાં ઈજાગ્રસ્ત રવિ વેગડા અને હિતેશ કેતરિયા અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ હતા. આ દરમિયાન ગત ૩૦ જૂનની રાત્રે રવિ વેગડા, અજય ચૌહાણ



અને હિતેશ ગેલોતર અમરેલી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાંથી પસાર થઈને કેન્ટીન તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ભરત કેતરિયાનો ભાઈ જયસુખ કેરતરિયા પોતાની આઈ-૨૦ કાર નંબર (જીજે-૧૨ ડીએ-૨૫૬૫) લઈને પૂર ઝડપે આવ્યો હતો અને રવિ વેગડાને મારી નાખવાના ઈરાદે ત્રણેય પર કાર ચડાવી દીધી હતી. કારની ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણેય મિત્રો ફંગોળાઈને દૂર ફેંકાયા હતા. કારચાલક જયસુખ કેતરિયાએ આટલેથી ન અટકી નીચે પટકાયેલા યુવક પર કાર રિવર્સ લઈને ફરીથી કચડવાનો પ્રયાસ કરાયો હતો,

અને બાદમાં ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. અકસ્માતમાં અજય ચૌહાણ અને હિતેશ ગેલોતરને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે અમરેલી સિવિલ બાદ રાજકોટ ખસેડાયા છે. સમગ્ર મામલે અમરેલી પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ: ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરતી એજન્સીને રૂ. ૨૫ હજારનો દંડ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મહાનગર પાલિકા દ્વારા પાણીમાં કચરો વહેડાવવા બદલ ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટ એજન્સીને રૂ.૨૫,૦૦૦ નો દંડ ફટકારાયો છે..

જુનાગઢ મહાનગરમાં હાલ ડોર ટુ ડોર કચરાનું કલેક્શન ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટ એજન્સી દ્વારા ગત તા. ૩૦/૬/૨૦૨૫ના રોજ તેમના ટીપર વાહનમાં રહેલ કચરાને પદ્ધતિસર યોગ્ય નિકાલ કરવાને બદલે પાણીમાં વહેડાવવામાં આવ્યો હોવાનો એક વિડિઓ વાયરલ થયો હતો, બાદમાં વિપક્ષ નેતા લલિત પરસાણા દ્વારા વિરોધ કરાયો હતો અને એજન્સી સામે દંડ સહિતના પગલાં લેવા માંગ કરાઈ હતી.

આવી ગંભીર બાબત સામે આવતા મનપા તંત્ર સફાળું જાગ્યું હતું અને કમિશનર તેજસ પરમારની સૂચના અને નાયબ કમિશનર જયેશ પી. વાજા અને સેનીટેશન સુપ્રિ.ના માર્ગદર્શન હેઠળ ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટ એજન્સીને પાણીમાં કચરો વહેડાવવા બદલ નોટિસ ઈશ્યૂ કરી, રૂ. ૨૫,૦૦૦ની પેનલ્ટી ફટકારી, આગામી દિવસોમાં આ પ્રકારે કોઈ બેદરકારી ન થાય તે માટે તાકીદ કરવામાં આવી હતી.

# ફાળદંગ ગામે એક સદી પૌરાણિક મંદિરમાંથી લાખોની કિંમતના આભૂષણોની ચોરી

## વાંધારી મેલડી માતાજીના મંદિરમાં મોડી રાતે બુકાનીધારી તસ્કરો ત્રાટક્યાં : માતાજીને ચડાવેલ સોના-ચાંદીના દાગીના, આભૂષણ અને છતર ચોરી ફરાર

**અબતક, રાજકોટ**


રાજકોટના ફાળદંગમાં આવેલ ૧૦૦ વર્ષ જુના મંદિરમાં બુકાનીધારી ત્રાટક્યા હતાં અને માતાજીને ચડાવેલ સોના-ચાંદીના દાગીના, આભૂષણ અને છતર સહિત લાખોના દાગીનાની ચોરી કરી નાસી છુટ્ટતા કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી હતી.

બનાવ અંગે શહેરના મોરબી રોડ પર જયસન પાર્કમાં રહેતાં મૂળ ફાળદંગ ગામના વતની ગિરિશભાઈ કાનજીભાઈ કથીરિયા (ઉ.વ. ૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને વતન ફાડદંગ ગામે ખેત જમીન આવેલ છે. તેઓના પત્ની કાજલબેન ફાડદંગ ગામના સરપંચ છે.

ગામના વાડી વિસ્તારમાં ફાડદંગ ગામથી ડેરોઈ ગામ તરફ જવાના રસ્તે આશરે ૧૦૦ વર્ષ જૂનુ વાંધારી મેલડી માતાજીનુ મંદિર આવેલ છે, જ્યાં અનેક લોકો દર્શન કરવા માટે આવતા હોય છે, જે મંદિરમાં સવાર-સાંજ આરતી તથા દિવાબત્તી કરવાનુ કામ ગામના મનસુખભાઈ કરમશીભાઈ ખૂટ કરે છે. તેમજ તેઓ અવાર-નવાર મંદીર ખાતે માતાજીના દર્શન કરવા માટે જાય છે. સવારે સાતેક વાગ્યાની આસપાસ ઘરે હતાં ત્યારે મનસુખભાઈનો ફોન આવેલ કે, હુ આજ સવારે વાંધારી મેલડી માતાજીના મંદિરે આરતી કરવા આવેલ અને અહીં મંદિરની બારી તુટેલી હાલતમાં છે, મંદિરનો સામાન વેર વિખેર હાલતમાં છે જેથી તમે જલ્દી અહીં આવી વાત કરતા તેઓ તુરંત જ વાંધારી મેલડી માતાજીના મંદિર ખાતે પહોંચી મંદિરમાં પ્રવેશ કરતા મંદિરની દિવાલમાં આવેલ બારી તુટેલી હાલતમાં તેમજ મંદિરનો સામાન અસ્ત વ્યસ્ત હાલતમાં હતો.

તેમજ માતાજીની મૂર્તિ પાસે આગળના ભાગે રહેલી સ્ટીલની ગ્રીલ પણ તુટેલી હાલતમાં હતી. માતાજીની





### તસ્કર ત્રિપુટી સીસીટીવીમાં કેદ : કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

મુર્તિ જોતા માતાજીને ચડાવેલ સોનાની બુટ્ટી, સોનાની નાકની નથળી નંગ-૧, ચાંદીનુ મોટુ છતર નંગ-૧, ચાંદીનુ નાનુ છતર નંગ-૧, ચાંદીનો મુગટ નંગ-૧, માતાજીના મુખનો ચાંદીનો શણગાર મળી કુલ રૂ.૧.૯૨ લાખનો મુદ્દામાલ ક્યાંય જોવા મળેલ નહીં. જેથી મંદિરમાં રાખેલ સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ ચેક કરતા મંદીરના મુખ્ય પ્રવેશદ્વારની બહાર રસ્તાની તરફ રાખેલ કેમેરામાં રાત્રીના પોણા ત્રણેક વાગ્યાની આસપાસ અજાણ્યા ૩ ઈસમો મોઢે રૂમાલ જેવું બાંધી ચશ્મા પહેરી અને તેમાંથી બે શખ્સોએ પોતાની પીઠ પર બેગ જેવી વસ્તુ રાખી મંદીરની ફરતે ફરતા જોવામા આવેલ બાદ આસપાસમાં તપાસ કરતા અન્ય કોઈ ચીજ વસ્તુ કે રોકડ રકમ ગયેલ ન હોવાનુ માલૂમ પડેલ હતું.

બનાવ અંગેની ફરિયાદ પરથી કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી પીઆઈ બી.પી.રજીયા અને ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને પકડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# જુનાગઢ: મોહરમના તહેવાર સંદર્ભે બેઠક યોજાઈ

## તહેવાર શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ અને જાહેરનામાનો અમલ કરવા કલેકટરના આદેશ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

આગામી તા. ૬ જુલાઈના રોજ જુનાગઢ જિલ્લામાં મોહરમનો તહેવાર શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાયએ માટે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તાજીયાના રુટ, તેની પરવાનગી, તાજિયાના રુટમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ તાજિયાના ઝુલુસ દરમ્યાન રખડતા ઢોર નડે નહીં એ માટેના પગલાં લેવા, રસ્તા રીપેરીંગ, વીજ પુરવઠો અવિરત શરૂ રહે સહિતની બાબતે તકેદારી રાખવા કલેક્ટર એ સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. ખાસ કરીને તાજિયાનો રૂટ પરથી નીકળનાર છે તે રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યાઓ ઉપસ્થિત ન થાય એ માટે જરૂરી બંદોબસ્ત રાખવા પણ જણાવ્યું હતું

કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાયેલી બેઠકમાં કલેક્ટર એ સમય મર્યાદામાં સરઘસ, લાઉડ સ્પીકર વગેરેની પરવાનગી આપવા, દરેક પ્રાંત કચેરી ખાતે સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત કરવા તેમજ મોહરમ પર્વ અંતર્ગત જાહેરનામાની કડકાઈથી અમલવારી કરવા સંબંધીત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

# વિસાવદર લાયન્સ કલબ દ્વારા ડોકટર ડેની ઉજવણી



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

તાજેતરમાં લાયન્સ કલબ વિસાવદર દ્વારા કલબ ના પૂર્વ પ્રેસિડેન્ટ લાયન ભાવેશભાઈ પદમાણી તેમજ પ્રેસિડેન્ટ લાયન રમણીકભાઈ ગોહેલ ના માર્ગદર્શન તેમજ સહયોગ દ્વારા વિસાવદર તાલુકાની દાધિયાપરા પ્રાથમિક શાળા ખાતે શાળાનાં તમામ વિદ્યાર્થીઓને લાયન્સ બેગ સહિતની શૈક્ષણિક કીટ એનાયત કરવામાં આવેલ તેમજ દરેક વિદ્યાર્થીઓ ને નાસ્તો પીરસવામાં આવેલ , વિસાવદર શહેરની ગંજીવાડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મીઠાઈ સાથેનું ભોજન પીરસવામાં આવેલ તેમજ ડોક્ટર દિવસ ની ઉજવણી કરવામાં આવેલ તે સાથે લાયન વર્ષ ૨૦૨૫/૨૬ ના " NEED BASE SERVICE PLUS " સ્લોગન ને સાર્થક કરવાનો ઉમદા પ્રયત્ન કરવામાં આવેલ.

# ગોંડલ: મુસ્લિમ બિરાદરો દ્વારા કલાત્મક 'તાજીયા'ની તૈયારીનો આખરી ઓપ

## તાજીયા શનિવારે વેરી દરવાજીથી દરબાર ચોક, પાંજરાપોળ સહિત રૂટ પરથી પળમાં આવશે



**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ ખાતે ઈમામે હુસૈનની યાદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા તાજીયા બનવવામાં આવી રહ્યા છે તાજીયા બનાવવાની કામગીરી પુરજોશ માં ચાલી રહી છે થર્મોકોલ, જીલાઈટીનતા રંગબેરંગી લાઈટો અને જરી નો ઉપયોગ કરી અને કલાત્મક તાજીયા બનાવવાની જીણવટ ભરી કામગીરીને મુસ્લિમ યુવકો દ્વારા તાજીયાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે રાજાશાહી ના સમય થી તાજીયા બનાવવામાં આવે છે.

તાજીયા ૫ તારીખે સાંજે વેરી દરવાજા એક સાથે ભેગા થઈ મોટી બજાર, દરબાર ચોક, પાંજરાપોળ, ચોરડી દરવાજા સહિત ના રૂટ પર પળમાં આવશે

ગોંડલનાં મોવિયા રોડ પર અલગ અલગ કમિટી દ્વારા મુસ્લિમ બિરાદરોએ નાના મોટા ૧૦થી વધુ કલાત્મક તાજીયા બનાવવામાં આવી રહ્યા છે. રાત્રીના સમયે ૩૦થી વધુ લોકો રોજિંદા કામે લાગી જાય છે અને નાના બાળકો પણ તાજીયા બનવવામાં હર્ષભેર જોડાય છે.

# ઉપલેટા તાલુકા ખરીદ વેચાણ સંઘની સાધારણ સભામાં વાર્ષિક અહેવાલ રજુ કરાયો

## ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયા, જીલ્લા બેંકના ડિરેક્ટર હરીભાઈ ઠુંમર સહિતના અગ્રણી રહ્યા હાજર

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની ૫૭મી વાર્ષિક સાધારણ સભા ઝાલાવડિયા સમાજના ધારાસભ્ય અને સહકારી અગ્રણીઓ સભાસદોની હાજરીમાં યોજાઈ હતી.

સર્વ પ્રથમ સાધારણ સભામાં સંઘના પ્રમુખ ગોપાલભાઈ સખીયાએ સહકારી સંઘનો વાર્ષિક અહેવાલ સભાસદો સમક્ષ મુકતા ઉપસ્થિત સભાસભ્યોએ આ અહેવાલને ઉંચો હાથ કરી બહાલી આપી હતી.

જયારે જીલ્લા બેંકના ડીરેકટર હરીભાઈ ઠુંમરે સહકારી ક્ષેત્રથી ખેડુતોને થતા વિવિધ ફાયદાઓ જણાવ્યા હતા. જયારે નરસિંહભાઈ મંગલપરાએ જીલ્લા બેંક મારફત તમામ મંડળીઓ ખેડુતોને અપાતા ધીરાણો તેમજ બેંન્ક દ્વારા વિવિધ સબસીડી અને







લોનો અંગે માહીતી અપાઈ હતી. આ ઉપરાંત સહકારી આગેવાન દલપતભાઈ માકડીયા, જેન્તીભાઈ બરોચીયા સહિત આગેવાનો ઉદબોધન કરેલા હતા આ વાર્ષિક સાધારણ સભામાં ખાસ ઉપસ્થિત રહેલા ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ સહકારી સહીતાની વિવિધ માહીતી આપી સંઘની કામગીરીને બિરદાવી હતી. આ તકે મનસુખભાઈ કથીરીયા તાલુકા સંઘના ઉપપ્રમુખ ભુરાભાઈ ભોપાળા, પાલિકા પ્રમુખ વર્ષાબેન ગજેરા ડિરેકટરો હદાભાઈ ચંદ્રવાડીયા, મનસુખભાઈ સોજીત્રા, જીતેન્દ્રભાઈ માકડીયા, છોટુભા ચુડાસમા, ધીરુભાઈ રુપાપરા, વલ્લભભાઈ મુરાણી, બાબુભાઈ હુંબલ, મનસુખભાઈ કથીરીયા, રમેશભાઈ ખાંટ, દિપેનભાઈ જાવીયા સ્થાનીક બેંકના મેનેજર ભાવેશ પાદરીયા સહિત આગેવાનો ખેડુતો સભાસદો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમનું સંચાલન તેમજ આભાર વિધી સંઘના મેનેજર દિપકભાઈ ઠેસીયાએ કરેલ હતી. આ સાધારણ સભાને સફળ બનાવવા સંઘના કર્મચારી ડાર્વિનભાઈ વિરપરીયા, રાજભાઈ વસોયા, હસમુખભાઈ સોજીત્રા, રવિભાઈ જહેમત ઉઠાવી હતી.

સાધારણ સભા પૂર્ણ થયા બાદ ઉપસ્થિત ખેડુતો અને સભાસદોએ દેશના પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીની મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો હતો.

# જામનગર ક્રાઈમ ડાયરી

## લાખાબાવળના પાટીયા પાસે બે યુવાનોને ચગદી નાખનાર ટ્રક ચાલક સામે ગુનો નોંધાયા

**અબતક, જામનગર**

જામનગર- ખંભાળિયા ધોરી માર્ગ પર લાખાબાવળ ગામના પાટીયા પાસે ડબલ સવારી બાઈકને ઠોકરે ચડાવી જામનગરના બે યુવાનોને કચડી નાખનાર મિલર ટ્રક ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં એરફોર્સ રોડ પર રહેતો પિયુષ બાબુભાઈ ધવડ નામનો ૧૯ વર્ષનો યુવાન પોતાના મિત્ર ભરત ભુપતભાઈ ડોડીયા (૨૦વર્ષ) ને બાઈકમાં બેસાડીને જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો, દરમિયાન બપોરે ૨ વાગ્યાના અરસામાં લાખાબાવળ ગામના પાટીયા પાસે પુર ઝડપે આવી રહેલા જી.જે. ૧૦ ટી.એક્સ. ૭૫૧૨ નંબરના મિલર ટ્રકના ચાલકે બાઈકને હડફેટમાં લઈ લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, અને એક પછી એક બંને મિત્રોના મૃત્યુ નીપજ્યા હતા. જે ગોઝારા અકસ્માતના બનાવ અંગે જગદીશભાઈ બાબુભાઈ ધવડ ની ફરિયાદના આધારે સિક્કા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. સી.ટી. પરમાર અને તેમની ટીમેં મિલર ટ્રક નંબર જી.જે. ૧૦- ટી.એકસ. ૭૫૧૨ના ચાલક સામે ગુન્હો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

## લાલખાણ આવાસની પરણીતાને જૂનાગઢનાં દહેજ ભૂખ્યા સાસરિયાઓનો ત્રાસ

### જેઠ દ્વારા પણ અઘટિત માંગણી કરી શારીરિક અડપલાં કર્યાની પોલીસ ફરિયાદથી ચકચાર

**અબતક, જામનગર**

જામનગરમાં લાલવાડી આવાસ વિસ્તારમાં રહેતી એક પરણીતાને જૂનાગઢમાં રહેતા તેણીના દહેજ ભૂખ્યા સાસરિયાઓએ દહેજ ના કારણે મારકુટ કરી ત્રાસ ગુજારી ઘરમાંથી હાંકી કાઢી હતી.

ઉપરાંત જેઠ દ્વારા પણ અઘટિત માંગણી કરી શારીરિક અડપલાં કર્યા ની ફરિયાદ મહિલા પોલીસ મથકમાં નોંધાવાતાં ચકચાર જાગી છે.

જામનગરમાં લાલવાડી આવાસ વિસ્તારમાં રહેતી ફીરદોશ વસીમભાઈ પઠાણ નામની ૨૬ વર્ષની સંધિ જ્ઞાતિની પરણીતાએ પોતાને દહેજના કારણે મારકુટ કરી ત્રાસ ગુજારી ઘરમાંથી હાંકી કાઢવા અંગે પોતાના પતિ વસીમભાઈ મહેફુઝખાન પઠાણ, સાસુ ઝુબેદાબેન મહેફુઝખાન પઠાણ, જેઠ જાવીદ મહેફુઝખાન પઠાણ, અને નણંદ રેશમાબેન મહેફુઝખાન પઠાણ સામે ફરિયાદ નોંધાવી છે.

આ ઉપરાંત તેણીનો જેઠ અઘટિત માંગણી કરતો હોવાથી, તેમજ શારીરિક અડપલાં કરીને હેરાન પરેશાન કરતો હોવાનું પણ પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. જામનગરની મહિલા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા તેણીના સાસરીયાઓ સામે ગુનો નોંધી તપાસનો દોર જુનાગઢ સુધી લંબાવ્યો છે.

## પેરોલ જમ્પ કરીને નાસી છૂટેલા હત્યા કેસના આરોપીને ઝડપાયો

**અબતક, જામનગર**

જામનગરમાં સાત રસ્તા વિસ્તારમાં એક યુવાનની હત્યા ના કેસમાં પકડાયેલા અને જામનગર ની જેલમાં જેલવાસ ભોગવી રહેલા આરોપીએ વચગાળાના જમીન પર મુક્ત થઈને પરત હાજર નહીં થઈ ફરાર રહ્યા પછી એલસીબી ની ટીમે ઝડપી લીધો છે, અને ફરીથી જેલ હવાલે કર્યો છે. જામનગરમાં ૨૦૧૯ ની સાલમાં સાત રસ્તા વિસ્તારમાં અજયસિંહ ઝાલા નામના યુવાન ની હત્યા કેસમાં પકડાયેલા અલ્તાફ વલીમામદ નાઈ, રે. ઢીંચડા, કે જેને પોલીસે ઝડપી લીધા પછી જેલ હવાલે કરાયો હતો. જે આરોપી વચગાળાના જામીન પર છૂટી ને ફરાર થઈ ગયો હતો, અને ફરીથી જેલમાં હાજર થયો ન હતો.

ઉપરોક્ત આરોપીને પોલીસ શોધી રહી હતી, દરમિયાન એલસીબી ની ટુકડીને ચોક્કસ બાતમી મળી હતી, કે આરોપી અલ્તાફ વલીમોહમ્મદ જામનગર માં એરફોર્સ રોડ પર આવ્યો છે, તેવી બાતમીના આધારે વોચ ગોઠવીને ઝડપી લીધો છે, અને તેને ફરીથી જેલ હવાલે કરી દેવાયો છે.

## રૂા.૬૦ હજારના ચેક પરત ફરવાના કેસમાં આરોપીને એક આસામીને એક વર્ષની સજા

**અબતક, જામનગર**

જામનગર માં રૂ ૬૦ હજાર ની રકમ નો ચેક પરત ફરવા ના કેસ માં અદાલતે એક આસામી ને એક વર્ષ ની સજા નો હુકમ કર્યો છે.જામનગરના તેજપાલસિંહ લખુભા ગોહિલ પાસે.થી યુગલ જીતેન્દ્રભાઈ હિંગોરીયા એ રૂા.૬૦ હજાર ની રકમ હાથ ઉછીની મેળવી હતી.અને તેની પરત ચૂકવણી માટે ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાં જમા કરાવવામાં આવતા અપૂરતા નાણા ભંડોળના શેરા સાથે પરત ફર્યો હતો. આથી તેજપાલસિંહ ગોહિલે અદાલત માં ફરિયાદ નોંધાવી હતી.

આ.અંગે નો કેસ અદાલત માં ચાલી જતાં અદાલતે આરોપી યુગલ જીતેન્દ્રભાઈ હિંગોરીયા.ને તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદ અને ચેકની રકમ મુજબ ના દંડ નો હુકમ કર્યો છે. અને જો દંડ ભરવામાં ન આવે તો વધુ ત્રણ મહિના ની સજાનો હુકમ કરાયો છે. . આ કેસ માં ફરિયાદી તરફ થી વકીલ ભાર્ગવ મહેતા રોકાયા હતા.

## ઉના: ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયો

### બે વાહન ચોરીનો ભેદ ઉકેલી રૂ. ૭૮૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો

**અબતક,ઉના**

ઊના શહેર ના પોલીસ સ્ટેશન મા વાહન ચોરી ના ગુનાઓ દાખલ થયેલ હોય જિલ્લા પોલીસ વડા મનોહર સિહ જાડેજા એ ગુના નો ભેદ ઉકેલવા સૂચના આપતા ઊના ના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્ર સિંહ એન. રાણા ની સૂચના અને માર્ગ દર્શન હેઠળ ઊના પોલીસ સ્ટેશન ના સર્વે લન્સ સ્કવોર્ડ ના ઈન્ચાર્જ પી.એસ.આઇ. એચ.પી. સરવૈયા, એ.એસ.આઇ. શાંતિભાઈ વેલાભાઈ સોલંકી, પો.કો. અનિલભાઈ ભુપતભાઈ, સુનિલભાઈ કેશવ ભાઈ જુદી જુદી ટીમ બનાવી હ્યુમન સોર્સ થી માહિત મેળવેલ કે ઊનાના કોર્ટ વિસ્તાર મા રહેતો અસ્લમ ઉર્ફે મુનવીર મેહબૂબ બેલીમ ના ઘર પાસે શંકાસ્પદ હાલત માં મોટર સાયકલ બે પડેલ હોય તેને દબોચી લઈ હોન્ડા કંપની એક નંબર પ્લેટ વગર ની એક મોટર સાયકલ,બીજી મોટર સાયકલ નંબર GJ ૩૨ ક ૧૦૯૧ ના કાગળો આર.સી. બુક વીમા ના કાગળો જોવા માંગતા ના બતાવતા અને સંતોષ કારક જવાબ ના આપતા તેમને ઊના પોલીસ સ્ટેશન લાવી આગવી પૂછ પરછ કરતા ભાંગી પડ્યો હતો અને બે મોટર સાયકલ ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી તેથી એક રૂપિયા ૩૦૦૦૦/બીજી નબર પ્લેટ વાળી રૂપિયા ૪૮૦૦૦/ મળી કુલ ૭૮૦૦૦/મુદામાલ કબજે કરી ચોરી ના ગુના મા ધરપકડ કરી બે વાહન ચોરી નો ભેદ ઉકેલી સફળતા મેળવી હતી.

## ઘેલા સોમનાથ મંદિરનું માત્ર રીનોવેશન નહીં પરંતુ સંસ્કૃત્તિને જીવંત રાખવાનો એક પ્રયત્ન: વિજય રાઠોડ

**અબતક, હિતેશ ગોસાઇ, જસદણ**



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી' સંકલ્પને અનુરૂપ ગુજરાત સરકાર રાજ્યના ઐતિહાસિક ધાર્મિક સ્થળોની જાળવણી અને આધુનિકીકરણ માટે સતત કાર્યરત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ઐતિહાસિક શૌર્યના પ્રતીક સમા 'ઘેલા સોમનાથ મહાદેવ મંદિર'નો પણ નવીન વિકાસ થવાની દિશામાં રાજ્ય સરકારે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે.

રાજ્યના પવિત્ર યાત્રાધામોના કાયાકલ્પ માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ ભવ્ય અને ભાવનાત્મક યાત્રાધામ ખાતે અંદાજે ૧૦ કરોડ રૂપિયા ખર્ચે આધુનિક સુવિધાઓ અને સાંસ્કૃતિક સમૃદ્ધિના સંગમરૂપે એક વિશાળ વિકાસ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટ માત્ર ધર્મસ્થળનો રીનોવેશન નથી, પણ એક સંસ્કૃતિના પ્રતિબિંબને જીવંત રાખવાનો યત્ન છે. ઘેલા સોમનાથ મહાદેવ મંદિર આજે શ્રદ્ધાનો કેન્દ્ર છે, આધુનિક ટેકનોલોજી, વિશ્વસ્તરિય સુવિધાઓ અને ઐતિહાસિક ગૌરવના સમન્વયથી એક આધુનિક યાત્રાધામ રૂપે ઉભરશે.

આ વિકાસ અંગે ઘેલાં સોમનાથ મંદિરના ટ્રસ્ટી અને જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ આ અગાઉ પણ આ વિકાસ અંગે રાજ્યની ભાજપ સરકારના પ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વિછીંયા: કારમાંથી ૫૪ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

### સ્થાનિક પોલીસે ધરોડો પાડી બે પોઈન્ટ ૨૦ લાખનો મોઢામાં કબજે કર્યો: બે શખ્સની શોધખોળ

**અબતક રાજકોટ**

વિંછીયા શહેરના ઓરી રોડ રામાપીર મંદિર શીતળામા ઢોરે કારમાંથી રૂપિયા ૭૦૦૦૦ ની કિંમત અને ૫૪ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે દારૂ અને કાર મળી ૨.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી નાસિ છૂટેલા બે શખ્સોની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં દારૂ અને જુગારની બદી ડામી દેવા એસપી હિમકરસિંહ આપેલી સુચના ને પગલે વિંછીયા પોલીસ મથકના પીઆઈ એસી ડામોર સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે વિંછીયા શહેરના ઓરી રોડ પર રામદેવપીર મંદિર આગળ શીતળામાના ઢોરે રહેતો જેન્તી ઠાકરશી મકવાણા નામનો શખ્સ જીજે ૧૩ એબી ૭૩ ૮૩ નંબરની કારમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની હેડ કોન્સ્ટેબલ કૃપાલસિંહ જાડેજા, પ્રકાશભાઈ ડાંગર અને કોન્સ્ટેબલ અમિતદાન સુરુને મળેલી બાતમીના આધારે પીએસઆઈ કે બી ગઢવી સહિતના સ્ટાફે દરોડો પાડી કારમાંથી રૂપિયા ૭૦,૦૦૦ ની કિંમતની ૫૪ બોટલ વિદેશી દારૂ કબજે સારું મળી આવતા પોલીસે દારૂ અને વાહન મળી ૨.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે પોલીસની પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો વિછીયા તાલુકાના મોટા માત્રા ગામનો ઈશ્વર ભવાન બાવળીયા અને જયંતિ ઠાકરશી મકવાણા હોવાનું ખુલતા પોલીસે બંને શખ્સોની શોધખોળ હાથ ધરી છે

## આદીપુર: માદક પદાર્થ સપ્લાય કરનાર શખ્સ ઝડપાયો

### એનડીપીએસના ગુનામાં નાસતા ફરતા અંજારના આરોપીને આદિપુર પોલીસે ઝડપ્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

મોરબીના ટંકારા ગામમાંથી ફુટના વેપારની આડમાં ગાંજાનો વેપાર કરતા આરોપી હુસેનભાઈ ઉર્ફે શભલો સલીમભાઈ સોલંકી રહે ટંકારાને ૪૬,૮૫૦ ના માદક પદાર્થના જથ્થા સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી દરમિયાન પોલીસ તપાસમાં અંજારના સંતોષ ઉર્ફે લાલો મોતીભાઈ દઘાણીયાનું અને બોરીચીનું નામ ખુલ્યું હતું પોલીસ સહ આરોપી અંજારના સંતોષ દેવીપુજકને શોધવા સતત પ્રયત્નશીલ હતી દરમિયાન આદિપુર પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે મોરબીના ટંકારા પોલીસ સ્ટેશનના એન.ડી.પી.એસ.ના ગુના કામેના નાસતા-ફરતા આરોપી સંતોષ ઉર્ફે લાલો મોતીભાઈ દધાણીયાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. આ કામગીરી આદિપુર પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.સી.વાળા,પી.એસ.આઈ. આર.એમ.ડુવા સાથે આદિપુર પોલીસના સર્વેલન્સ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ છે.

## ડુંગળીમાં સહાય આપવાના ખેડુત હિતલક્ષી નિર્ણયને આવકારતા ગોંડલ યાર્ડ ચેરમેન ઢોલરીયા



**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડ ના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા એ જણાવ્યું હતું કે રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ ને ખેડૂતો ને ડુંગળીના ભાવ ઓછા મળતા હોય આ અંગે સહાય જાહેર કરી ખેડૂતોના હિતમાં વધુ એક હિતલક્ષી નિર્ણય લેવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જે અંગે સરકાર દ્વારા ખેડૂતો ના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લઈને એક કિલ્લો ડુંગળીમાં બે રૂપિયા સહાય જાહેર કરાતા આ ખેડૂતલક્ષી નિર્ણય ને આવકાર્યો હતો અને સરકાર નો આભાર માન્યો હતો

## ચિતલ: ગૌમાંસના ગુનામાં બે શખ્સને ૧૦ વર્ષની જેલ

### છ વર્ષ પહેલાના કેસમાં અમરેલી કોર્ટનો ઐતિહાસિક ચુકાદો: રૂ. ૪.૦૬ લાખનો દંડ

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



અમરેલી જિલ્લાના ચિતલ ખાતે છ વર્ષ પહેલા ગૌમાસના જથ્થો સાથે ઝડપાયેલા શખ્સ સામેનો કેસ ચાલી જતાં અદાલતે બે શખ્સને ૧૦ વર્ષની સજા અને દંડ ફાટકારતો હુકમ કર્યો છે. ગઈ તારીખ ૧૦/૦૭/૨૦૧૯ ના રોજ ચીતલ મુકામે ખાટકી વાડામાં ઈસમો ગેરકાયદે પશુઓની કતલ કરી તેનું માંસનુ વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. એન. એ. વાઘેલા, તથા સ્ટાફ એ. એમ. પોપટાણી તથા નરેન્દ્રસીંહ, તથા કિશનભાઈ તથા દિનેશભાઈ સોલંકી તથા બે પંચો વિગેરેને સાથે રાખી રેઈડ કરતા ૭૦ કિલો ગૌમાંસ તથા કતલ કર વાના સાધનો સાથે કાદરભાઈ હાજીભાઈ બાવનકા તથા અલ્તાફભાઈ યુસુફભાઈ તરકવાડીયા મળી આવેલ હોય, આ અંગેનો કેશ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલી જતા સ્પેશીયલ સરકારી વકીલ ચંદ્રેશ બી. મહેતાની ધારદાર દલીલો તથા રજુ કરેલ પુરાવાઓને આધારે સેશન્સ જજ રીજવાના બેન બુખારી દ્વારા ૧૦(દસ)વર્ષની સજા અને રૂા. ૧,૦૦,૦૦૦/- નો દંડ અને જો આરોપી દંડની રકમના ભરપાઈ ન કરે તો વધુ ૧ વર્ષની સજા તથા કલમ-૬ (ખ)માં ૧૦(દસ)વર્ષની સજા અને રૂા. ૧,૦૦,૦૦૦/- નો દંડ અને જો આરોપી દંડની રકમના ભરપાઈ ન કરે તો વધુ ૧ વર્ષની સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૫ માં ૨ વર્ષની સજા અને રૂા. ૨,૦૦૦/-નો દંડ અને દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૨ માસની સજા તથા કલમ-૪૨૯ માં ૧ વર્ષની સજા અને રૂા. ૧,૦૦૦/-નો દંડ અને દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૧ માસની સજા કરેલ છે તથા પશુ પ્રત્યે ઘાતકીપણું અટકાવવાની કલમ ૧૧ તથા જી પી એક્ટ ૧૧૯ ના ગુનામાં ૨ માસની સજા ફટકારી છે. આ ચુકાદો આવતા જ ગુજરાત ના જીવદયા પ્રેમીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

(પહેલા પાનાનું ચાલું)

### દફતર વિનાનો શનિવાર

આ બાળકોને પુસ્તકના જ્ઞાન સિવાયની ઈત્તર પ્રવૃતિ કરાવવામાં આવશે. જો કે હવે અહીં પ્રશ્ન એ થાય કે, દફતર વિનાનો શનિવાર એટલે વિધાર્થીઓને બખ્ખા?: શિક્ષકો શું કરશે?ચિત્રકળા, નૃત્યુ, સંગીત યોગ, કસરતો અને ખાસ મેદાની રમતો સહિતની પ્રવૃતિનો સમાવેશ પણ શું સ્કૂલો પાસે એવા મેદાન છે કે જ્યાં વિધાર્થીઓને રમતો રમાડી શકાય? બીજીબાજુ શિક્ષકો પણ અત્યારે એવા નથી કે જેને ઈતર પ્રવુતિઓનું જ્ઞાન હોય. ત્યારે હવે શું રાજ્ય સરકારનો આ નિર્ણય આવતા દિવસમાં ચર્ચાનો વિષય બની શકે તેમ છે. મળતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી કુલ ૩૩૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાંથી ૫૦૦૦ શાળાઓમાં રમતના મેદાનો નથી. જ્યારે ૧૨૭૦૦ જેટલી સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓમાંથી ૭૮ સરકારી શાળાઓ, ૩૧૫ ગ્રાન્ટ ઈન એઈડ દ્વારા ચાલતી શાળાઓ અને ૨૫૫ જેટલી ખાનગી શાળામાં પણ મેદાનનું નામો નિશાન નથી. વધુમાં ૨૫૫ શાળાઓમાં મહત્તમ એવી છે જે કોમ્પ્લેક્સમાં ચાલે છે અને તેની નીચે પાનના ગલ્લાઓ અને અન્ય પ્રકારના કોમર્શિયલ સ્થળોમાંથી પસાર થઈને બાળક ભણવા આવે છે અને ઘરે જાય છે. આનો અર્થ એ નથી કે બાકીની ૪૭૫૧૯ શાળાઓને મેદાનો છે. મોટા ભાગની શાળાઓમાં નાનકડા ફળીયા જેવા પ્લોટને પણ મેદાન જેવા ખપાવીને તેની મંજૂરીઓ આપવામાં આવી છે. ૨૦૧૮માં ગુજરાત સરકાર દ્વારા નવી શાળાઓને ફરજીયાત મેદાન બનાવવા માટેની ફરજ પાડવામાં આવી હતી. જેમાં ૪૦ ટકા શાળાઓ મેદાન કરશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી. પરંતુ તે પછી તે શાળાઓમાં મેદાનો બન્યા કે નહીં તે હજુ એક પ્રશ્નાર્થ ચિહ્ન છે. તો હવે સરકારે બેગ લેસનો નિર્ણય તો બનાવ્યો પણ પૂરતા મેદાન ક્યાં છે જ્યાં વિધાર્થીઓ રમી શકે. બેગલેસ ડેના મહત્વ પૂર્ણ નિર્ણય મુજબ ન્યુ એજ્યુકેશન પોલીસીના હેઠળ બાળકોને દર શનિવારે હવે સ્કૂલ બેગ વિના જ બાળકોને સ્કૂલે બોલાવવામા આવશે અને બાળકોની અન્ય પ્રતિભાને ખીલલવાનો પ્રયાસ કરાશે, બેગલેસ ડે શરૂ કરવાનો ઉદ્દેશ બાળકોનો સર્વાંગી વિકાસ કરવાનો છે. શનિવારના દિવસે શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિ નહિ પરંતુ માત્ર ધ્યાન ઈતર પ્રવૃત્તિઓ જ કરાવવામાં આવશે. ૫ જુલાઈથી આ નિયમને અમલી કરવાનો સરકારે નિર્ણય લીધો છે. જો કે સ્કૂલબેગલેસ આ દિવમસાં બાલકોને ખાસ કઈ કઈ પ્રવૃત્તિ કરાવવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી જો કે બેગલેસ ડે શબ્દ જ બધું જ સૂચવી જાય છે માટે આ દિવસે બાળકોને શિક્ષણ સિવાયની બધી જ પ્રવૃત્તિ કરાવવામાં આવશે. જેમાં ચિત્રકળા, નૃત્યુ, સંગીત યોગ, કસરસતો, મેદાની રમતો સહિતની પ્રવૃતિનો સમાવેશ થઈ શકે છે. આ અંગે કમિટીના નિર્ણય બાદ સ્પષ્ટતા થશે. ઉલ્લેખનિય છે કે હાલ આ નિર્ણય બાગ શાળામાં બાળકોને શારીરિક કસરતો, યોગ, બાલસભાનું આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. બેગલેસ ડેના સેલિબ્રેશનનો ઉદેશ ન માત્ર બાળકોને ઈત્તર પ્રવૃતિ કરાવીને તમને અન્ય કલા પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો છે પરંતુ આ સાથે બાળકો ભાણ વગરનું ભણતર ગ્રહણ કરે અને માનસિક હળવાશ સાથે અભ્યાસ કરે તેવો ફણ છે.

### અમદાવાદ માર્કશીટ

કરતા વિદ્યાર્થીઓને માર્કશીટ મળી નથી. સ્કૂલોને માર્કશીટ લઈ જવા માટે અનેક વખત સુચનાઓ આપવામાં આવી હોવા છતાં સ્કૂલો દ્વારા માર્કશીટ લઈ જવાની તસ્દી લીધી નથી. આમ, વારંવાર સુચનાઓ બાદ પણ માર્કશીટ ન લઈ જવાતા અંતે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા માર્કશીટ લઈ જવા માટે નોટિસ આપી હોવાનું જાણવા મળે છે.

### સોલાર રૂફટોપ...

શરૂ થયા પછી, ગુજરાતમાં ૩.૭૩ લાખ સૌર છત સ્થાપિત કરવામાં આવી છે.રાષ્ટ્રીય રૂપાંતર સરેરાશ ૨૧% ની સામે રાજ્યમાં રૂપાંતર ગુણોત્તર ૭૭% સૌથી વધુ છે. રસપ્રદ વાત એ છે કે, સુરતમાં આ યોજના હેઠળ અમદાવાદ કરતા વધુ સ્થાપનો સ્થાપિત કરવામાં આવ્યા છે. ઉધોગ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે રાજ્યમાં સૌર ઉદ્યોગ માટે પરિપક્વ ઈકોસિસ્ટમ છે, જે ઉચ્ચ દત્તક દરમાં ફાળો આપે છે.ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અનુસાર, ગુજરાતને પીએમએસજી યોજના હેઠળ સૌર છત માટે ૪.૮૫ લાખ અરજીઓ મળી હતી, અને તેમાંથી ૩.૭૩ લાખ સ્થાપિત કરવામાં આવી હતી, જેના પરિણામે ૭૭% રૂપાંતર દર થયો હતો. કેરળમાં ૬૫% ના રૂપાંતર દર સાથે ૧.૧૧ લાખ સ્થાપનો જોવા મળ્યા. મધ્યપ્રદેશમાં કુલ ૪૪,૮૫૯ સ્થાપનો નોંધાયા છે, જેનો રૂપાંતર દર ૫૩% છે.જીયુવીએનએલના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "ગુજરાત તેની શરૂઆતથી જ સૌર છત સ્થાપનોમાં અગ્રેસર રહ્યું છે, અને રાજ્ય હવે કુલ રાષ્ટ્રીય હિસ્સામાં ૩૨% હિસ્સો ધરાવે છે. નાગરિકોએ સૌર ઉર્જાનો વ્યાપકપણે સ્વીકાર કર્યો છે કારણ કે તે વીજળીના ખર્ચમાં નોંધપાત્ર રાહત આપે છે. રાજ્યમાં પીએમએસજી હેઠળ લગભગ ૧,૪૦૦મેગા વોટ રહેણાંક સૌર છત ક્ષમતા છે."

### જગત જમાદાર...

બન્યો છે, જેનો મુખ્ય હેતુ ૭ ઓક્ટોબરના હુમલા પછી શરૂ થયેલા સંઘર્ષને રોકવાનો અને વ્યાપક શાંતિ વાટાઘાટોને માર્ગ આપવાનો છે. આ જાહેરાત મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને ગાઝામાં ભીષણ સંઘર્ષના સંદર્ભમાં અત્યંત મહત્વપૂર્ણ છે.ટ્રમ્પે તેમની "ટ્રુથ સોશિયલ" પોસ્ટમાં જણાવ્યું કે તેમના પ્રતિનિધિઓએ ઈઝરાયલીઓ સાથે ગાઝા પર લાંબી અને ફળદાયી બેઠક કરી હતી. આ બેઠકમાં ઈઝરાયલ ૬૦ દિવસના યુદ્ધવિરામને અંતિમ સ્વરૂપ આપવા માટે જરૂરી શરતો પર સંમત થયું છે. આ યુદ્ધવિરામ દરમિયાન, અમેરિકા યુદ્ધનો અંત લાવવા માટે તમામ પક્ષો સાથે કામ કરશે. કતાર અને ઈજિપ્ત, જેઓ શાંતિ સ્થાપિત કરવા માટે સઘન પ્રયાસો કરી રહ્યા છે, તેઓ હમાસ સમક્ષ આ અંતિમ પ્રસ્તાવ રજૂ કરશે. ટ્રમ્પે હમાસને આ સોદો સ્વીકારવા વિનંતી કરી, ચેતવણી આપી કે જો સોદો સ્વીકારવામાં નહીં આવે તો સ્થિતિ વધુ બગડશે.આ નિવેદન ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ હમાસના બંદૂકધારીઓએ દક્ષિણ ઈઝરાયલ પર હુમલો કર્યા પછી શરૂ થયેલી હિંસાને રોકવા માટે વધી રહેલા આંતરરાષ્ટ્રીય દબાણ વચ્ચે આવ્યું છે. આ હુમલામાં ૧,૨૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૨૫૦ થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. તેના જવાબમાં ઈઝરાયલે ગાઝા પટ્ટી પર મોટા પાયે લશ્કરી આક્રમણ કર્યું હતું, જેના કારણે અત્યાર સુધીમાં ૫૮,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનો ના મોત થયા છે અને ગાઝાનો મોટાભાગનો ભાગ તબાહ થઈ ગયો છે.જોકે, ટ્રમ્પે પ્રસ્તાવિત યુદ્ધવિરામની ચોક્કસ શરતો સ્પષ્ટ કરી નથી. તેમણે માત્ર એટલું જ સૂચવ્યું હતું કે આ યુદ્ધવિરામ યુદ્ધના વ્યાપક અંત માટે વાટાઘાટો માટે એક અવસર પૂરો પાડશે. કતાર અને ઈજિપ્ત આ પ્રસ્તાવિત શાંતિ પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે અને હમાસને અંતિમ ઓફર પહોંચાડવામાં મદદ કરશે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી યુદ્ધવિરામ અંગે વાટાઘાટો ચાલી રહી છે, જેમાં અમેરિકા, કતાર અને ઈજિપ્ત બંને પક્ષો વચ્ચે મધ્યસ્થી કરી રહ્યા છે. હમાસ ઈઝરાયલી સૈનિકો પાછા ખેંચવા અને સહાયની પહોંચ અંગે મજબૂત ગેરંટીની માંગ કરી રહ્યું છે, જ્યારે ઈઝરાયલ બંધકોને મુક્ત કરવાની મુખ્ય શરત પર આગ્રહ રાખે છે. ટ્રમ્પની આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે તાજેતરમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના હુમલાઓ બાદ તણાવ નોંધપાત્ર રીતે વધ્યો છે.

### અમરનાથ યાત્રા...

તેમણે મંગળવારે કહ્યું કે, આજે આખી દુનિયા અમરનાથ યાત્રા પર નજર રાખી રહી છે અને કોઈ પણ જોખમ ભક્તોની શ્રદ્ધાને ડગમગાવી નહીં શકે.એલજી સિન્હાએ દાવો કર્યો હતો કે આ વર્ષની અમરનાથ યાત્રા પાછલા બધા વર્ષો કરતાં વધુ ઐતિહાસિક હશે અને તેમના માટે તે જમ્મુ અને કાશ્મીરના પ્રાચીન ગૌરવને પુનઃસ્થાપિત કરવાની તક છે. બાબા બર્ફાનીના દર્શન માટે અમરનાથ યાત્રાનો આગામી ૩ જુલાઈથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. પહલગામમાં થયેલા આતંકી હુમલા તેમજ આ વખથી હેલિકોપ્ટર સુવિધા બંધ રાખવામાં આવી હોવાથી ગુજરાતથી યાત્રાળુઓમાં ૮ ગણાથી વધુનો ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાંથી આ વખતે પાંચ હજાર જેટલા જ શ્રદ્ધાળુઓ અમરનાથમાં દર્શન કરવા જાય તેવી સંભાવના છે.

### નોકરીઓનું સર્જન...

થશે. આ યોજનામાં બે ભાગ છે. ભાગ એ નવા કર્મચારીઓ પર કેન્દ્રિત છે અને ભાગ નબી નોકરીદાતાઓ પર કેન્દ્રિત છે. ઈપીએફઓમાં પહેલી વાર નોંધાયેલા કર્મચારીઓને લક્ષ્ય બનાવતા આ ભાગ એ હેઠળ બે હપ્તામાં રૂ.૧૫,૦૦૦ સુધીનો એક મહિનાનો પગાર અપાશે. રૂ.૧ લાખ સુધીનો પગાર ધરાવતા કર્મચારીઓ પાત્ર રહેશે. પહેલો હપ્તો ૬ મહિનાની નોકરી પછી અને બીજો હપ્તો ૧૨ મહિનાની નોકરી અને કર્મચારી દ્વારા નાણાકીય સાક્ષરતા કાર્યક્રમ પૂર્ણ કર્યા પછી ચૂકવવામાં આવશે. બચત કરવાની આદતને પ્રોત્સાહન આપવા માટે પગારનો એક હિસ્સો ડિપોઝિટ ખાતામાં નિશ્ચિત સમયગાળા માટે રખાશે અને કર્મચારી પછીની તારીખે ઉપાડી શકશે. ભાગ બી હેઠળ તમામ ક્ષેત્રોમાં વધારાની રોજગારીના સર્જન બદલ પ્રોત્સાહન મળશે.

સરકાર દરેક વધારાની નોકરી માટે એમ્પ્લોયરને દર મહિને રૂ.૩,૦૦૦ સુધીનું પ્રોત્સાહન આપશે. જોકે આ નોકરી ઓછામાં ઓછા ૨ વર્ષ માટેની હોવી જોઇએ. મેન્યુફેક્ચિંગ ક્ષેત્ર આ પ્રોત્સાહનો ત્રીજા અને ચોથા વર્ષ સુધી પણ લંબાવાશે. ઈપીએફઓમાં રજિસ્ટ્રેશન અને ૫૦થી ઓછા કર્મચારીઓ ધરાવતા ઉદ્યોગોએ ઓછામાં ઓછા છ મહિના માટે સતત ન્યૂનતમ બે વધારાના કર્મચારીની અને ૫૦થી વધુ કર્મચારી ધરાવતા ઉદ્યોગોએ પાંચ વધારાના કર્મચારીઓની ભરતી કરવી પડશે.

### વોટ્સએપ...

ફરીથી ફાળવવાનું વિચારી શકે છે. ભારત અને બ્રાઝિલ વોટ્સએપ માટે સૌથી મોટા આવક બજારો છે, જેમાં ભારત ઐતિહાસિક રીતે સૌથી સસ્તી કિંમતોમાંનું એક છે, ડેટા દર્શાવે છે. "આ પરિવર્તનને સ્વીકારવામાં સાહસોને થોડો સમય લાગશે કારણ કે સંદેશાવ્યવહાર બજેટ દર મહિને બદલાતું નથી," એક સંદેશાવ્યવહાર પેઢીના સ્થાપકે જણાવ્યું. "તેથી, અમે અન્ય ચેનલો તરફ થોડું પુનઃવિનિમય અથવા માર્કેટિંગ ઝુંબેશમાં ઘટાડો થવાની અપેક્ષા રાખીએ છીએ. પરંતુ વોટ્સએપ એક સ્થિર ચેનલ તરીકે ઉભરી રહ્યું છે અને સાહસોએ તેમના ગ્રાહકોને અનુરૂપ તેમની જરૂરિયાતોને અનુરૂપ બનાવવી પડશે."

(ત્રીજા પાનાનું ચાલુ)

### મોક્ષ કલ્યાણક દિવસ...

ધન્યતા અનુભવી હતી

મોક્ષ કલ્યાણકના શુભ દિવસે, દૂર-દૂરથી હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગિરનારના કઠિન ચઢાણ ચડીને ભગવાન નેમિનાથના મંદિરે પહોંચે છે. તેઓ ભક્તિભાવપૂર્વક આ નિર્વાણ લાડુ લઈને આવે છે અને મંદિરમાં વિધિવત પૂજા-અર્ચના કર્યા પછી, આ લાડુને અત્યંત શ્રદ્ધાપૂર્વક ભગવાનના ચરણોમાં અર્પણ કરે છે. આ ક્રિયા દ્વારા ભક્તો પોતાની પરમ શ્રદ્ધા વ્યક્ત કરે છે અને ભગવાનના મોક્ષ માર્ગને અનુસરીને પોતાના આત્માની શુદ્ધિ તથા મોક્ષ પ્રાપ્ત કરવાની કામના કરે છે.

આ "લાડુ ધરવા" નો રિવાજ ફક્ત એક ધાર્મિક વિધિ નથી, પરંતુ તે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો, જેમ કે અહિંસા, અપરાધીપણું અને મોક્ષની ભાવનાનું પ્રત્યક્ષ પ્રતીક છે. તે શ્રદ્ધાળુઓને આત્મ-વિશ્લેષણ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે પ્રેરણા આપે છે, અને ભગવાન નેમિનાથના ત્યાગ અને મુકિતના સંદેશને પુનર્જીવિત કરે છે. આ પ્રથા દ્વારા, જૈન સમાજ પોતાની સમૃદ્ધ ધાર્મિક પરંપરા અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ઘેલા સોમનાથ મહાદેવ...

ધાર્મિક જ નહીં, પણ સામાજિક અને રાજકીય દ્રષ્ટિએ પણ કેટલું ઊંડું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની સરકાર રાજ્યમાં આવેલ ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા સાંસ્કૃતિક વારસાને જીર્ણોદ્ધાર સાથે નવો ઓપ આપવાના સતત પ્રયત્નો કરી રહ્યા છે. આ જ કડીમાં રાજ્ય સરકારે સૌથી ઐતિહાસિક, પૌરાણિક તેમજ સાંસ્કૃતિક મહત્વ ધરાવતા તથા દેશના દ્વાદશ જ્યોતિર્લિંગોમાં પ્રથમ સોમનાથ મહાદેવનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે, તો સોમનાથનો પડછાયો ધરાવતા તથા ઐતિહાસિક શૌર્યના સાંસ્કૃતિક પ્રતીક સમા ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના વિકાસ ઉપર પણ એટલું જ ધ્યાન આપ્યું છે.

### 'મેઘકૃપા'...

કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે એનડીઆરએફ તથા એસડીઆરએફ ની કુલ ૩૨ ટીમો જિલ્લા કક્ષાએ ડિપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત ૨ ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. આ બેઠકમાં સિંચાઈ વિભાગના અધિકારીએ રિઝિયન વાઈઝ પાણીના સંગ્રહની સ્થિતિ વિશે માહિતી આપી હતી. જે મુજબ રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૨૧ જળાશયો હાઈએલર્ટ, ૧૨ જળાશયો એલર્ટ પર તથા ૧૯ જળાશયો વોર્નિંગ પર છે. માર્ગ અને મકાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં ઓવર ટોપીંગ અને પાણી ભરાવાના કારણે ૯૪ રસ્તા બંધ છે. જે પાણી ઉતરતા પૂર્વવત કરવામાં આવશે. આ બેઠકમાં સીડબલ્યુસી -મહી અને તાપી ડિવીઝન, વન વિભાગ, આરોગ્ય વિભાગ, ઊર્જા વિભાગ, જીએસઆરરટીસી, શહેરી વિકાસ વિભાગ, પંચાયત વિભાગ, કૃષિ અને પશુપાલન વિભાગ, ઈસરો, ફીશરીઝ સહિતના વિવિધ વિભાગના નોડલ અધિકારીઓ હાજર રહ્યાં હતા.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** સ્વ. ધર્મદાસ શાહ તથા સ્વ. શાંતાબેન શાહ ના સુપુત્રી ભાનુબેન (ઉ. વ. ૮૬) તે સ્વ. જયવંતભાઈ તથા પંકજભાઈ ના બહેનનું તા. ૧ ના અવસાન પામેલ છે. તેઓનું ટેલિફોનિક ઉઠમણું તા. ૩/ ૭/૨૦૨૫ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી રાખેલ છે. પંકજભાઈ મો. નં. ૯૨૨૮૧ ૪૪૯૦૨ છે તમામ લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** સ્વ.ગીરીશભાઈ જમનાદાસભાઈ સેજપાલ (ઉ.વ.૫૯) તે સ્વ.જમનાદાસ કરશનજીભાઈ સેજપાલ તથા સ્વ. સરસ્વતીબેન જમનાદાસ સેજપાલના પુત્ર ગીરીશભાઈ તે પુનીતાબેનના પતિ, પ્રિયંકા, મંથનના પિતા, જયેશભાઈ, રાજનભાઈ, દક્ષાબેન જીતેન્દ્રકુમાર કુંડલીયાના ભાઈ, ધ્વનિલકુમાર અતુલભાઈ રૂપારેલીયાના સસરા, હરગોવિંદભાઈ કરશનજીભાઈ સેજપાલના ભત્રીજા, તે રમેશભાઈ, બીપીનભાઈ, ભરતભાઈ ઘનશ્યામભાઈ, પંકજભાઈના ભાઈ, સ્વ.કાનજીભાઈ ખોડીદાસભાઈ પુજારાના ભાણેજ, સ્વ.અમૃતલાલ દેવચંદભાઈ ભોજાણી (મોરબીવાળા)ના જમાઈ, જીયા, પરલ, ધીયાના મોટા પપ્પા,શ્રધ્ધાબેન, જીગરભાઈના મામાનું તા.૨૮ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદતનની પ્રાર્થનાસભા તથા પિયરપક્ષની સાદડી તા ૩ને ગુરૂવાર, સાંજે ૫ થી ૬, પારસ કોમ્યુનીટી હોલ, નિર્મલા સ્કુલની સામેની શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઉપલેટા સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## પૂર્વ ધારાસભ્ય સોજીત્રા અને આર.ડી.સી.બેંકના ડીરેકટર ઠુંમર સહિતના રહ્યા ઉપસ્થિત


તસ્વીર: શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા સેવા સહકારી મંડળીની પરમી વાર્ષિક સાધારણ સભા લેઉવા પટેલ સમાજ ભવન ખાતે સહકારી અગ્રણીઓ સભાસદો અને ખેડુતોની હાજરીમાં યોજાઈ હતી.

ગઈકાલે પરમી વાર્ષિક સાધારણ સભા પૂર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રાના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા બેંકના ડિરેકટર હરિભાઈ ઠુંમર, નરશીભાઈ મુંગલપરા વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી જેને મંડળીના પ્રમુખ હરિભાઈ ઠુંમર વર્ષ ૨૪-૨૫ના મંડળીના અહેવાલનું વાંચન કરી ખેડુતો અને સભાસદોની વિશાળ હાજરીમાં વિવિધ ઠરાવોને બહાલી અપાઈ હતી વધુમાં હરિભાઈ ઠુંમરે જણાવેલ કે જિલ્લા સહકારી બેંકના ચેરમેન જયેશભાઈ રાદડીયાની આગેવાની નીચે જિલ્લા બેંક દ્વારા અનેક ખેડુત લક્ષી નિર્ણયો લઈ ખેડુતોને જીરો ટકાએ ધીરાણ આપી સાથે સાથે વિવિધ લોનો સરળતાથી મળે તેવી ઉમદા કામગીરી નરસિંહભાઈ મુગલપરાએ જણાવેલ કે જિલ્લા બેંક દ્વારા ખેડુતો અને ખેડુત પરિવારની સતત ચિંતા કરી રહી છે. જિલ્લા બેંક દ્વારા તમામ સભાસદોની વિવિધ પ્રકારના વિમા પોલીસી લઈ ખેડુત પરિવારની ભવિષ્યની ચિંતા કરી રહી છે. જયારે અધ્યક્ષ સ્થાને બોલતા પૂર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રાએ સહકારી વિભાગ દ્વારા ખેડુતો અને સભાસદો મળતા વિવિધ ફાયદાઓ અને સ્થાનિક વ્યવસ્થાપક સમિતિ દ્વારા ખેડુતોના વિવિધ પ્રશ્નો અને સમસ્યાનો ઉકેલ લાવે છે. તેમજ ખેડુતોને હાલ સમયમાં ખેડુતોને આધુનિક ખેતી કરી સારા ઉત્પાદન કેમ મેળવી શકાય તેના વિશે ચર્ચા કરી હતી આ સાધારણ સભામાં જાણીતા લોક સાહિત્યકાર દેવરાજ ગઢવી તાલુકા સંઘના પ્રમુખ ભોપાલભાઈ સખીયા, લેઉવા પટેલ સમાજના મંત્રી દામજીભાઈ રામાણી, લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી વિઠલભાઈ સોજીત્રા, પાલીકા પ્રમુખ વર્ષાબેન ગજેરા, રાજુભાઈ મુંજપરા, વલ્લભભાઈ સોજીત્રા, કિરીટભાઈ પાદરીયા, હરસુખભાઈ સોજીત્રા, અસ્મીતાબેન મુરાણી, જેન્તીભાઈ ગજેરા, પરાગભાઈ સુતરીયા સહિત સભાસદો ખેડુતો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# મુળીના સરા ગામમાં આવારા તત્વોના ત્રાસ અંગે ગ્રામજનોની પોલીસને રજુઆત

## લુખ્ખા તત્વોના ત્રાસથી મહિલાઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યાની રાવ



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા ઘણા સમયથી ગ્રામ્ય વિસ્તારોમાં આવારા તેમજ લુખ્ખા તત્વોનો ત્રાસ વધી રહ્યો છે. જેના કારણે ગ્રામજનો સહિત મહિલાઓ ત્રસ્ત બન્યા છે ત્યારે મુળીના સરા ગામે આવારા તત્વોના ત્રાસ અંગે સ્થાનીક ગ્રામજનો સહિતનાઓએ મુળી પોલીસ મથકે લેખીત રજુઆત કરી છે. આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ મુળીના સરા ગામમાં આવારા તત્વોના ત્રાસના કારણે નાના બાળકોથી લઈ મહિલાઓ અને વૃધ્ધો સુરક્ષીત રીતે રસ્તા પરથી પસાર થઈ શક્તા નથી અને દારૂ પીધેલી હાલતમાં તેમજ ગાળો બોલતા આવારા તત્વોને કોઈ કાંઈ કહેતો મારી નાંખવાની ધમકી આપતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે તેમજ ગામના જ અમુક યુવાનો અસામાજીક પ્રવૃત્તિઓ કરતા હોવાથી સમગ્ર ગામને તેની અસર પડી રહી છે. આથી આવારા તત્વોને કાયદાનું ભાન કરાવી પાઠ ભણાવવામાં આવે તેવી માંગ સાથે સ્થાનીક રહિશો અને મહિલાઓએ મુળી પોલીસ મથક સહિત ડીએસપી કચેરી ખાતે લેખીત રજુઆત કરી છે.

# વયોશ્રી યોજના વડીલો સુધી પહોંચાડવા કટીબધ્ધ: મંત્રી નિમુબેન બાંભણીયા

## ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકામાં તા.૧૫મી સુધી વરીષ્ઠ નાગરિકો માટે એસેસમેન્ટ કેમ્પ યોજાશે



**અબતક, આનંદ રાણા, સિહોર**

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના કેન્દ્રિય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરીષ્ઠ નાગરીકો માટેના એસેસમેન્ટ કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ તકે કેન્દ્રિય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા એ વરિષ્ઠ નાગરિકોને એસેસમેન્ટ કેમ્પનો મહત્તમ લાભ લેવા અપીલ કરતાં જણાવ્યું હતું કે વયો શ્રી યોજના વરીષ્ઠ નાગરીકો સુધી પહોંચે અને એમના જીવનમાં સકારાત્મક બદલાવ આવી શકે તે માટે ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ, એલિમ્કોના સહયોગથી તા.૩૦ જૂન થી તા.૧૫ જૂલાઈ-૨૦૨૫ સુધી ભાવનગર શહેર અને તાલુકાઓમાં વિવિધ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવશે.

એસેસમેન્ટ કેમ્પ તા.૪ જૂલાઈએ ઘોઘા તાલુકાના સામૂહિક કેન્દ્ર ખાતે, તા.૫ જૂલાઈએ શિહોર તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે, તા.૭ જૂલાઈએ વલ્લભીપુર તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે, તા.૮ જૂલાઈએ ઉમરાળા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે, તા.૯ જૂલાઈએ તળાજા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે, તા.૧૦ જૂલાઈએ મહુવા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે, તા.૧૧ જૂલાઈએ જેસર તાલુકાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે, તા.૧૪ જૂલાઈએ ગારીયાધાર તાલુકાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને તા.૧૫મી જૂલાઈએ પાલીતાણા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે વરિષ્ઠ નાગરિકો માટે જુદા જુદા સ્થળોએ એસેસમેન્ટ કેમ્પ થશે. આ એસેસમેન્ટ સાથે સાથે વૃદ્ધ પેન્શન યોજનાના ફોર્મ, પ્રધાન મંત્રી વય વંદના આયુષ્યમાન કાર્ડ, આવક ના દાખલ કાઢવામાં આવશે.

આ તકે મેયર ભરતભાઈ બારડ, સ્ટેન્ડિંગ ચેરમેન રાજુભાઈ રાબડીયા, ડેપ્યુટી મેયર શ્રીમતી મોનાબેન પારેખ, મ્યુનિસિપલ કમિશનર એન. કે. મીણા, પોલીસ અધિક્ષક ડો.હર્ષદ પટેલ, નિવાસી અધિક કલેકટર એન. ડી. ગોવાણી, આગેવાન કુમારભાઈ શાહ, સમાજ સુરક્ષા અધિકારી એસ. જી. ચૌધરી સહિતના આગેવાનો, કોર્પોરેટરો, સર ટી હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# આદિપુર પોલીસ મથકનું ઈન્સ્પેકશન કરતા એસપી સાગર બાગમાર



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ તાલુકાના આદિપુર પોલીસ મથકની પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારે મુલાકાત લઈ વાર્ષિક ઈન્સ્પેક્શન કર્યું અને પેટ્રોલીંગ સહિતના મામલે સૂચનો કર્યા અને કાયદો વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી.

પોલીસ વડા સાગર બાગમાર દ્વારા વાર્ષિક ઈન્સ્પેક્શન હેઠળ પોલીસ પરેડ, પોલીસ રેકોર્ડ, ક્રાઈમ તથા આઉટ પોસ્ટ સહિતના મુદ્દે સ્ટાફને વિવિધ સૂચના આપવામાં આવી હતી. ખાસ કરીને હાઈવે પેટ્રોલિંગ, મુખ્ય રસ્તા તેમજ આસપાસના ગામોમાં લોક ભાગીદારી સાથે સીસીટીવી કેમેરા લગાવવા માટે વિશેષ સૂચન કર્યું હતું. ઈન્સ્પેકશન દરમિયાન આદિપુર પોલીસ મથકના પીઆઈ એમસી વાળા પીએસઆઈ આર.એમ ડુવા, પૂર્વ કચ્છ એસપીના પીએ ખીમજીભાઈ ફફલ અને આદિપુર પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# જગત મંદિરના સાત મજલાના સમારકામની તાતી જરૂરીયાત: જીર્ણ પથ્થરો ચિંતાનો વિષય

## ફલોરીંગથી માંડી ધ્વજાજીના દંડ સુધીના કલાત્મક પથ્થરો જીર્ણ થતાં ત્વરીત મરામત કરવી આવશ્યક



### હજારો વર્ષ જુના દ્વારકાધીશ મંદિરના શિખરને દાદ કયારે ?

ભારતના પશ્ચિમ છેવાડે હજારો વર્ષ પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણે વસાવેલી દ્વારકા નગરીમાં ભગવાન દ્વારકાધીશ જગતમંદિરના શિખરના જીર્ણોધ્ધારની વારંવાર રજૂઆતો કરાયા બાદ ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા મંદિર શિખરના જર્જરીત ભાગોના પુનઃ જીર્ણોધ્ધાર માટેની કામગીરીનો સર્વે આજથી આશરે એક વર્ષ પહેલા ગત જૂન માસમાં કરવામાં આવેલ અને મંદિરના શિખરનું સ્કેનીંગ પણ કરવામાં આવેલ. જોકે ત્યારબાદ હજુ સુધી કોઈ નક્કર કામગીરી હાથ ધરવામાં આવી નથી. ત્યારે પુનઃ જીર્ણોધ્ધારની કામગીરી ક્યા કારણોસર અટવાયેલી છે અને ક્યારે શરૂ કરવામાં આવશે તેવા પ્રશ્નો ઉઠવા પામ્યા છે.

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ભારતીય પુરાતત્વ વિભાગની દિલ્હી સ્થિત વડી કચેરીના ડીરેકટર જનરલ વાય.એમ્ રાવતના માર્ગદર્શન અને સૂચના મુજબ રાજકોટ ખાતેની ભારતીય પુરાતત્વ વિભાગની સર્કલ કચેરીના માર્ગદર્શન હેઠળ આર્કોલોજીની ટીમના આઠ જેટલા એન્જીનીયર્સે ગતવર્ષે કરેલ વીઝીટમાં જગતમંદિરના ફ્લોરીંગથી લઈને લાડવા ડેરા તથા શક્તિ માતાજીના મંદિર સુધીના મજલા અને ધ્વજાજીના દંડ સુધીના મજલા ઉપર ત્રણ ટીમ બનાવીને ૩૬૦ ડીગ્રી સહિતના સાધનો સાથે હાલની મંદિરની કંડોરાયેલી શિલ્પ કલાઓનું સ્કેનીંગ કરાયું હતું અને આ સ્કેનીંગ કરેલા ડેટા આધારે થયેલા મંદિરના જીર્ણ થયેલ વિવિધ ભાગોનું સ્થાપિત પત્થરોને અનુરૂપ મંદિરનો પુનઃ જીર્ણોધ્ધાર થાય તેના ઉપર પૂરતું ધ્યાન કેન્દ્રીત કરવામાં આવનાર હતું. પરન્તુ આ અંગે હજુ સુધી કામગીરી શરૂ થયેલ હોવાનું સ્થળ સ્થિતિમાં જણાતું નથી.

ખાસ કરીને જગતમંદિરના ફ્લોરીંગમાં પથરાયેલ કલાત્મક પત્થરો જે જીર્ણ હાલતમાં હોય તેમજ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ સભામંડપ તથા નિજમંદિર સહિતના ભાગોમાં પણ જીર્ણ થયેલ પત્થરોની જગ્યાએ નવા પત્થરો વડે જીર્ણોધ્ધાર કરવાનું નક્કી કરાયું હતું. આ કામગીરી માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા ૧૭ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો. આમ છતા હજુ સુધી કાગળ કાર્યવાહી સિવાય નકકર કામગીરી દેખાતી ન હોવાનું જણાઈ રહયુ છે.

# હાય....હાયના સુત્રોચ્ચાર સાથે સુડવેલ સોસાયટીમાં વરસાદી પાણીના નિકાલની માંગ

## ૭ દિવસ પહેલા પણ રજૂઆત કરવા છતાં નિવેડો ન આવતા રહીશો અને પોલીસ વચ્ચે ઘર્ષણ




**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મનપા તંત્ર દ્વારા પ્રાથમિક સુવિધાઓ મુદ્દે અમુક વિસ્તારોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે કોઠારીયા રોડ પર આવેલ સુડવેલ સોસાયટીમાં વરસાદી પાણીનો નિકાલ ન થતાં સ્થાનીક રહિશો અને મહિલાઓએ મનપા કચેરી ખાતે હલ્લાબોલ કર્યો હતો અને સુત્રોચ્ચાર સાથે વિરોધ કરતા પોલીસને બોલાવાની ફરજ પડી હતી. કોઠારીયા રોડ પર આવેલ સુડવેલ સોસાયટીમાં અંદાજે ૨૦૦થી વધુ પરિવારો વર્ષોથી વસવાટ કરે છે પરંતુ આ વિસ્તારમાં ઘણા વર્ષોથી તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા નહિં હોવાથી દર ચોમાસામાં આ વિસ્તારના મુખ્ય રસ્તાઓ સહિત મકાનોમાં વરસાદી તેમજ ગટરોના ગંદા પાણી ફરી વળતા સ્થાનીક રહિશો અને મહિલાઓને હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે આ ઉપરાંત વરસાદી પાણી ભરાઈ રહેતા નાના બાળકો, વિદ્યાર્થીઓ સહિત વૃધ્ધો લપસીને પડી જવાના બનાવો પણ બને છે. જ્યારે રજુઆત કરવા આવેલ સ્થાનીકોને પોલીસે મનપા કચેરીમાં જતા અટકાવતા પોલીસ અને સ્થાનીકો વચ્ચે ઘર્ષણ પણ સર્જાયું હતું. આગામી દિવસોમાં વરસાદી પાણીનો નિકાલ તેમજ ભૂગર્ભ ગટરની સમસ્યાનો ઉકેલ નહિં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

# સુરેન્દ્રનગર: રેશનીંગ દુકાનદારો દ્વારા વિવિધ માંગો સાથે કલેકટરને રજુઆત

## યોગ્ય ઉકેલ નહિં આવે તો અનાજ વિતરણનો બહિષ્કારની ચીમકી



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના રાશનીંગ દુકાનદારો દ્વારા જીલ્લા કલેકટરને પોષણક્ષમ કમીશન નિયમીત મળતું નથી. જેના કારણે રાશનીંગ દુકાનદારોની હાલત કફોડી બની છે અને આર્થિક સંકડામણ અનુભવી રહ્યાં છે. સરકાર દ્વારા દુકાનદારો પાસેથી એડવાન્સ પેમેન્ટની ભરપાઈ કરાવવામાં આવે છે પરંતુ સામે કમીશન અનિયમીત ચુકવવામાં આવી રહ્યુ છે. જેના કારણે હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે તેમજ પીડીએસ સીસ્ટમ દ્વારા લોકોને નિયમીત સમયે અનાજનો જથ્થો મળી રહે તે અનિવાર્ય છે. જયારે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે છે. આથી રાશનીંગ દુકાનદારોને પુરતો અને એકસાથે અનાજનો જથ્થો મળતો નથી જેના કારણે વિતરણ વ્યવસ્થા પર અસર પડે છે. આ ઉપરાંત વિતરણ સમયે જ સર્વર ડાઉન અથવા સ્લો સર્વર કે સાઈટમાં ટેકનીકલ ખામી સર્જાય છે. આથી ટેકનીકલ ક્ષતીઓ ન થાય તે માટે એડવાન્સમાં મેઈન્ટેનન્સ કરવું જરૂરી છે. રાશનીંગ દુકાનદારો દ્વારા જીલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી લેખીત રજુઆત કરી હતી અને તમામ સમસ્યાનો ઉકેલ નહિં આવે તો ચાલુ જુલાઈ મહીનાથી અનાજ વિતરણનો સંપૂર્ણ બહિષ્કાર કરી ગાંધી ચીંધ્યા માર્ગે લડત આપવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

# અમરેલીની પારેખ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા અંગે માહિતગાર કરાયા



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ચાલતા કવચ કેન્દ્રના કો-ઓર્ડીનેટર ડો. એ. બી. ગોરવાડીયા દ્વારા સાયબર સિક્યુરિટી અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર માટે અમરેલી સાઈબર સિક્યુરિટી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા નૈતિકભાઈ બાબરીયાને મુખ્ય માર્ગદર્શક તરીકે બોલાવવામાં આવ્યા હતા. તેમના દ્વારા વિદ્યાર્થીઓ તથા સ્ટાફમિત્રોને સાઈબર સિક્યુરિટી વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. આજના જમાનામાં બનતા વિવિધ સાયબર અપરાધો વિશે તેમણે જાણકારી આપી હતી. આપણે સાયબર અપરાધોથી કેવી રીતે બચી શકીએ તે વિષય પર તેમણે તલસ્પર્શી માહિતી આપી હતી. આ સેમીનાર ખૂબ જ સફળ રહ્યો હતો. સેમિનારને સફળ બનાવવા માટે કોલેજના પ્રા. ડો. એ. જી. પટેલ, પ્રા. ડબલ્યુ. જી વસાવા, તથા પ્રા. વાય. કે. કયાડાએ યોગદાન આપ્યું હતું. સેમિનારના અંતે કોલેજના સિનિયર પ્રોફેસર જે. એમ. તળાવીયાએ આભાર વિધિ કરી હતી. સેમિનારની સફળતા બદલ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### તંત્રની ઘોર બેદરકારી

# અમરેલીમાં એસ.ટી.બસ ગટરના ખાડામાં ફસાઈ: મુસાફરો રઝળ્યા



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી નગરપાલિકાની આમતો અવાર નવાર બેદરકારી સામે આવતી રહે છે ત્યારે આજે અમરેલી શહેરની મધ્યમાં જિલ્લા પંચાયત કચેરી નજીક આવેલ મોટી મોણપરી રૂટની એસટી બસ ગટરમાં ફસાઈ ગઈ હતી. આ ઘટનાએ નગરપાલિકાની બેદરકારીને ઉજાગર કરી છે. નગરપાલિકા દ્વારા ગટરની સફાઈ બાદ કેટલાક સ્થળે ગટરના ઢાંકણા યોગ્ય રીતે બેસાડવામાં આવતા નથી. કેટલીક જગ્યાએ ઢાંકણા ગાયબ થયેલા જોવા મળે છે. જેના કારણે રાહદારીઓ અને વાહન ચાલકો ઉપર અકસ્માતનો ખતરો તોળાતો જોવા મળી રહ્યો છે, ગટરના સમારકામ બાદ માત્ર માટી નાખીને અધૂરું કામ છોડી દેવામાં આવે છે. આના કારણે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આજની ઘટના પણ એવીજ નગરપાલિકાની બેદરકારીને પરિણામ જોવા મળી રહ્યું છે,જેના કારણે એસટી બસ ફસાવાથી જિલ્લા પંચાયત રોડ ઉપર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બસ ફસાવાના કારણે એસટી બસ્ટેન્ડ જતા મુસાફરો પણ રાજાળ્યા હતા અને ઓટોરિક્ષામાં જવા મજબૂર બન્યા હતા, ત્યારે ઘટનાની જાણ થતા તંત્ર દ્વારા કલાકોની જહેમત બાદ બસને બહાર કાઢવામાં આવી હતી.

# જુનાગઢમાં ૧૫૦થી વધુ તાજિયા શનિવારે પડમાં આવશે

## દસ દિવસના શહીદ પર્વનો પ્રારંભ: ઠેર-ઠેર ઠંડા-પીણા અને ન્યાઝ સમૂહ પ્રસાદનું આયોજન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ઈસ્લામના પેગંબર હજરત મહમદ સાહેબના નવાસા (દોહિત્ર) હજરત ઈમામ હુસેન અને તેમના ૭૨ સાથીદારોએ યજિદ સામે સત્ય અહિંસા કાજે તાબે ન થઈ ધર્મયુદ્ધ માં શહીદી વોહરી લીધી હતી, ઈમામ હુસૈન અને શહીદોની યાદમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ જુનાગઢ સહિત સમગ્ર દેશમાં મોહરમની ઉજવણીનો પ્રારંભ થયો છે.

જુનાગઢમાં નવાબકાળથી વિશિષ્ટ રીતે મોહરમની ઉજવણી થાય છે ૧ થી ૧૦ તારીખ સુધી દરરોજ બહેનો અને ભાઈઓમાં મજલીસ વાઈઝ અને નમાઝની સાથે સાથે સાર્વજનિક સમૂહ પ્રસાદ ન્યાઝના આયોજન થાય છે.

જૂનાગઢના મુસ્લિમ સમાજના અગ્રણી અને સામાજિક આગેવાન સલીમભાઈ ગુજરાતીના જણાવ્યા મુજબ, મોહરમની છઠ્ઠી તારીખ આ વર્ષે અંગ્રેજી બુધવારે ઈમામ હુસેનના મોટાભાઈ હજરત ઈમામ હસનના શહેઝાદા હઝરત કાસીમની યાદમાં બહેનોમાં મહેંદીની રસમ અદા કરવામાં આવે છે. શહેરના ગિરનાર રોડ પર આવેલ હુસૈન મંઝિલમાં બપોરે ૪ વાગે બહેનોમાં મહેંદીની રસમ અદા કરવામાં આવે છે.

જુનાગઢના ભાવિકોને મોહરમના તમામ તહેવારોમાં શરીક થવા જાહેર ઈજન આપવામાં આવ્યું હોવાનું સલીમભાઈ ગુજરાતી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# આજથી શરૂ થતા બીજા ટેસ્ટમાં પ્રથમ ટેસ્ટની ખામીઓ દૂર કરી ભારત વળતો પ્રહાર કરશે?

## ટીમ ઈન્ડિયા પ્લેઈંગ ઈલેવનમાં બે થી ત્રણ ફેરફાર કરી શકે, ઈંગ્લેન્ડે પ્લેઈંગ-૧૧માં કોઈ ફેરફાર કર્યો નથી

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીની બીજી મેચ આજથી બર્મિંગહામમાં રમાઈ રહી છે. લીડ્સ ટેસ્ટમાં ૫ વિકેટે મળેલી હાર બાદ, ભારતીય ટીમની બોલિંગ પર, ખાસ કરીને ચોથી ઈનિંગમાં ૩૭૧ રનના વિશાળ લક્ષ્યનો બચાવ ન કરી શકવા બદલ, ભારે ટીકા થઈ હતી. પહેલી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની નબળી ફિલ્ડિંગ, બોલિંગ અને નીચલા ક્રમના બેટ્સમેનોનું પતન હારના મુખ્ય કારણો હતા. ઈતિહાસમાં આ પહેલી વાર હતું જ્યારે ૫ સદી ફટકારનાર ટીમ હાર્યું હતું. યશસ્વી જયસ્વાલ, શુભમન ગીલ અને ઋષભ પંતે પહેલી ઈનિંગમાં સદી ફટકારી હતી. બીજી ઈનિંગમાં ઋષભ પંત અને કેએલ રાહુલે સદી ફટકારી હતી.પહેલી ઈનિંગમાં ભારતે પોતાની છેલ્લી ૭ વિકેટ ૪૧ રનમાં ગુમાવી દીધી હતી અને બીજી ઈનિંગમાં તેણે છેલ્લી ૬ વિકેટ ૩૧ રનમાં ગુમાવી દીધી હતી. ફિલ્ડિંગનું સ્તર ખરાબ હતું, એકલા જયસ્વાલે ૪ કેચ છોડ્યા હતા. જસપ્રીત બુમરાહ સિવાય, કોઈ બોલર પહેલી ઈનિંગમાં દબાણ બનાવી શક્યો ન હતો. ૫ વિકેટ લેનાર બુમરાહ પણ બીજી ઈનિંગમાં કોઈ વિકેટ લઈ શક્યો ન હતો. ઈંગ્લેન્ડે તે મેચ ૫ વિકેટથી જીતી હતી. ત્યારે આજથી શરૂ થતા બીજા ટેસ્ટમાં પ્રથમ ટેસ્ટની ખામીઓ દૂર કરી ભારત વળતો પ્રહાર કરશે? બર્મિંગહામ ટેસ્ટમાં ભારતીય બોલિંગ લાઈન-અપમાં ત્રણ મોટા ફેરફારો જોવા મળી શકે છે.કેમ કે હવે પીચના રિપોર્ટ મુજબ ભારતીય ટિમ બે સ્પિનરોને રમાડશે તેમ લાગી રહ્યું છે. જેમાં કુલદીપ યાદવ અને ઓલરાઉન્ડર વોશિંગટન સુંદરને જગ્યા મળી શકે તેમ છે.શાર્દુલ ઠાકુરને પણ પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરી શકાય છે. શાર્દુલે પ્રથમ ટેસ્ટમાં બંને ઈનિંગમાં માત્ર ૫ રન બનાવ્યા હતા અને ફક્ત ૨ વિકેટ લીધી હતી. તેની જગ્યાએ સ્પિનર કુલદીપ યાદવને રમાડવામાં આવી શકે છે, જે ભારતીય બોલિંગ આક્રમણને વધુ વિવિધતા પ્રદાન કરશે.સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ બીજી ટેસ્ટમાં નહીં રમે. તેના સ્થાને યુવા ડાબોડી સીમર અર્શદીપ સિંહને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરી શકાય છે. અર્શદીપે ભલે હજુ સુધી ટેસ્ટ ડેબ્યૂ ન કર્યું હોય, પરંતુ કાઉન્ટી ચેમ્પિયનશિપમાં રમવાના કારણે તેને ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં રમવાનો સારો અનુભવ મળ્યો છે. અર્શદીપને નેટમાં નવા અને જૂના બંને બોલ સાથે પ્રેક્ટિસ કરતા પણ જોવામાં આવ્યા છે. બંને બાજુ સ્વિંગ કરવાની તેની ક્ષમતાને કારણે ઈંગ્લેન્ડની પિચો પર તે અસરકારક સાબિત થઈ શકે છે.અહેવાલો અનુસાર, ઝડપી બોલર પ્રખ્યાત કૃષ્ણા પણ નાની ઈજાથી પીડાઈ રહ્યો છે. જો તે સમયસર ફિટ ન થઈ શકે, તો યુવા ફાસ્ટ બોલર આકાશદીપને પણ પ્લેઈંગ ઈલેવનમાં તક મળી શકે છે.પહેલી ટેસ્ટમાં, કરુણ નાયર અને સાઈ સુદર્શન બંને ઈનિંગમાં કંઈ ખાસ પ્રદર્શન કરી શક્યા ન હતા. નાયરે બંને ઈનિંગ્સમાં ૨૦ રન બનાવ્યા હતા જ્યારે સુદર્શને ફક્ત ૩૦ રન બનાવ્યા હતા. તેમ છતાં, એવું માનવામાં આવે છે કે આ બંનેને બીજી ટેસ્ટમાંથી બહાર રાખવામાં આવશે નહીં અને તેમને વધુ એક તક આપવામાં આવશે. આ ફેરફારો સાથે, ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં વધુ મજબૂત દેખાવ કરવાનો પ્રયાસ કરશે.

### તોબા તોબા ગરમી...

# ઈંગ્લેન્ડમાં રમાતા વિમ્બલડનમાં પણ તિવ્ર ગરમીએ ખેલાડીઓને પરેશાન કર્યા

**અબતક, નવી દિલ્હી**

સોમવારે અહીં વિમ્બલ્ડન ચેમ્પિયનશિપનો આરંભ રેકોર્ડ-બ્રેક ૯૧ ડિગ્રી ફેરનહિટ (૩૩ સેલ્સિયસ) તાપમાન વચ્ચે થયો હતો અને એમાં તમામ ખેલાડીઓએ અસહ્ય ગરમીમાં રમવું પડ્યું હતું જેમાં ખાસ કરીને ડિફેન્ડિંગ ચેમ્પિયન અને વિશ્વના બીજા નંબરના ખેલાડી સ્પેનનો કાર્લોસ અલ્કારાઝ મહા મહેનતે જીત્યો હતો. વિમ્બલ્ડન ના ઈતિહાસમાં આ સૌથી વધુ તાપમાન વાળો પ્રારંભિક દિવસ હતો.

પાંચ ગ્રેન્ડ સ્લેમ ટાઈટલ જીતી ચૂકેલા તેમ જ બે વર્ષથી (૨૦૨૩માં, ૨૦૨૪માં) વિમ્બલ્ડનમાં સિંગલ્સની ટ્રોફી જીતી રહેલા અલ્કારાઝની પુરુષોની ટેનિસમાં બીજી રેન્ક છે, જ્યારે ફોગ્નિનીની ૧૩૮મી રેન્ક છે. એમ છતાં અલ્કારાઝે તેની સામે જીતવા ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. છેવટે અલ્કારાઝ જીત્યો હતો અને કેરિયરમાં સતત સૌથી વધુ જીતવાની પરંપરા તેણે જાળવી હતી. અલ્કારાઝનો આ સતત ૧૯મો વિજય હતો. અલ્કારાઝ હજી ત્રણ અઠવાડિયા પહેલાં ફ્રેન્ચ ઓપન જીત્યો હતો અને હવે તેણે વિમ્બલ્ડનમાં પહેલા જ દિવસે એવા હરીફ ખેલાડી સામે સંઘર્ષ સાથે પહેલો રાઉન્ડ જીતવો પડ્યો છે જે વર્તમાન સીઝન બાદ નિવૃત્ત થવા વિચારી રહ્યો છે.

જો અલ્કારાઝ સોમવારે ફોગ્નિની સામે હારી ગયો હોત તો વિમ્બલ્ડનનો ડિફેન્ડિંગ ચેમ્પિયન પછીના જ વર્ષના પ્રથમ રાઉન્ડમાં જ હારી ગયો હોય એવું ત્રીજી વાર બન્યું હોત. ૧૯૬૭માં મેન્યૂએલ સેન્ટના અને ૨૦૦૩માં લેટન હ્યુઈટ વિમ્બલ્ડનમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે રમવા ઊતર્યા બાદ પહેલી જ મેચમાં હારી ગયા હતા.

૨૦૨૪માં પુરૂષોની ટેનિસમાં ૧૭મી રેન્ક મેળવનાર ફ્રાન્સના ૩૭ વર્ષની ઉંમરના ઍડ્રિયન મેનરિનોએ પહેલા રાઉન્ડની મેચ જીત્યા પછી કહ્યું, ' હું રમતો હતો ત્યારે એવું લાગતું હતું કે સૂરજદાદા દર મિનિટે મારી વધુને વધુ નજીક આવીને દૂર જઈ રહ્યા છે.'ઍડ્રિયને માથા પરના વાળ કપાવી નાખ્યા છે અને તે અસહ્ય ગરમીમાં વારંવાર માથા પર સનસ્ક્રીનનો સ્પ્રે કરતો જોવા મળ્યો હતો.

રશિયાનો ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ડેનિલ મેડવેડેવ ૨૦૨૩ અને ૨૦૨૪માં વિમ્બલ્ડનમાં સેમિ ફાઈનલ સુધી પહોંચ્યો હતો, પરંતુ સોમવારે તે પહેલા જ રાઉન્ડમાં બેન્જામિન બોન્ઝી સામે ૬-૭ (૨-૭), ૬-૩, ૬-૭ (૩-૭), ૨-૬થી હારી ગયો હતો. છ ફૂટ છ ઈંચ ઊંચો મેડવેડેવ ત્રણ અઠવાડિયા પહેલાં ફ્રેન્ચ ઓપનમાં પણ પ્રથમ રાઉન્ડમાં પરાજિત થયો હતો. એ અગાઉ, જાન્યુઆરીની ઑસ્ટ્રેલિયન ઓપનમાં તે બીજા રાઉન્ડમાં હાર્યો હતો. તે છેલ્લે એક વર્ષમાં ઉપરાઉપરી બે ગ્રેન્ડ સ્લેમમાં પહેલા રાઉન્ડમાં પરાજિત થયો હોય એવું ૨૦૧૭ની સાલમાં (આઠ વર્ષ પહેલાં) બન્યું હતું.

# ભારતીય કુસ્તીબાજમાંથી રાજકારણી બનેલી વિનેશ ફોગાટ માતા બની

**અબતક, નવી દિલ્હી**

ભારતીય કુસ્તીબાજમાંથી રાજકારણી બનેલી વિનેશ ફોગાટ માતા બની છે. તેમણે એક પુત્રને જન્મ આપ્યો છે. તેમણે અને તેમના પતિ સોમવીર રાઠીએ મંગળવાર, ૧ જુલાઈના રોજ નવી દિલ્હીમાં તેમના પહેલા બાળકનું સ્વાગત કર્યું. ૨૫ વર્ષીય વિનેશને સોમવારે દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને મંગળવારે સવારે ૯ વાગ્યાની આસપાસ તેમણે પુત્રને જન્મ આપ્યો.

આ કપલે આ વર્ષની શરૂઆતમાં માર્ચમાં ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ દ્વારા માતા-પિતા બનવાની પોતાની યોજનાની ખુલ્લેઆમ જાહેરાત કરી હતી. તેમણે લખ્યું હતું કે, ''અમારી પ્રેમકથા એક નવા અધ્યાય સાથે આગળ વધે છે.''કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ અને સાંસદ કુમારી શેલજાએ ફોગાટને તેમના પહેલા બાળકના જન્મ પર અભિનંદન આપ્યા. વિનેશે ૨૦૧૮ માં સાથી કુસ્તીબાજ સોમવીર રાઠી સાથે લગ્ન કર્યા. દંપતી બનતા પહેલા, બંને રેલ્વેમાં કામ કરતી વખતે પહેલી વાર મળ્યા હતા. તેમનો સહિયારો પ્રેમ અને કુસ્તી પ્રત્યેનો જુસ્સો તેમને નજીક લાવ્યો અને મિત્રતા સંબંધમાં ફેરવાઈ ગઈ અને આખરે તેઓ ખુશીથી સાથે રહેવા લાગ્યા.ફોગાટે ગયા વર્ષે ઓગસ્ટમાં પેરિસ ઓલિમ્પિકમાં હૃદયરોગનો ભોગ બન્યા બાદ કુસ્તીમાંથી નિવૃત્તિ લીધી હતી. વિનેશ ફોગાટ પેરિસ ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક મેળવવાથી ચૂકી ગઈ હતી. વધુ વજનને કારણે ફાઈનલ પહેલા જ તેને ગેરલાયક ઠેરવવામાં આવી હતી.આ માટે તેણીએ કોર્ટનો પણ સંપર્ક કર્યો પરંતુ તેણી સફળ ન થઈ. ૧૦૦ ગ્રામ વજન વધારે હોવાને કારણે તેણીને ફાઈનલમાં લડવાથી પ્રતિબંધિત કરવામાં આવી હતી. તેણીએ ૫૦ કિગ્રા વર્ગમાં પેરિસ ઓલિમ્પિકમાં પ્રવેશ કર્યો હતો.

# કુલ્લુ વિસ્તારમાં એક જ દિવસમાં ત્રણ વખત વાદળ ફાટવાની ઘટના ઘટે: પાંચ ના મોત, ૨૫ ગુમ

### ઘટનાઓ બાદ મંડી અને કાંગડા જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રખાઈ

**અબતક, રાજકોટ**

ચોમાસુ આવતાની સાથે જ હિમાચલ પ્રદેશમાં અવારનવાર વાદળ ફાટવાની ઘટનાઓ ઘટતી હોય છે. ત્યારે આવી જ વધુ એક ઘટના ઘટી હતી. જેમાં મંડી જિલ્લામાં ગઈકાલે વહેલી સવારે વાદળ ફાટવા, અચાનક પૂર અને ભૂસ્ખલનના કારણે પાંચ લોકોના મોત થયા હતા અને ઓછામાં ઓછા ૧૫ લોકો ગુમ થયા હતા. આ ઘટનાઓ બાદ મંડી અને કાંગડા જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવી હતી.હિમાચલ પ્રદેશ રાજ્ય કટોકટી કેન્દ્રના જણાવ્યા અનુસાર, મંડીમાં એક જ દિવસમાં ૧૦ વખત વાદળ ફાટ્યા અને ત્રણ વખત પૂર આવ્યું હતું. ચંદીગઢ-મનાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગ સોમવાર સાંજથી બંધ હતો અને હજુ સુધી તેને ફરીથી ખોલવામાં આવ્યો નથી, જેના કારણે ઘણા પ્રવાસીઓને તેમના વાહનોમાં અથવા સુરંગોમાં રાત વિતાવવી પડી હતી. એનડીઆરએફ અને એસડીઆરએફ ટીમો દ્વારા ૨૩૩ લોકોને બચાવવામાં આવ્યા હતા.જિલ્લાના ગોહર, કારસોગ, ધરમપુર અને થુનાગ વિસ્તારોમાં રાત્રે ૧ થી ૪ વાગ્યાની વચ્ચે વાદળ ફાટવાથી અચાનક પૂર આવ્યું હતું. આ પૂરના કારણે ૧૮ ઘરો અને ત્રણ ડઝનથી વધુ વાહનો તણાઈ ગયા હતા, જ્યારે લોકો અંધારામાં જીવ બચાવવા માટે ભાગવા લાગ્યા હતા. ગોહર સબડિવિઝનના સ્યાંજ વિસ્તારના એક ગામમાં નવ લોકો તણાઈ ગયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્યાંજ નદી પાસે બે ઘરોમાં પીડિતો સૂતા હતા ત્યારે વાદળ ફાટવાના કારણે અચાનક પૂર આવ્યું. નજીકના બારા ગામમાં, ઘર તૂટી પડતાં છ લોકો કાટમાળમાં ફસાયા હતા, જેમાંથી ચારને બચાવી લેવામાં આવ્યા હતા પરંતુ બેના મોત થયા હતા. ગોહરમાં આવેલા તલવારા ગામમાં અચાનક પૂરમાં ત્રણ લોકો ગુમ થયા હતા. કારસોગમાં પણ ચાર લોકો ગુમ થયા હતા, અને જૂના બજાર વિસ્તારમાં વાદળ ફાટવાના કારણે ફરી એકવાર આવેલા પૂરમાં એકનું મોત થયું હતું.જોગીન્દરનગર નજીક નેરી કોટલામાં એક અજાણી લાશ મળી આવી હતી, અને સાંજે ગોહરના તલવારા ગામમાંથી વધુ એક અજાણી લાશ મળી હતી, જેનાથી મૃત્યુઆંક પાંચ થયો હતો. કુટ્ટી બાયપાસ અને કારસોગમાંથી ઓછામાં ઓછા ૩૦ ફસાયેલા લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. પંડોહ નજીક બાખલી નદી પર આવેલા પાટીકરી જળવિદ્યુત પ્રોજેક્ટને પૂરમાં ભારે નુકસાન થયું હતું. બિજની ગામમાં ભારે ભૂસ્ખલન થતાં પઠાણકોટ-મંડી હાઈવે પર એક નિર્માણાધીન ટનલ તૂટી પડી હતી. ટનલનો મુખ્ય ભાગ ખાડામાં ધસી પડતાં એનએચએઆઈ ના કર્મચારીઓ જીવ બચાવવા માટે દોડી ગયા હતા.

### લ્યો કરો વાત કલામાં ગુજ્જુઓ નિપૂર્ણ

# રાજ્ય બોર્ડની પરીક્ષામાં પ્રાથમિકમાં પાસ થવાનો દર ૯૬% ને પાર, જ્યારે માધ્યમિકમાં ૧૦૦% પરિણામ

### રાજ્યમાં પ્રાથમિક કલા પરીક્ષા માટે ૧,૫૬,૫૧૬ વિદ્યાર્થીઓ માધ્યમિક કલા પરીક્ષામાં ૧૭,૧૬૫ વિદ્યાર્થીઓએ કરાવી હતી નોંધણી

**અબતક, રાજકોટ**

અમદાવાદ: રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક કલા પરીક્ષાઓના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં આ વખતે ગુજ્જુએ બંને સ્તરોમાં સારી સફળતા મેળવી છે. રાજ્યમાં પ્રાથમિક કલા પરીક્ષા માટે ૧,૫૬,૫૧૬ વિદ્યાર્થીઓ માધ્યમિક કલા પરીક્ષામાં ૧૭,૧૬૫ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી,તેમાંથી પ્રાથમિક ૯૬.૫૭% અને માધ્યમિક ૯૯.૭૬% ટકાવારી સાથે સફળતા દર પ્રભાવશાળી રહ્યો છે.

રાજ્યમાં પ્રાથમિક કલા પરીક્ષા માટે ૧,૫૬,૫૧૬ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી,તેમાંથી ૫૨,૪૨૦ વિદ્યાર્થીઓ ગેરહાજર, ૧,૦૪,૦૯૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કુલ ૧,૦૦,૫૨૬ વિદ્યાર્થીઓ પાસ થયા હતા, જેમાંથી ૫૬,૭૯૦ એ ગ્રેડ મેળવ્યો હતો; ૨૧,૨૭૦ એ બી ગ્રેડ મેળવ્યો હતો અને ૨૨,૪૬૬ એ સી ગ્રેડ મેળવ્યો હતો.રાજ્યભરમાં માધ્યમિક કલા પરીક્ષામાં ૧૭,૧૬૫ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી, તેમાંથી ૭,૦૧૬ ગેરહાજરી છતાં, ૧૦,૧૪૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી ૧૦,૧૨૫ પાસ થયા. ગ્રેડ મુજબ, ૮,૭૨૩ વિદ્યાર્થીઓએ એ ગ્રેડ, ૮૯૦વિદ્યાર્થીઓએ બી ગ્રેડ અને ૫૧૨ વિદ્યાર્થીઓએ સી ગ્રેડ મેળવ્યો હતો.અમદાવાદ જિલ્લામાં, પ્રદર્શન મજબૂત રહ્યું. પ્રાથમિક પરીક્ષામાં ૮,૩૮૨ વિદ્યાર્થીઓમાંથી ૮,૨૦૪ વિદ્યાર્થીઓ પાસ થયા, જેમાંથી ૨,૭૨૨ વિદ્યાર્થીઓએ એ ગ્રેડ મેળવ્યો. માધ્યમિક પરીક્ષામાં પાસ થવાનો દર ઉત્તમ રહ્યો, જેમાં ૫૬૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરી. આમાંથી ૫૧૩ વિદ્યાર્થીઓએ એ ગ્રેડ મેળવ્યો.શિક્ષણ અધિકારીઓએ ઉચ્ચ સફળતા દરનો શ્રેય વિદ્યાર્થીઓના સાતત્યપૂર્ણ પ્રદર્શન અને રાજ્યભરમાં કલા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શાળાઓના પ્રયાસોને આપાયો.

# ઈંગ્લેન્ડમાં જમાવટ કરે કે ના કરે સિરાજે હૈદરાબાદમાં રસોડું જમાવ્યું

**અબતક, નવી દિલ્હી**




ભારતીય પેસ બોલર મોહમ્મદ સિરાજે રેસ્ટોરાં બિઝનેસમાં પ્રવેશ કર્યો છે. તેણે હૈદરાબાદ શહેરમાં જોહાર્ફા' નામની રેસ્ટોરાં શરૂ કરી છે. ભારતીય ક્રિકેટરોમાં ખાસ કરીને સચિન તેન્ડુલકર, સૌરવ ગાંગુલી અને વિરાટ કોહલીએ છેલ્લા થોડા વર્ષો દરમ્યાન વિવિધ શહેરોમાં રેસ્ટોરાં શરૂ કરી છે અને હવે સિરાજે તેમનું અનુકરણ કર્યું છે. સિરાજની જોહાર્ફા' રેસ્ટોરાંમાં અનેક વરાઈટીની મુગલાઈ, ઈરાની તથા અરેબિયન ડિશીઝ તેમ જ ચાઈનીઝ વાનગીઓ ઉપલબ્ધ હશે.તાજેતરમાં સિરાજની આ રેસ્ટોરાંની ઓપનિંગ ઈવેન્ટ યોજાઈ હતી. સિરાજે એક યાદીમાં જણાવ્યું હતું, 'જોહાર્ફા મારા દિલનો એક હિસ્સો જ સમજી લો. હૈદરાબાદ શહેરે મને એક આગવી પહેચાન આપી છે અને મારે આ શહેરને કંઈક રિટર્નમાં આપવું હતું જે હું આ રેસ્ટોરાં મારફત આપી રહ્યો છું. આ એવું સ્થાન હશે જ્યાં જ્યાં લોકો ભેગા મળીને આવશે, સાથે ભોજનની મોજ માણશે અને એકબીજાના સંગાથે ઘર જેવો જ આનંદ માણશે.'

સિરાજ પોતે ટીમ ઈન્ડિયાનો હિસ્સો છે, પણ હવે ખુદ તેણે એક એવી ટીમ તૈયાર કરી છે જેમાં અનુભવી શેફ અને તેના હાથ નીચેના બીજા રસોઈયા અને સાથીઓનો સમાવેશ હશે.

# ''શમીએ ઢળતી સંધ્યા''એ પત્ની - પુત્રના ભરણપોષણ માટે રૂ.૪ લાખ ચુકવવા પડશે

**અબતક, નવી દિલ્હી**




કોલકાતા હાઈકોર્ટથી મોહમ્મદ શમીને મોટો ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે ફરી એકવાર ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે શમીને તેની પત્ની હસીન જહાં અને પુત્રી આયરાના ભરણપોષણ માટે દર મહિને ૪ લાખ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. તેણે તેની પત્નીને દર મહિને ૧ લાખ ૫૦ હજાર રૂપિયા અને તેની પુત્રીને દર મહિને ૨ લાખ ૫૦ હજાર રૂપિયા ચૂકવવા પડશે.

મોહમ્મદ શમી અને હસીન જહાં પરસ્પર વિવાદ બાદ ઘણા વર્ષોથી અલગ રહે છે. પુત્રી આયરા તેની માતા હસીન જહાં સાથે રહે છે. હસીન જહાં ક્રિકેટર મોહમ્મદ શમી પર ભરણપોષણ માટે જરૂરી પૈસા ન આપવાનો આરોપ લગાવી રહી છે. તે આ માટે કાનૂની લડાઈ પણ લડી રહી છે. હસીન જહાંની અરજી પર, જસ્ટિસ અજય મુખર્જીએ મોહમ્મદ શમીને ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપ્યો છે. હસીન જહાંએ સાત વર્ષ પહેલા દર મહિને ૭ લાખ રૂપિયાની માંગણી કરતી અરજી દાખલ કરી હતી. ત્યારબાદ નીચલી કોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી કે તે મોડેલિંગથી કમાણી કરે છે. ત્યારબાદ હસીન જહાંએ તેની કાનૂની લડાઈ ચાલુ રાખી. આના પર અલીપુર કોર્ટે મોહમ્મદ શમીને તેની પત્ની અને પુત્રીને દર મહિને ૮૦ હજાર રૂપિયા ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપ્યો. બાદમાં, જિલ્લા ન્યાયાધીશે આ રકમ હસીન જહાંને દર મહિને ૫૦ હજાર રૂપિયા અને પુત્રીને ૮૦ હજાર રૂપિયા કરી. હસીન જહાંએ જિલ્લા કોર્ટના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. તેણીએ ૧.૩૦ લાખ રૂપિયા (૮૦,૦૦૦ + ૫૦,૦૦૦) ને બદલે દર મહિને ૬.૫૦ લાખ રૂપિયા ભરણપોષણની માંગણી કરી હતી. ત્યારબાદ હાઈકોર્ટે શમીને દર મહિને ભરણપોષણ તરીકે ૪ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

# અમેરિકામાં આવેલા ઈસ્કોન મંદિરમાં ૩૦ ગોળીઓ છૂટી!!

## ગોળીબારીમાં મંદિરને મોટું નુકસાન: ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવા માંગ




**અબતક, રાજકોટ**

અમેરિકાના ઉટાહ રાજ્યના સ્પેનિશ ફોર્ક સ્થિત ઈસ્કોન શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિર પર તાજેતરમાં થયેલા ગોળીબારની ઘટનાને લઈને સાન ફ્રાન્સિસ્કો સ્થિત ભારતીય કોન્સ્યુલેટે સખત શબ્દોમાં નિંદા કરી છે. આ ઘટનાને પગલે કોન્સ્યુલેટે સ્થાનિક અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરીને ગુનેગારોને કાયદાના કઠેડામાં લાવવા વિનંતી કરી છે. વાર્ષિક હોળી ઉત્સવ માટે વિશ્વભરમાં જાણીતા આ મંદિર પર છેલ્લા કેટલાક દિવસોમાં ૨૦ થી ૩૦ ગોળીઓ છોડવામાં આવી છે, જેના કારણે મંદિરને મોટું નુકસાન થયું છે.

કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા, સાન ફ્રાન્સિસ્કો દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, ''અમે ઉટાહના સ્પેનિશ ફોર્કમાં ઈસ્કોન શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરમાં તાજેતરમાં થયેલી ગોળીબારની ઘટનાની સખત નિંદા કરીએ છીએ. કોન્સ્યુલેટ તમામ ભક્તો અને સમુદાયને સંપૂર્ણ સમર્થન આપે છે અને સ્થાનિક અધિકારીઓને ગુનેગારોને ન્યાય અપાવવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરે છે.'' ઈસ્કોન દ્વારા સોશિયલ મીડિયા પર આ ઘટનાઓની પુષ્ટિ કરવામાં આવી છે, જેમાં તેને શંકાસ્પદ દ્વેષપૂર્ણ અપરાધ તરીકે વર્ણવવામાં આવ્યા છે. આ હુમલાઓ રાત્રિના સમયે થયા હતા જ્યારે ભક્તો અને મહેમાનો મંદિરની અંદર હાજર હતા.મંદિરના પ્રમુખ વાઈ વોર્ડનના જણાવ્યા અનુસાર, જૂન મહિનામાં ઈમારત પર ત્રણ અલગ અલગ વખત ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ગોળીબારના નિશાન હવે મંદિરના હાથથી કોતરેલા કમાનો, દિવાલો અને બારીઓ પર સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે, જેના કારણે હજારો ડોલરનું માળખાકીય નુકસાન થયું છે. ફોક્સ ન્યૂઝના અહેવાલ મુજબ, ૧૫ એકરના પહાડી શિખર પર આવેલું આ મંદિર બે દાયકાથી વધુ સમયથી સમુદાયના અભયારણ્ય તરીકે સેવા આપી રહ્યું છે અને ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં તેનું નિર્માણ થયું હતું. આ મંદિરમાં પૂજા સ્થળની બાજુમાં મોર, લામા અને ગાયો પણ રહે છે.વાઈ વોર્ડને વધુમાં જણાવ્યું કે ''છેલ્લા દાયકાઓમાં આપણે કોઈ મુશ્કેલી વિના સારી રીતે ચાલી રહ્યા છીએ, અને હવે અચાનક, તે ધાર્મિક છે કે રાજકીય રીતે પ્રેરિત, અમને ખબર નથી.'' સુરક્ષા ફૂટેજમાં ગોળીબાર થાય તે પહેલાં એક વાહન મંદિરના દરવાજા તરફ ખેંચાતું જોવા મળ્યું હતું અને ઘટનાસ્થળેથી ગોળીબારના ખોખા પણ મળી આવ્યા છે. વોર્ડને ભારપૂર્વક કહ્યું કે, ''અમારું માનવું છે કે આ નફરત પર આધારિત હતું. અમે શોધવા માંગીએ છીએ કે આ કોણે કર્યું અને આવું ફરી ન બને.'' આ ઘટનાએ સ્થાનિક ભારતીય સમુદાય અને મંદિરના ભક્તોમાં ચિંતા અને ભયનો માહોલ સર્જ્યો છે.

### વર્ષમાં ૨ વાર ૧ જાન્યુ. અને ૧ જુલાઈએ કેદીઓના લિસ્ટનું આદાન-પ્રદાન

# ભારત - પાકિસ્તાનને કેદીઓના નામ આદાન-પ્રદાન કર્યા!!!

### ભારતની કસ્ટડીમાં ૪૬૩ અને પાક કસ્ટડીમાં ૨૪૬ કેદીઓ: સજા પૂરી કરેલ ૧૫૯ની ભારતે વહેલી મુક્તિ માંગી

**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ભલે ગરમાવો હોય, પરંતુ દ્વિપક્ષીય કરાર હેઠળ બંને દેશોએ મંગળવારે એકબીજાની કસ્ટડીમાં રહેલા નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીઓનું આદાનપ્રદાન કર્યું. આ પ્રક્રિયા ૨૦૦૮ના કોન્સ્યુલર એક્સેસ કરારની જોગવાઈઓ હેઠળ દર વર્ષે ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈના રોજ કરવામાં આવે છે, જે તણાવપૂર્ણ સંબંધો છતાં માનવીય મુદ્દાઓ પર સહયોગની એક ઝલક દર્શાવે છે.

આ યાદીઓનું આદાનપ્રદાન નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં રાજદ્વારી ચેનલો દ્વારા એકસાથે કરવામાં આવ્યું હતું. ભારતે પાકિસ્તાનના ૩૮૨ નાગરિક કેદીઓ અને ૮૧ માછીમારોના નામ શેર કર્યા, જેઓ પાકિસ્તાની હોવાનું મનાય છે.

તેવી જ રીતે, પાકિસ્તાને ભારતીય હોવાનું મનાતા ૫૩ નાગરિક કેદીઓ અને ૧૯૩ માછીમારોના નામ ભારત સાથે શેર કર્યા. આ આદાનપ્રદાન બંને દેશો માટે તેમના નાગરિકોની સ્થિતિ જાણવા અને તેમની મુક્તિ માટે પ્રયાસ કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.


વિદેશ મંત્રાલયના નિવેદન અનુસાર, ભારતે પાકિસ્તાનની કસ્ટડીમાંથી ભારતીય નાગરિક કેદીઓ, માછીમારો અને ગુમ થયેલા સંરક્ષણ કર્મચારીઓની વહેલી મુક્તિ અને સ્વદેશ વાપસીની અપીલ કરી છે.


ભારતે પાકિસ્તાનને ૧૫૯ ભારતીય માછીમારો અને નાગરિક કેદીઓ કે જેમણે તેમની સજા પૂરી કરી લીધી છે, તેમની મુક્તિ પ્રક્રિયા ઝડપી બનાવવા વિનંતી કરી છે. આ ઉપરાંત, ભારતે પાકિસ્તાનની કસ્ટડીમાં રહેલા ૨૬ નાગરિક કેદીઓ અને માછીમારોને કોન્સ્યુલર એક્સેસ આપવા પણ વિનંતી કરી છે, જેમને હજુ સુધી આ સુવિધા મળી નથી.

ભારતે પાકિસ્તાનને વિનંતી કરી છે કે તેઓ ભારતીય અને ભારતીય માનવામાં આવતા નાગરિક કેદીઓ અને માછીમારોની સલામતી, સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરે જેથી તેમની મુક્તિ અને ભારત પરત ફરવામાં વિલંબ ન થાય. વિદેશ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું કે, ''ભારત એકબીજાના દેશમાં કેદીઓ અને માછીમારોને લગતા તમામ માનવતાવાદી મુદ્દાઓને સંબોધવા માટે પ્રતિબદ્ધ છે.'' આ પ્રયાસો બંને દેશો વચ્ચેના સંબંધોમાં ભલે મોટાપાયે સુધારો ન લાવે, પરંતુ તે માનવીય આધાર પર એકબીજા સાથે સહયોગ કરવાની ઈચ્છા દર્શાવે છે.

# ખેડૂતોમાં ઉમંગ, ખેતરોમાં હરિયાળી: પખવાડિયામાં પોણા ત્રણ લાખ હેક્ટરમાં વાવણી

**સૌથી વધુ મગફળીનું ૧.૯૬ લાખ અને કપાસનું ૭૦ હજાર હેક્ટર જમીનમાં વાવેતર થયું**





જામનગર જિલ્લામાં સારા વરસાદના કારણે ખેડુતો પુરજોશમાં વાવેતર કરી રહ્યા છે. છેલ્લા એક પખવાડીયામાં ૨,૭૭,૪૮૩ હેક્ટર જમીનમાં વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ મગફળીનું ૧,૯૬,૦૮૩ અને કપાસનું ૭૦,૫૩૪ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે. જ્યારે અન્ય પાકોનું નજીવુ વાવેતર થયું છે.

જામનગર જિલ્લામાં ૩,૪૬,૭૯૦ હેક્ટર જમીન વાવણી લાયક છે. ત્યારે ચાલુ વર્ષે વરસાદનો પ્રારંભ થતાં જ ખેડુતોએ વાવણી શરૂ કરી દીધી હતી. છેલ્લા એક પખવાડીયામાં ૨,૭૭,૪૮૩ હેક્ટર જમીનમાં વાવેતર થઈ ચુક્યું છે.

જેમાં સૌથી વધુ મગફળીનું ૧,૯૬,૦૮૩ અને કપાસનું ૭૦૫૩૪ તેમજ બાજરીનું ૨૦, તુવેરનું ૯૩, મગનું ૩૦૧, અડદનું ૨૦૬, તલનું ૧૯૧, સોયાબીનનું ૩૯૪૬, શાકભાજીનું ૨૧૦૯, ઘાસચારાનું ૪૦૦૦ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે. જ્યારે અમુક તાલુકામાં જ અમુક પાકનું વાવેતર થયું છે. તેવા તાલુકાની વાત કરીએ તો ધ્રોલ તાલુકામાં મગનું ૧૧૫ અને અડદનું ૬૫, તલનું ૩૦ હેક્ટર જમીનમાં તેમજ જામનગર તાલુકામાં મગનું ૧૮૬, અડદનું ૧૪૧, તલનું ૧૬૧ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે. અન્ય તાલુકામાં આ પાકોનું વાવેતર થયું ન હોવાનું આંકડા દર્શાવી રહ્યા છે.

## લાલપુરના ગેસ્ટ હાઉસ પહેલા માળેથી પટકાયેલા યુવાનનું મોત

જામનગર જીલ્લાનાં લાલપુરમાં રહેતો અને ખેતી કામ કરતો મૂળ રાજસ્થાન એક ગેસ્ટ હાઉસ માં પહેલા માળેથી નીચે પટકાઈ પડ્યો હતો, અને ઈજા થવાને કારણે તેનું મૃત્યુ નિપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ રાજસ્થાનના ભીલવાડા નો વતની અને હાલ લાલપુર માં રહીને ખેત મજૂરી કામ કરતો તોહીદખાન આઝાદખાન પઠાણ (૨૧) કે જે ગઈકાલે લાલપુરમાં આવેલા લક્ષ્મી ગેસ્ટ હાઉસ ના પહેલા માળેથી તેનો પગ લપસી જતાં નીચે પટકાઈ પડ્યો હતો, અને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હોવાથી તેનું મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવ અંગે મૃતકના પિતા આઝાદ ખાન ચાંદખાન પઠાણે પોલીસને જાણ કરતાં લાલપુરના એએસઆઈ એ.એમ.જાડેજાએ મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

## રૂપેરી પડદા પર 'અંબર'નો અસ્ત: ૫૦ વર્ષની સિનેમા સફર સમાપ્ત



જામનગરનુ જાણીતી અંબર સિનેમા બંધ થયું છે. જામનગરમાં સામાન્ય લોકો માટે ફિલ્મો જોવા માટેની ખુબ જ પ્રખ્યાત ટોકીઝ હતી. અંદાજે ૫૦ વર્ષ જૂની ટોકીઝ ટેકનોલોજી અને સમય સાથે પરિવર્તન લાવવા બંધ થયું છે. એજ સ્થાને નવું મલ્ટીપ્લેક્સ સિનેમા બનશે.

જેની સાથે જ જામનગર શહેરમાં આજે સિનેમાના એક યુગનો આખરે અંત આવ્યો છે. શહેરની એકમાત્ર અંબર ટોકીઝ પણ આજથી પ્રેક્ષકો માટે બંધ થઈ જતાં એકમાત્ર મલ્ટિપ્લેક્સ વિકલ્પ બચ્યો છે. જામનગર શહેરમાં એક સમય એવો હતો કે ૭ સિનેમા ગ્રહો ચાલતા હતા અને દર્શકો પણ મોટી સંખ્યામાં લાઈનો લગાવીને ફિલ્મ જોવા માટે પહોંચતા હતા.આખરે એ યુગનો અંત આવ્યો છે,

જામનગર શહેરમાં એક સમયે અંબર સિનેમા, ઉપરાંત અનુપમ સિનેમા, અપ્સરા ટોકીઝ, દિગવિજય ટોકીઝ, શત્રુશલ્ય ટોકીઝ, જય શ્રી ટોકીઝ, ગેલેક્ક્ષી સિનેમા વગેરે સિનેમાગ્રહો ધમધમતા હતા, પરંતુ કાળક્રમે યુગ બદલાયો અને એક પછી એક સીનેમા બંધ થયા, અને તે સ્થળે કોમર્શિયલ કોમ્પલેક્ષ ઉભા થઈ ગયા છે.

એકમાત્ર અંબર સિનેમા અત્યાર સુધી ચાલુ રહી હતી, અને ગરીબ લોકોનું મનોરંજન તેના માધ્યમથી મળતુ રહેતું હતું. પરંતુ હવે તેને પણ બંધ કરવામાં આવી છે. જેથી જામનગર શહેરમાં માત્ર મલ્ટિપ્લેક્સ ચાલુ રહ્યા છે, અને લોકોને થિયેટરમાં ફિલ્મ જોવા માટેનો તેનો જ આશરો રહ્યો છે.

## દ્વારકા જિલ્લામાં ૨૪મીએ યોજાશે સ્વાગત કાર્યક્રમ

**લોકોના પ્રશ્નો, ફરીયાદોનો ન્યાયપૂર્ણ ઉકેલ અપાશે**

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દર માસે લોકોના પ્રશ્નો, ફરીયાદો તથા રજૂઆતોનો સ્થાનીક કક્ષાએ જ અસરકારક અને ન્યાયપૂર્ણ રીતે હલ થાય તે હેતુથી જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે.

તનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લાનો જૂન માસનો સ્વાગત કાર્યક્રમ આગામી તા.૨૪-૭-૨૫ ના સવારે ૧૧ કલાકે દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સવારે ૧૧ કલાકે યોજાશે. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરતા પહેલા અરજદારે ગ્રામ, તાલુકા, જિલ્લા કક્ષાએ અરજી કરેલી હોય અને અનિર્ણિત હોય તો અરજી કરી શકાશે.

અરજદારે ગ્રામ, તાલુકા અને જિલા કક્ષાએ અરજી કરેલ હોવાના આધાર પૂરાવા સાથે 'જિલ્લા સ્વાગત કાર્યક્રમ'ના મથાળા હેઠળ અરજી કરવાની રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નોની રજૂઆત કરી શકાશે. અરજદાર જાતે આધાર પૂરાવા સાથે પોતાના પ્રશ્નો તા.૧૯-૭-૨૫ સુધી રજૂ કરી શકશે.

## એરપોર્ટ પર વિમાનમાં આગ લાગતા અફડાતફડી

**ઘટનાની જાણ થતા ફાયર સહિત વિભાગોની ટીમોએ ત્વરિત બચાવ અને રાહત કામગીરી હાથ ધરી: અંતે મોકડ્રીલ જાહેર**





જામનગર જીલ્લા વહીવટી તંત્રના સહયોગથી અને જીલ્લા કલેક્ટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ ઈન્ડિયન એરફોર્સ અને એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા સંયુક્ત રીતે જામનગર એરપોર્ટ ખાતે ફૂલ સ્કેલ મોક ઈમરજન્સી એકસરસાઈઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલનો મુખ્ય હેતુ રેસ્ક્યુ કામગીરી, સબંધિત પડકારો અને ઈમરજન્સીનો સામનો કરવા માટે તથા ઓછામાં ઓછા સમયમાં દરેક વિભાગો દ્વારા પરસ્પર સંકલન કરી પરિસ્થિતિ ઉપર કાબુ મેળવવાનો હતો.

જામનગર એરપોર્ટ પર ૩૦ પેસેન્જરો ભરેલા એરક્રાફ્ટના ડાબી બાજુના એન્જીનમાં આગ લાગી હતી. એરપોર્ટ ઓથોરીટી દ્વારા આ ઘટનાની જાણ જીલ્લા કંટ્રોલરૂમ ખાતે તથા એરફોર્સ સ્ટેશન પર બપોરે ૩:૫૫ કલાકે કરવામાં આવતાની સાથે જ માત્ર ૧૦ મીનીટના સમયમાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગણતરીની મીનીટોમાં જ એરફોર્સ, ફાયર, સિવિલ ડિફેન્સ, આરોગ્ય વિભાગ, એમ્બ્યુલન્સ, એરપોર્ટ સ્ટાફ, પોલીસની ટીમો, આધુનિક સંસાધનો સાથે ઘટના સ્થળે આવી પહોચી હતી. વિવિધ ટીમોએ આપદામિત્રોની મદદથી ઘટના સ્થળે લોકોને બચાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ એરપોર્ટ નજીક તાજેતરમાં જ પ્લેન ક્રેશ અંગેની દુખદ ઘટના સર્જાઈ હતી. જે અંતર્ગત જામનગર એરપોર્ટ ખાતે મોકડ્રીલ યોજવામાં આવી હતી. આ મોકડ્રીલમાં એરફોર્સના સ્કવોડ્રન લીડર કેલ્વીન, એરપોર્ટ ડાયરેક્ટર ડી.કે.સિંઘ, જામનગર શહેર પ્રાંત અધિકારી પ્રશાંત પરમાર, ડીવાયએસપી મિત રુદલ, ચીફ ફાયર ઓફિસર કે.કે.બિશ્નોઈ, વિવિધ વિભાગોના વડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## રાજયમાં ફુટબોલ રમતને સુલભ-સાતત્યપુર્ણ બનાવવાનું એકમાત્ર લક્ષ્ય: પરિમલ નથવાણી

**ગુજરાત સ્ટેટ ફુટબોલ એસો.ના અધ્યક્ષ પદે પરિમલ નથવાણીની પુન: વરણી**



આજે અમદાવાદમાં મળેલી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.)ની ૪૭મી વાર્ષિક સાધારણ સભા (એ.જી.એમ.)માં સંસ્થાના વર્તમાન અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીની ચાર વર્ષના સમયગાળા માટે અધ્યક્ષ તરીકે પુન:વરણી કરવામાં આવી હતી. મૂળરાજસિંહ ચુડાસમાની માનદ્ મહામંત્રી તરીકે તેમજ પ્રદીપસિંહ વાઘેલા, જિગ્નેશ પાટીલ, અરુણસિંહ રાજપુત તથા ગુણવંતભાઈ ડેલાવાલાની ઉપાધ્યક્ષ તરીકે પુન:વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સંદીપ દેસાઈની વરણી હનીફ જીનવાલાની જગ્યાએ ઉપાધ્યક્ષ તરીકે કરવામાં આવી હતી, જ્યારે અંકિત પટેલની વરણી માનદ્ ખજાનચી તરીકે કરવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભામાં, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા જિલ્લા એસોસિએશન તથા વ્યક્તિઓને જી.એસ.એફ.એ. એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.આ એવોર્ડ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.)ની તર્જ પર શરૂ કરાયા છે.

''સમગ્ર ગુજરાતમાં ફૂટબોલને સુલભ, , અને સાતત્યપૂર્ણ બનાવવાનું અમારું વિઝન અમારા પ્રયાસોને સતત માર્ગદર્શન પૂરું પાડે છે. આ વર્ષ દરમિયાન ગુજરાતના યુવા ખેલાડીઓની ભાગીદારીમાં વધારો જવા મળ્યો જે આપણી ફૂટબોલ ઈકોસિસ્ટમની ગહનતા અને અનુશાસનનો પૂરાવો છે,'' તેમ જી.એસ.એફ.એ.ના અધ્યક્ષ, રાજ્યસભાના સાંસદ અને આર.આઈ.એલ.ના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ), પરિમલ નથવાણીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, જી.એસ.એફ.એ. અભિનંદનને પાત્ર છે કે ૨૦૨૪-૨૫ દરમિયાન, ૨૬ વિવિધ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું, કુલ ૧૧૬૮ મેચ રમવામાં આવી, અને ૬૪૬૮ ગોલ નોંધાયા. એ.આઈ.એફ.એફ.ના સી.આર.એસ. અન્વયે, ગુજરાતમાં કુલ ૭૪૦૦ જેટલા સક્રિય ખેલાડીઓ છે, જેમાંથી ૪૮૩૬એ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો.

## દરેડ જીઆઈડીસીના ૪૭ પ્લોટ ધારકો સામે હાઈકોર્ટનો મનપા તરફથી ચૂકાદો

**રૂ. ૧૭ કરોડની વેરા વસૂલાતનો માર્ગ મોકળો**



જામનગરમાં જી.આઈ.ડી.સી. ફેસ -૨ અને ૩ ના ૪૭ પ્લોટ ધારકો એ મહાનગર પાલિકા માં વેરા ભરપાઈ સામે ગુજરાત હાઈકોર્ટ ની ડીવીઝન બેચ માં અરજી કરી હતી, તેમાં પણ મહાનગરપાલિકા ની તરફેણ માં ચૂકાદો આવ્યો છે.

જામનગરમાં દરેડ જી.આઈ.ડી.સી. ફેસ-૨ અને ૩ ના ઉદ્યોગનગરના પ્લોટ ધારકો પાસે થી જામનગર મહાનગરપાલિકા દ્વારા વેરા વસુલાત શરૂ કરવામાં આવતા અમુક કારખાનેદારો એ વેરો ભરપાઈ કર્યો હતો પરંતુ અમુક પ્લોટ ધારકો એ વેરો ભરપાઈ કરવા સામે ગુજરાત હાઈકોર્ટ માં સીવીલ એપ્લીકેશન કરી દાદ માંગી હતી. જે રદ કરવામાં આવી હતી. અને મહાનગર પાલિકાની તરફેણમાં ચૂકાદો આવ્યો હતો. આથી નારાજ થયેલા ૪૭ પ્લોટ ધારકોએ હાઈકોર્ટની ડીવીઝન બેચ સમક્ષ અરજી કરી હતી, જે અંગે પણ ચૂકાદો જાહેર થયો છે અને તમામ પ્લોટ ધારકોને પછડાટ મળતા મહાનગરપાલિકાની તરફેણમાં ચૂકાદો આવ્યો છે. હવે રૂ. ૧૭ કરોડ ની વેરા વસુલાત માટે કાર્યવાહી આગળ ધપાવવામાં આવશે. જો કે, ૧૭ કરોડ ની બાકી વસુલાત માંથી રૂ. ૪ કરોડ ની વસુલાત થઈ ચૂકી છે. બાકી ના ૧૩ કરોડ માંથી હવે વ્યાજ માફી આપવામાં આવનાર છે. એ પછી આશરે ૭ કરોડ ૭૭ લાખ ની બાકી રહેતી વસુલાત માટે કામગીરી શરૂ કરવામાં આવશે.

## વોર્ડ ઓફિસ અને નંદઘરની અચાનક મુલાકાત લેતા મેયર



જામનગર મહાનગર પાલિકા ના મેયર વિનોદ ખીમસૂર્યા એ આજે મહાનગરપાલિકા ના વોર્ડ ઓફિસ નંબર ૧૩ - એ ની આકસ્મિક મુલાકાત લીધી હતી. અને સફાઈ ને લગતા પ્રશ્નો તેમજ જરૂરી સૂચનાઓ આપી હતી. એ.સાથે જ તેની નજીક આવેલા નંદઘર ની મુલાકાત પણ લીધી હતી, અને આંગણવાડી ના બાળકો સાથે વાતો કરી નંદ ઘરમાં વધારે માં વધારે બાળકો આવે તેના માટે જરૂરી સૂચનો કર્યા હતા.

## મહોરમ નિમિત્તે કરબલાના શહીદોને શ્રદ્ધાંજલિ સાથે રાષ્ટ્રધ્વજને સલામી: દેશભક્તિનો માહોલ



કરબલાના મેદાનમાં સત્ય અને ન્યાય માટે પોતાની જાન ન્યોછાવર કરનાર 'હઝરત ઈમામ હુસૈન' ની યાદમાં દર વર્ષે ઈસ્લામીક કેલેન્ડર ના પ્રથમ માસ મહોરમ માં સમગ્ર વિશ્વ ના મુસ્લિમો દ્વારા કરબલાના શહીદોની યાદમાં મહોરમ પર્વ નિમિતે તકરીર, ન્યાઝ તેમજ તાજીયા કાઢી માતમ મનાવવામાં આવતું હોય છે.

ત્યારે જામનગર શહેર ઉપરાંત જીલ્લામાં ઠેર-ઠેર તકરીર, આમ ન્યાઝ સહિતના કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહી માતમ ના આ પર્વની ઉજવણી કરી રહ્યા છે. જેમાં જામનગર શહેરના કિશાન ચોક રોડ નજીક આવેલ સુમરાચાલી વિસ્તારમાં 'હુશેની યંગ કમિટી' દ્વારા 'યાદે કરબલા' વાઈઝમાં જામનગર શહેરના મશ્કરો માઅરૂફ આલીમ 'ફૈઝુલહસન સાહેબ' દ્વારા પોતાના શાનદાર અવાઝમાં તકરીર ફરમાવી રહ્યા છે, અને આ તકરીર સાંભળવા માટે મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો દરરોજ આવે છે. દરમિયાન ગઈકાલે મંગળવાર ની રાત્રી ના રોજ હુશેની યંગ કમિટી દ્વારા 'રાષ્ટ્રીય ધ્વજ' ની થીમ ઉપર સ્ટેજનું ડેકોરેશન કરીને મુસ્લિમ સમાજના લોકોએ રાષ્ટ્રપ્રેમ દર્શાવ્યો હતો.

## ખંભાળીયા નગરપાલિકામાં ચાર ગામો ભળ્યાં: વિસ્તાર અને સુવિધામાં થશે વધારો

**રામપુર, ધરમપુર, હર્ષદપુર અને શકિતનગર એમ ચાર ગ્રામ પંચાયતો મર્જ થતાં સર્વે નંબરને ભેળવવાની જાહેરાત કરવામાં આવશે**

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



રાજય સરકાર દ્વારા તાજેતરમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળીયા નગરપાલીકા ને એ કેટેગરીમાં સમાવિષ્ટ કર્યા બાદ વધુ એક નોટીફીકેશન બહાર પાડી જિલ્લાના વડામથક ખંભાળીયાની નગરપાલીકા નજીકના રામપુર, ધરમપુર, હર્ષદપુર અને શકિતનગર એમ ચાર ગ્રામ પંચાયતોનો કેટલોક વિસ્તાર શહેરમાં સમાવિષ્ટ કરાયો છે. વર્ષ ૨૯૧૩ માં જામનગરમાંથી અલગ થઈ અલગ દેવભૂમિ દ્વારકા જિલાની રચના થયા બાદ ક્રમશ: અહીં જિલ્લા કક્ષાની કચેરીઓ કાર્યરત થયેલ તેમજ શહેર નજીકના વિસ્તારોમાં કેટલાક ઔદ્યોગિક એકમો તથા વ્યાવસાયિક ક્ષેત્રો સાથે વસ્તી અને વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયેલ. ત્યારબાદ લાંબા સમયથી અગ્રણીઓ દ્વારા સી કેટેગરી ધરાવતી ખંભાળીયા નગરપાલીકામાં આસપાસના ગ્રામ પંચાયતોને ભેળવી એ કેટેગરીના દરજજા માટે વખતો વખત રજૂઆતો બાદ આખરે ગાંધીનગર અર્બન ડેવલોપમેન્ટ વિભાગ દ્વારા સરકારી મહોર લાગતાં ઉક્ત ચારેય ગ્રામ પંચાયતોના ચોક્કસ સર્વે નંબર્સને ખંભાળીયા નગરપાલીકામાં ભેળવવાની વિધિવત જાહેરાત કરવામાં આવી છે. આ વિસ્તારો ભેળવાયા બાદ હાલમાં સાડા ત્રણ કિમીનો નગરપાલીકા વિસ્તાર ૧૯ થી ૧૨ ચોરસ કિમીનો થઈ જશે તથા નવા ભળેલા વિસ્તારોમાં પાલીકા દ્વારા રોડ-રસ્તા, પાણી, સ્ટ્રીટલાઈટ સહિતની જરૂરી સુવિધા પુરી પાડવામાં આવશે. આ સાથે નગરપાલીકા વોર્ડ વિસ્તરણમાં નવા સિમાંકન સાથે નવા વોર્ડની પણ રચના કરાશે.

## સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન ઓખા-વિરમગામ ટ્રેન પુન: શરૂ થતાં મુસાફરોને રાહત

**૨૦૧૮માં બંધ થયેલ ટ્રેન પુન: શરુ પરંતુ સમય બદલવા ભાટીયા નાગરિક સમિતિ દ્વારા રજુઆત**

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**




ઓખા - વિરમગામ વચ્ચે વર્ષો સુધી ચાલતી લોકલ ટ્રેન ૫૮૫૦૪ તથા ૫૮૫૦૩ ને વર્ષ ૨૯૧૭ માં ઈલેકટ્રીફીકેશનના કારણે બંધ કરાયા બાદ આ ટ્રેનને વખતો વખત રજૂઆતો કરાયા છતાં હજુ સુધી ચાલુ કરવામાં આવી નથી. તાજેતરમાં ભાટીયા નાગરીક સમિતિ દ્વારા ઓખા - વિરમગામ વચ્ચે ગરીબો તથા મધ્યમવર્ગીય પરિવારો માટે આશીર્વાદરૂપ આ ટ્રેઈન પુન: શરૂ કરવા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. આ સાથે ઓખા - રાજકોટ ટ્રેઈનનો ટાઈમ બદલવા પણ રજૂઆત કરવામાં આવી છે.

ભાટીયા નાગરીક સમિતિના નિલેશ કાનાણી દ્વારા વેસ્ટર્ન રેલવેના ડીઆરએમ, ડીએસએમ, રેલવે બોર્ડ મુંબઈ, જી.એમ, સાંસદ તથા ભાટીયા રેલવે સ્ટેશન સહિત કરેલ રજૂઆતમાં જણાવેલ કે ઓખા વિરમગામ વચ્ચે જે તે સમયે ચાલતી લોકલ ટ્રેનમાં ઓખા, મીઠાપુ, દ્વારકા, ભાટીયા, ખંભાળીયા, જામનગર, રાજકોટ વચ્ચે મુસાફરી કરતા હજારો ગરીબ તથા મધ્યમવર્ગીય મુસાફરો માટે આ ટ્રેન આશીર્વાદરૂપ હતી. આ સાથે ઓખા, રાજકોટ લોકલ ટ્રેઈનને ટાઈબ બદલીને જે ટ્રેન ઓખાથી રાત્રે ૯ વાગ્યે ઉપડે છે. તેના બદલે વહેલી સવારે પાંચ વાગ્યે રાખવાથી ઓખા મંડળ તથા સંલગ્ન સૌરાષ્ટ્રનાના ગ્રામીણ જરુરીયાત મંદોને આ ટ્રેનનનો યોગ્ય લાભ મળી શકે તેમ હોવાની પણ રજુઆત કરવામાં આવી છે.

## મોગલોના આક્રમણ વચ્ચે લોકોના બલિદાન અને આસ્થાના કેન્દ્ર સમા

# ‘ઘેલા સોમનાથ મહાદેવ મંદિર’નો થશે અભુતપૂર્વ વિકાસ

## ૧૦ કરોડના ખર્ચે કાયાકલ્પ-જીર્ણોદ્ધાર સાથે કરાશે મંદિરનું આધુનિકીકરણ-નવીનીકરણ:મુખ્ય કોરિડોર, મુખ્ય દ્વાર, યજ્ઞશાળા, સંત શેડ, સમાધી સ્થળનો વિકાસ, મુખ્ય મંદિરનું રીનોવેશન વગેરેનું કરાશે

**અબતક, રાજકોટ**

ઘેલા સોમનાથ મહાદેવ મંદિર એક શાંત અને રમણીય કુદરતી વાતાવરણમાં આવેલું છે. ખાસ કરીને શ્રાવણ માસ દરમિયાન અહીં ભક્તોનો મોટો સમુદાય ઉમટી પડે છે અને એક ભવ્ય મેળો પણ ભરાય છે. શ્રાવણના દર સોમવારે અને શ્રાવણી અમાસના દિવસે અહીં ભક્તોનો મેળાવડો ચરમસીમા પર હોય છે, અને આખો માસ મંદિર પરિસર ‘‘હર હર મહાદેવ‘‘ ના નાદથી ગુંજી ઉઠે છે. મેળામાં વિવિધ સ્ટોલ, ખાણી-પીણી અને મનોરંજનની વ્યવસ્થા હોય છે, જે ભક્તો અને મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. આ સમયગાળા દરમિયાન, ભક્તો માટે બંને સમય નિશુલ્ક ભોજન-પ્રસાદની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવે છે.

તાજેતરમાં, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ મંદિરના સંરક્ષણ, જીર્ણોદ્ધાર અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે આશરે ૧૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં લેસર લાઈટ એન્ડ સાઉન્ડ શો, મુખ્ય મંદિરનો કાયાકલ્પ, શિવ શિલ્પોના ચિત્રપટ, કમ્પાઉન્ડ વોલ અને અન્ય આધુનિકીકરણના કાર્યોનો સમાવેશ થાય છે.

આમ, ઘેલા સોમનાથ મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ જ નથી, પરંતુ તે ગુજરાતના ઈતિહાસ અને સંસ્કૃતિનો એક મહત્વનો ભાગ પણ છે, જે શ્રદ્ધા, શૌર્ય અને બલિદાનની ગાથા વર્ણવે છે.

આ મંદિર સાથે મંત્રી કુવરજી બાવળીયાની વિશેષ આસ્થા જોડાયેલી છે. તેમનો આ વિસ્તાર અને મંદિર પ્રત્યેનો લગાવ આ વિકાસ કાર્યોમાં પણ પ્રતિબિંબિત થાય છે, જે દર્શાવે છે કે આ ધામનું મહત્વ માત્ર

(અનુ. આઠમા પાને)

### લાઈટ એન્ડ સાઉન્ડ શો થી ઝળહળશે મંદિર

ઘેલા સોમનાથ મંદિર નવીનીકરણ-આધુનિકીકરણ પ્રોજેક્ટ હેઠળ જે મહત્વના વિકાસ કાર્યો થવાના છે, તેમાં અંદાજે રૂ. ૪ કરોડના ખર્ચે લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો સૌથી મહત્વનો છે. લેઝર એન્ડ સાઉન્ડ શોની કામગીરી માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવેલ છે અને તેણે કામગીરી શરૂ કરી દીધી છે. રાજ્યના મોટાભાગના મુખ્ય ધાર્મિક સ્થળોએ લેસર લાઈટ એન્ડ સાઉન્ડ શોની સુવિધા ઊભી કરાઈ છે. તેવી જ રીતે ઘેલા સોમનાથ મહાદેવ મંદિર સંકુલ પણ લેસર લાઈટ એન્ડ સાઉન્ડ શોથી ઝળહળી ઉઠશે.

### મંદિરનો ઈતિહાસ ૫૦૦ વર્ષ જૂનો : શૌર્ય, ધર્મ અને બલિદાનનું પ્રતિક

ઘેલા સોમનાથ મહાદેવ મંદિર એ ગુજરાતના રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં સોમ પીપળીયા ગામ નજીક ઘેલો નદીના કાંઠે આવેલું એક અતિ પૌરાણિક અને ઐતિહાસિક શિવ મંદિર છે. આ મંદિરનો ઈતિહાસ લગભગ ૫૦૦ વર્ષથી પણ જૂનો છે અને તે શૌર્ય, ધર્મ અને બલિદાનનું પ્રતિક માનવામાં આવે છે.

ઘેલા સોમનાથ મંદિરની કથા મુખ્ય સોમનાથ મંદિર (પ્રભાસ પાટણ) સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. પ્રચલિત કથા અનુસાર, ૧૫મી સદી (વિક્રમ સંવત ૧૪૫૭ આસપાસ) માં, ગુજરાતમાં મુસ્લિમ સુબા મઝહરખાન ઉર્ફે મુઝફ્ફરશાહની સત્તા પ્રવર્તતી હતી. તે સમયે જુનાગઢની ગાદીએ ચુડાસમા રા’નું શાસન હતું.

કથા એવી છે કે, જુનાગઢના રા’ની પુત્રી મીનળદેવી ભગવાન સોમનાથના અનન્ય ભક્ત હતા. અલાઉદ્દીન ખિલજીના સરદારના આક્રમણથી તૂટેલા સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો અને મંદિર તેની મૂળ પ્રતિષ્ઠા પાછી મેળવી ચૂક્યું હતું. આ સમયે, ઝફરખાને મંદિરની કીર્તિ સાંભળી અને તેના મનમાં સોમનાથ મંદિર પર ચડાઈ કરવાની ઈચ્છા થઈ.

મીનળદેવીને સ્વપનમાં ભગવાન સોમનાથના દર્શન થયા અને તેમને શિવલિંગને સુરક્ષિત સ્થાને ખસેડવાનો આદેશ મળ્યો. મીનળદેવીએ એક ઘેલા નામના વાણિયાની મદદથી શિવલિંગને પાલખીમાં મૂકીને સોમનાથથી લગભગ ૨૫૦ કિલોમીટર દૂર જસદણ તાલુકાના કાળાસર અને મોઢુકા ગામની વચ્ચે આવેલી ઘેલો નદીના કિનારા સુધી પહોંચાડ્યું.

રસ્તામાં, સુલતાનને જાણ થતાં તેણે સૈન્યને પાલખીનો પીછો કરવા મોકલ્યું. જ્યાં જ્યાં પાલખી રોકાઈ, ત્યાં ત્યાં ગામના ક્ષત્રિયો અને બ્રાહ્મણોએ શિવલિંગના રક્ષણ માટે મુસ્લિમ સૈન્ય સામે યુદ્ધ કર્યું અને બલિદાન આપ્યા. ઘેલો વાણિયો પણ આ યુદ્ધમાં શહીદ થયો. તેની શૂરવીરતા અને બલિદાનની યાદમાં, આ શિવલિંગની સ્થાપના જ્યાં થઈ, તે સ્થળ ‘‘ઘેલા સોમનાથ‘‘ તરીકે ઓળખાયું અને નદીનું નામ ‘‘ઘેલો‘‘ પડ્યું. આ મંદિરની સામે જ ડુંગર પર મીનળદેવીએ સમાધિ લીધી હોવાનું પણ મનાય છે.



ઘેલા સોમનાથ મંદિરની સામેની ટેકરી પર મીનળદેવીનું મંદિર આવેલું છે.લોકવાયકા મુજબ, ઘેલા સોમનાથ દાદાની આરતી ચાલતી હોય ત્યારે પૂજારીએ મીનળદેવીની પણ આરતી ઉતારવી પડે છે. જો મીનળદેવીના મંદિર તરફ આરતીનું ધૂપેલું ન કરવામાં આવે તો તે દિવસની આરતીનું ફળ નથી મળતું. એવી પણ માન્યતા છે કે જો તમે ઘેલા સોમનાથ મહાદેવના દર્શન કરો અને મીનળદેવીના દર્શન ન કરો તો યાત્રા અધૂરી ગણાય છે.

### મુખ્ય મંદિરનો કાયાકલ્પ અને જીર્ણોદ્ધાર

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ ઉપરાંત અંદાજે રૂ. ૬ કરોડના ખર્ચે અનેક પ્રકારના આધુનિકીકરણ અને નવીનીકરણ કાર્યો હાથ ધરવામાં આવશે. તેમાં મુખ્ય મંદિરનો કાયાકલ્પ-જીર્ણોદ્ધાર કરવામાં આવશે. તેના હેઠળ મંદિરનું મુખ્ય દ્વાર, પાળિયા સમાધિનો જીર્ણોદ્ધાર કરવામાં આવશે. આ ઉપરાંત શ્રદ્ધાળુઓ માટે બેઠક વ્યવસ્થા, મંદિરની આજુબાજુ પાક્કા માર્ગો, લેન્ડસ્કેપિંગ, બગીચા, શહીદ સ્મારકનું પુનર્નિર્માણ તથા સૌંદર્યીકરણ કરવામાં આવશે. તેવી જ રીતે મુખ્ય માર્ગ, તેની બંને બાજુએ પુનર્નિર્માણ અને રાહ જોવાના સ્થળોનો વિકાસ કરાશે. આ ઉપરાંત યજ્ઞશાળાનું પુનર્નિર્માણ કરવામાં આવશે.

### શિવ શિલ્પો, પેઈન્ટિંગ, શોપિંગ સેન્ટર તૈયાર કરશે

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી મળતી માહિતી મુજબ ઘેલા સોમનાથ મહાદેવ સંકુલ ખાતે મુખ્ય માર્ગના રેમ્પના પગથિયા, બંને બાજુ લેન્ડસ્કેપ સાથે, જન્મથી નિર્વાણ સુધીના જીવનના વિવિધ તબક્કાઓ દર્શાવતા શિવ શિલ્પોના વિવિધ સ્વરૂપોના પત્થરના ચિત્રપટ, ફ્રન્ટ રોડ સાઈડ કમ્પાઉન્ડ, વોલમાં શણગારાત્મક પત્થરની કમાન તથા શિવ મહાત્મ્યનું ચિત્રપિટ પેઈન્ટિંગ, મુખ્ય મંદિરની સામે મીનળદેવી ટેકરીના પાયાની તળેટી ખાતે શોપિંગ સેન્ટર તેમજ પાર્કિંગ તૈયાર કરવામાં આવશે.

તદુપરાંત; મંદિરમાં રિનોવેશન પણ કરવામાં આવશે. જેમાં ગર્ભ ગૃહના માર્બલ, કંગરા, અને પ્લિન્થનું ક્લેડિંગ કરવામાં આવશે. હાલ યાત્રાળુઓ માટે પરિસરમાં બેસવાની જગ્યામાં વધારો થશે અને શોપિંગ માટે હાલ રસ્તાની બંને તરફ દુકાનો બનાવવામાં આવશે.

# પડધરી પંથકમાં શ્રમિક યુવાન અને પ્રૌઢની હત્યા: ખૂનના બે બનાવથી ખળભળાટ

## નાની અમરેલી ગામે વાડી વિસ્તારમાં પરપ્રાંતિય શ્રમિક યુવકની અનૈતિક સંબંધની આશંકાએ લોથ ઢળી

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ પડધરી ખાતે અલગ અલગ બે હત્યાના બનાવ સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. પડધરીના નાની અમરેલી ગામે અનૈતિક સંબંધ મામલે મૂળ એમપીના શ્રમિક યુવાનની કુહાડીના ઘા ઝીંકી હત્યા નીપજાવી દેવામાં આવી હતી જયારે સરપદડ - ખીરસરા રોડ પર જમાઈના હાથે પ્રૌઢ સસરાની ક્રૂર હત્યાનો બનાવ બન્યો હતો. હત્યાની બંને ઘટનામાં હત્યારાઓને પોલીસે હાથવેંતમાં રાખી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હત્યાના પ્રથમ બનાવની વિગત પર નજર કરવામાં આવે તો મૂળ મધ્યપ્રદેશ જિલ્લાના ખરગાઓના વતની અને હાલ પડધરીના નાની અમરેલી ગામે ઘનશ્યામભાઈ સામતભાઈ વરુની વાડીએ રહી ખેત મજૂરી કરતા ગુમાનભાઈ ચંદ્રસીંગ મુજાબડા નામનો ૩૫ વર્ષીય શ્રમિક પરમદિવસે બપોર બાદ ઘનશ્યામભાઈ વરુની વાડીની બાજુમાં આવેલ ઝુંપડામાં હાજર હતો. ત્યારે નાની અમરેલી ગામે જ રહેતા મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના વતની બહાદુર માનસિંગ ભીલ(ઉ.વ.૪૫) સાથે બોલાચાલી થઈ હતી. બાદ ઝગડો ઉગ્ર બનતા આરોપીએ ધારદાર કુહાડીના ઘા માથાના ભાગે ઝીંકી દેવાતા ગુમાનસીંગનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

બનાવને પગલે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બીજી બાજુ પડધરી પોલીસે આકસ્મિક મોત નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર મૃતકને આરોપીની પત્ની સાથે અનૈતિક સંબંધ હોય તે બાબતના ઝગડામાં જ ક્રૂરતાપૂર્વક હત્યા નીપજાવી દેવામાં આવી હતી. જેથી પડધરી પોલીસે હત્યાનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. હાલ હત્યારો પડધરી પોલીસના હાથવેંતમાં હોવાનું જાણવા મળ્યું છે.

જયારે હત્યાનો બીજો બનાવ પડધરીના સરપદડ-ખીરસરા રોડ પર સુવા ગામ નજીકથી સામે આવ્યો છે. ગઈકાલે સુવા ગામ નજીકથી એક અજાણ્યા પુરુષનો ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જે બાબતે પોલીસને જાણ થતાં મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. દરમિયાન પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરતા મૃતદેહની ઓળખ મૂળ મધ્યપ્રદેશના વતની હિંમતસિંહ ડામોર(ઉ.વ.૫૪ હાલ રહે. ખીરસરા જીઆઈડીસી) તરીકે થવા પામી હતી. જેથી પોલીસે પરિજનોને જાણ કરી તપાસના શરૂ કરતા મૃતકને તેના જમાઈ ગણપત અજનાર સાથે અવાર નવાર ઝગડા થતાં હોવાનું સામે આવ્યું હતું.

## સરપદડ - ખીરસરા રોડ પર જમાઈએ લોખંડના સળિયા વડે મરણતોલ માર મારતા ૫૫ વર્ષીય સસરાનું મોત

### હત્યાના બંને બનાવમાં હત્યારાઓ પોલીસના હાથવેંતમાં: પડધરી પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર મૃતક હિંમતસિંહ ડામોર હજુ બે દિવસ પૂર્વે જ તેમના વતનમાંથી મજૂરી અર્થે ખીરસરા જીઆઈડીસી મુકામે આવ્યા હતા. સસરા અને જમાઈને અગાઉ કોઈક બાબતે ઝગડો થયો હતો તેનો ખાર રાખી જમાઈ ખીરસરા જીઆઈડીસી નજીમ ધસી ગયો હતો અને સસરા પર લોખંડના સળિયા વડે તૂટી પડ્યો હતો અને મરણતોલ માર મારી મોતને ઘાટ ઉતારી નાસી ગયો હતો. જેથી પોલીસે હત્યારા જમાઈને સકંજામાં લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# આજે ૧૮ જિલ્લામાં ઓરેન્જ - યલો એલર્ટ: ૮૯ તાલુકામાં ‘મેઘકૃપા’

## ભારે વરસાદની આગાહીના કારણે એનડીઆરએફ અને એસડીઆરએફની ૩૨ ટીમો તૈનાત: ૨ સ્ટેન્ડ બાય

**અબતક, રાજકોટ**

રાજયના અલગ અલગ ૧૮ જિલ્લાઓમાં આજે ઓરેન્જ - યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આવતીકાલથી સોમવાર સુધી રાજયભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૮૯ તાલુકાઓમાં વરસાદ પડયો હતો.

આજે મહિસાગર, દાહોદ, નવસારી, વલસાડ, પંચમહાલ, છોટાઉદેપુર, વડોદરા, બનાસકાંઠા, અરવલ્લી, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, ડાંગ અને અરવલ્લી સહિત ૧૮ જિલ્લામાં ઓરેન્જ તથા યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સવારથી ૪૨ તાલુકાઓમાં હળવા ઝાપટાથી ત્રણ ઈંચ સુધી વરસાદ વરસી ગયો છે. રાજયમાં ૩૪.૭૪ ટકા વરસાદ પડી ગયો છે. કચ્છમાં ૩૨.૯૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૨૫.૮૪ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતને ૩૬.૪૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૫.૨૪ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૩૭.૯૧ ટકા વરસાદ પડયો છે.

રાજયમાં આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. જેના કારણે રાજયભરમાં એનડીઆરએફ અને એસડીઆરએફના ૩૨ ટીમો તૈનાત કરવામાં આવી છે. જયારે ૨ ટીમો સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર સ્થિત ખાતે રાહત કમિશનર આલોકકુમાર પાંડેના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે સંબંધિત વિભાગોની તૈયારી અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. રાહત કમિશનરએ રાજ્યમાં સંભવિત તમામ પરિસ્થિતિને પહોંચી વળવા વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં હવામાન વિભાગના અધિકારીએ રાજ્યમાં વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ વરસી રહ્યો છે. આગામી સપ્તાહમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની સંભાવના છે. આ સંદર્ભે સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચા કરી સંભવિત જોખમો સામે એલર્ટ રહેવા તેમણે જણાવ્યું હતું.

એનડીઆરએફ અધિકારીએ આ બેઠકમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ભારે વરસાદની કોઈપણ

(અનુ. આઠમા પાને)

### ભાદર સહિત ૧૦ જળાશયોની સપાટી વધી

#### ૩૪ ફૂટે ઓવરફલો થતા ભાદર ડેમની સપાટી ૨૩.૩૦ ફૂટે પહોંચી

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં મંગળવારે મેઘ વિરામ જેવો માહોલ રહ્યો હતો. છતા છલકાતા નદી નાળાનાં કારણે જળાશયોમાં નવા નીરની આવક સતત ચાલુ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભાદર સહિત ૧૦ જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમના સુત્રોના જણાવ્યાનુસાર આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજકોટ જિલ્લાના ભાદર ડેમમાં નવુ ૦.૨૦ ફૂટ પાણી આવ્યું હતુ. ૩૪ ફૂટે ઓવરફલો થતા ભાદર ડેમની સપાટી ૨૩.૩૦ ફૂટે પહોચી જવા પામી છે. ડેમમાં ૨૭૦૫ એમસીએફટી પાણી સંગ્રહિત છે. આ ઉપરાંત આજી ૩ ડેમમાં ૦.૫૨ ફૂટ અને ભાદર ૨ ડેમમાં ૦.૪૯ ફૂટ નવા નીરની આવક થવા પામી છે. આજી-૨ ડેમનો એક દરવાજો ન્યારી-૨ ડેમના બે દરવાજા અને ભાદર-૨ ડેમનો એક દરવાજો ખૂલ્લો છે.

રાજકોટ જિલ્લાના ૨૭ ડેમમાં ૪૨.૫૯ ફૂટ પાણી સંગ્રહિત છે. મોરબી જિલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૦.૧૬ ફૂટ, મચ્છુ-૨ ડેમમાં ૦.૨૬ ફૂટ પાણીની આવક થવા પામી છે. બ્રાહ્મણી અને મચ્છુ-૩ ડેમનો એક દરવાજો ખૂલ્યો છે. જિલ્લાના ૧૦ ડેમમાં ૪૫.૩૨ ટકા પાણી સંગ્રહિત છે.

જામનગર જિલ્લાના ફુલઝર (કોબા)માં ૦.૫૨ ફૂટ, અને ઉમીયા સાગર ડેમમાં ૦.૬૬ ફૂટ પાણીની આવક થવા પામી છે. જિલ્લાના૨૧ ડેમમાં ૩૪.૪૦ ફૂટ ટકા પાણી સંગ્રહિત છે. સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ભોગાવો ૨ (ધોળી ધજા)માં ૦.૨૦ ફૂટ, ત્રિવેણી ઠાંગામાં ૦.૧૬ ફૂટ પાણીની આવક થઈ છે. સુરેન્દ્રનગર જિલ્લાના ૧૧ ડેમમાં ૭૫.૧૭ ટકા પાણી સંગ્રહિત છે. વાંસલ ડેમ ૦.૦૧ મીટરે ઓવરફલો થઈ રહ્યો છે. પોરબંદર જિલ્લાના સોરઠી ડેમમાં નવુ ૧.૦૨ ફૂટ પાણી આવ્યુ છે.

## આવતીકાલથી સોમવાર સુધી રાજયભરમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી


Saurashtra's Biggest Startup Summit

RKUNIVERSITY

SAURASHTRA StartUp Summit 2.0
July 17 & 18, 2025

A dynamic two-day summit for visionary leaders, pioneering startups, industry experts, investors, students, and changemakers to connect, contribute, and accelerate growth in Saurashtra's thriving startup ecosystem.

Events & Activities: Spotlight Talks | Panel Discussion | Startup Success Stories | Investor Connect | Startup Pavilion | Masterclass | Workshop

MeitY Startup Hub

Scan for Registration
Early Bird Registration Ends on July 6, 2025 (Fees 500 Rs.)
Standard Registration: July 7 to July 14, 2025 (Fees 1000 Rs.)

For more details, contact:
+91 93289 03508 | cfe@rku.ac.in
or visit: www.rku.ac.in/events/sss25

Venue:
RK University Main Campus,
Rajkot, Gujarat

KSPCFE | RKU Digital India StartUp SSIP